સંસ્થાપક • રવિશંકર રાવળ

કુમાર

વર્ષ ૩૩ • અંક ૫ • મે • ૧૯૫૬

અંક ૩૮૯ • તંત્રી : બચુભાઈ રાવત



જેની તાત્ત્વિક અને સાંસ્કૃતિક અસર સમસ્ત દક્ષિણ-પૂર્વ-મધ્ય એશિયાને આવરીને પડેલી છે તે, જગતના મહાધર્મો પૈકીના પ્રાચીનતમ બૌદ્ધ ધર્મના પ્રવર્તક અને માનવજાતિના કલ્યાણ તથા સમુત્થાન અર્થે પ્રેમ, કરુણા અને અહિંસાના સૌપ્રથમ પ્રબોધક ભગવાન બુદ્ધની અઢી હજારમી જયંતી આ મહીને સર્વત્ર ઊજવાય છે. સારનાથમાંથી મળેલી પાંચમી સદીની આ ઉપરની એમની ગુણોજ્જ્વલ મૂર્તિ નવી દિલ્હીના રાષ્ટ્રીય સંગ્રહાલયમાં છે.

વગડાનું સૌંદર્ય
ચિત્રકાર: હિંમતલાલ શાહ



સૌંદર્ય તો સાગર અને વનરાજિ, ગિરિગહ્વર અને સરવર-સરિતા, ઉષા-સન્ધ્યા અને ચાંદનીમાં જ હોય, અને નિર્જન વગડામાં કે બળબળતા મધ્યાહ્નમાં સૌંદર્ય ન હોય એવું કશું નથી. સૌંદર્ય વસ્તુગત નથી, ભાવનાગત છે. સાચી રસદૃષ્ટિ થૂવરના કાંટાળા હાથલામાં યે કમળ અને ગુલાબ જેટલું જ સૌંદર્ય માણી શકે છે. એ ભાવનાથી આ ચિત્ર જોનાર પણ એના કલાકારના જેટલી જ ઉત્કટતાથી ભાલના વેરાન પ્રદેશમાં પથરાએલા તડકા અને એમાં કુસુમાન્વિત થએલા કરીરનું સૌંદર્ય પી શકશે. ફૂલો માત્ર વસંત-શરદ કે વર્ષાહેમંતમાં જ નથી ખીલતાં; કેટલાંક પુષ્પો લબલબતા ઉનાળામાં જ પાંગરે છે અને વર્ષાના છાંટા પડતાં વિલાઈ જાય છે એ નિસર્ગના અભિનવ રમણા કેટલાએ માણી છે? વૈશાખના સુવર્ણરંગી તડકામાં અને વગડાના સૂના વિસ્તારમાં એ રમણાનો ઉપભોગ કરતી તન્વી શ્યામા અને અજંપ ફૂલચકલીઓ અહીં વ્યાપેલી મધ્યાહ્નની મધુરપને શગ ચડાવે છે.

કુમાર
મે ૧૯૫૬
અંક ૩૮૯

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : બાર આના



અહીં પ્રગટ થતા દરેક પત્ર તથા ચિત્ર માટે એક ત્રિરંગી ચિત્ર ભેટ મોકલાશે.

સ્ત્રીઓના જીવનનો એક મહત્ત્વનો પ્રસંગ-'ઋતુસમાપ્તિ' લેખના અંતમાં પુરુષો માટે પણ શુક્રગ્રંથિ સત્ત્વ-દવારૂપે લેવા લખ્યું છે. તે માટે તપાસ કરી, પણ કોઈ ઠેકાણે મળતી નથી તેમ તે નામથી કોઈ પરિચિત પણ નથી.
(સૂરત) —જડાવ

[શુક્રગ્રંથિસત્ત્વને અંગ્રેજી વૈદકમાં ટેસ્ટિક્યુલર હૉર્મોના Testicular Hormone, કહે છે. વિદેશી દવા બનાવનાર કંપનીઓએ જુદાંજુદાં નામે એ રજૂ કરી છે. સીબા કંપનીનું 'પેરાન્ડ્રેન' ઈન્જેકશન રૂપમાં છે. ગોળીના રૂપમાં એનું નામ પેરાન્ડ્રેન લિન્ગવેટ છે. એને ચાવવાની કે ગળવાની નથી; ચૂસવાથી મોઢાની ગરમીમાં ઓગળી આંતરત્વચામાં શોષાઈ લોહીની નળીઓમાં પ્રવેશે છે. આ દવાઓ આપમેળે નહિ પણ દાક્તરની સલાહ અનુસાર જ વાપરવી જોઈએ. —ડૉ.શિવપ્રસાદ]

માર્ચ અંકમાંનો 'ગણિતગમ્મત'નો ભાઇ રસિક એસ. શાહ તરફથી અપાએલો ઉકેલ સમજાતો નથી. તે પ્રમાણે જો ૨૦ રૂપિયાના પાંચ ભાગ પાડી, મોટો ભાઇ તેનો ભાગ લઈ સૂઈ જાય તો $\frac{૨૦}{૫}$=૪; ૨૦-૪=૧૬ એટલે બીજો ભાઈ ઊઠે ત્યારે ૧૬ રહ્યા હોય. ઉકેલમાં કહ્યા પ્રમાણે તેના 'પાંચ' ભાગ પાડવામાં આવે તો $\frac{૧૬}{૫}$=૩$\frac{૧}{૫}$ રૂ. તેને ભાગે આવે, જેથી પહેલા ભાઇને આવ્યા તેના કરતાં બીજાને ઓછા આવે. આ પ્રમાણે દરેકને સરખા ન આવે.

હવે જો ૨૦ રૂ. લઈ મોટો ભાઈ સરખા ભાગ કરી, પોતાનો ભાગ લઈ સૂઈ જાય, પછી બીજો ભાઈ 'બાકી રહેલા'ના '૪ સરખા ભાગ' કરે ને પોતાનો ભાગ લે, તે પછી '૩ સરખા ભાગ' ને ત્યાર પછી '૨ સરખા ભાગ', આ પ્રમાણે કરે તો જ દરેકને સરખી રકમ મળે.
(ઉપલેટા) —મનુભાઈ આ. વૈષ્ણવ

૩૮૮ અંકમાં પ્રસંગવિશેષમાં ઈસુનું બલિદાન તા. ૩ માર્ચનું લખ્યું છે પણ ઈસુનું બલિદાન તા. ૩ એપ્રિલના રોજ અપાએલું.
(લાખાપાદર) —વિનોદચંદ્ર જાયસવાલ
[આ ભૂલ માટે અમે ખરેખર દુ:ખી છીએ.]

ડિસેંબર '૫૫ અંકમાં મારી ગણિતગમ્મત વિષે કનુ રા. ડાભીએ જે શંકા ઉઠાવી છે તે સત્ય છે, પરંતુ તેની સાબિતી માટે કોઇ ગણિતીય આધાર નથી. ગણિતના કેટલાક કોયડાઓની ચાવીઓ હોતી નથી, એટલે એવા કોયડાઓ 'trial & error'ની રીતથી ઉકેલવામાં આવે છે. આપે છાપેલી ગણિતગમ્મતમાં પાછળ જે વાક્ય છે કે 'તમે આવા ગુણાકારો શોધી શકશો?' તે મેં લખ્યાનું યાદ નથી; કદાચ તે વાક્ય કાર્યાલયે જ ઉમેરેલું છે.* ૧ થી ૯ સુધીના અંકો વાપરીને આવા વધુ ગુણાકારો શોધવાનો અવકાશ નથી, પરંતુ ૦ થી ૯ સુધીના અંકો વાપરીને આવા ગુણાકારો શોધવાનું કાર્ય 'કુમાર'ના વાચકોને ખરે જ રસપ્રદ થઇ પડશે. કોઈ પણ એક અંકવાળી સંખ્યા ચાર અંકવાળી યોગ્ય સંખ્યા વડે અને બે અંકવાળી, ત્રણ અંકવાળી યોગ્ય સંખ્યા વડે ગુણવાથી આવી સંખ્યા શોધી શકાશે.
(રાજકોટ) —નૌતમ વખારિયા
[* લેખકનું જ છે, કાર્યાલયે ઉમેર્યું નથી.]

૩૮૮મા અંકમાં શ્રી 'સુકાની' 'ગુજરાત અને મલક્કા-જાવા'માં શોણીય શબ્દ માટે લખે છે કે આજે પણ એ શબ્દનું અંગ્રેજી રૂપાંતર ચુલિયા (અથવા કાકા) બર્મામાં તમીળ મુસલમાન પરચૂરણ વેપારીઓ માટે વપરાય છે. આમાં થોડી ભૂલ છે. મારી સમજ પ્રમાણે ચુલિયા શબ્દ માત્ર તમીળ મુસલમાનો માટે, જ્યારે કાકા શબ્દ મલબારી મુસલમાનો (મોપલા) માટે વપરાય છે.

કદાચ સંબોધવામાં ચુલિયાઓને પણ કાકા કહેતા હોય, પણ વર્ગ તરીકે 'કાકા' એટલે મલબારી મુસલમાનો જ. એ નોંધપાત્ર છે કે એ બધા શબ્દો એ વર્ગના છે કે જે વર્ગમાં બંગાળીને 'બાબુ', ગુજરાતી તથા મારવાડી માટે 'શેઠ', તમીળ હિંદુ-ખાસ કરી ચેટિયારો માટે, 'ઐયા' ઉત્તર પ્રદેશ ને બિહારના લોકો માટે 'ભૈયા' ને કોટ, પાટલૂન, ટાઈ પહેરતી કોમો દા.ત. ઍંગ્લો-ઇન્ડિયન, ખ્રિસ્તી વગેરે માટે 'સાહેબ' શબ્દોનો સમાવેશ થાય છે.
(મુંબાઈ) —ઇન્દુલાલ દેસાઈ
[શ્રી ઈન્દુલાલનું કથન વાસ્તવિક છે, પરન્તુ તંજાવુર, તિરૂશિરસ્પલ્લી અને રામનાદમાં વસી ગએલા મોપલાના સાદૃશ્યથી ચુલિયાઓ પણ 'કાકા' કહેવાઈ ગયાના થોડાક દાખલા ડેલ્ટેઈક બરમામાં મેં જોયા છે. —'સુકાની']

વિષયનું બાહુલ્ય ને છણાવટની સર્વોચ્ચ ભૂમિકાની દૃષ્ટિએ 'કુમાર'નું મૂલ્યાંકન ઘણું ઊંચું થઈ શકે; છતાં રાજકારણનો વિભાગ ચાલુ કરવામાં આવે તો એનું મૂલ્યાંકન વધે. આમ કરવાથી 'કુમાર'ને આર્થિક સંકડામણ ઊભી થાય, છતાં જો એ વિભાગ માટે 'કુમાર'નાં પાનાં વધારવામાં આવે તો 'કુમાર'ની કિંમત જરૂર વધારી શકાય. 'કુમાર'ને સાચા અર્થમાં સમજનાર એ કિંમત જરૂર વધાવી લેશે. અધિકારી લેખકોની સહાયથી આ વિભાગ શરૂ કરાય તો અનેક પરદેશવાસીઓને લાભ થાય.
(વુલ્વરહૅમ્પ્ટન-ઇંગ્લંડ) —રામુભાઈ પટેલ

એપ્રિલ અંકમાં જણાવ્યું છે કે ઇસબગોલની ઊંચાઇ આઠ ફૂટ હોય છે તે ખોટું છે. તેની ઊંચાઇ વધુમાં વધુ ૧૨ ઇંચ હોય છે, ને સામાન્ય ૮ ઇંચ હોય છે.
(ચુંવાળ, ડાંગરવા) —પુરુષોત્તમ અમીન

આવતી કાલના નાગરિકોનું 'કુમાર' ગઇકાલના નાગરિકોના 'સાંકળિયું' શબ્દનો પ્રયોગ કરે તે શું અયોગ્ય નથી લાગતું?

છેલ્લા સર્વ-રસ-સમૃદ્ધ પાન પર દરેક અંકે કોઇ પણ દેશની એકેક મહાનવ્યક્તિના હસ્તાક્ષર-ઑટોગ્રાફ આપો તો છેલ્લું પાન અતિ રસસમૃદ્ધ તથા વધુ લોકપ્રિય બને, કારણકે હસ્તાક્ષર-ઑટોગ્રાફના રસિયાઓની સંખ્યા ટિકિટ-સંગ્રાહકો કરતાં ઓછી તો ન ગણાય.
(જેતપુર) —કિશોર જોશી

માર્ચના માધુકરીમાં ગણિતગમ્મતનો ઉકેલ બરોબર નથી. તેના બદલે આ પ્રમાણે હોવું જોઇએ. 'પાંચ ભાઇ પાસે અમુક રૂપિયા છે. રાત્રે મોટો ભાઈ ઊઠી તેના પાંચ સરખા ભાગ પાડી પોતાનો ભાગ, ને ભાગ પાડતાં વધેલા રૂપિયા લઈ સૂઈ ગયો. થોડી વારે બીજા ભાઇએ ઊઠી પાંચ સરખા ભાગ પાડ્યા, ને પોતાનો ભાગ ને ભાગ પાડતાં વધેલા રૂપિયા લઈ સૂઇ ગયો. ત્રીજા ને ચોથાએ પણ તેમ કર્યું. પરંતુ પાંચમાએ જે બાકી રહ્યા તે લઈ લીધા; આમ છતાં દરેકને સરખા રૂપિયા આવ્યા, તો તે રકમ કઇ? મોટો ભાઈ પાંચ ભાગ પાડશે એટલે (૫×૪) તેને ભાગે ૪ રૂપિયા આવશે; શેષ કંઈ વધશે નહિ. હવે ૧૬ રૂપિયા રહ્યા તેના ભાગ બીજો ભાઈ પાડશે એટલે દરેક ભાગ ૩ રૂપિયાનો થશે અને એક રૂપિયો વધશે એટલે તેને ભાગે ત્રણ ને એક વધેલો, એમ ૪ રૂપિયા આવશે; પછી ૧૨ રૂપિયા રહેશે એટલે દરેક ભાગ ૨ રૂપિયાનો પડશે ને બે શેષ વધશે, એટલે બન્ને મળી ચાર થશે. આમ દરેકને ચાર રૂપિયા આવશે.
(પાટણ) —ભરતકુમાર ચોકસી

તાપ

· ગાન ·

વંડી વચાળ ખીલ્યો ખાખરો!
એ જી પડખે ઝૂકેલી પેલી ચારુ ચમેલીથી
તાપ શેં એ જાય ઝીલ્યો આકરો?!...વંડી૦

ચૈતર તે માસના બળતા બપોર ને વસમા કૈં રેલે રે ધૂપ,
વસમાં એથી એવાં કામણ રેલાવતું રઢિયાળું રાતું આ રૂપ;
(કે) અંગઅંગ અણદીઠી ઊઠી છે આગ તો ય કાયા તરસે રે લોલુપ!
એ જી પાતળી પદ્મણીનું દલકું દઝાડી ગિયો
કેસરભીનો તે કોઇ ઠાકરો!...વંડી૦

એમ રેઉચાટમાં રૂપાળી રાત ઢળી, કેમ તો ય શમે કહો લ્હાય?
અંગઅંગ ઝંખનાની ઝાળો જગાડતું રૂપ જયહીં માથે રેલાય!
ભીતર ને બ્હાર બધે આવડો રે તાપ, ત્યહીં કેમ કરી પોઢ્યું પોઢાય?!
એ જી કુમળી તે કાય મહીં રાતી ભરી ઝાંય
માણે અંજવાળી રેણનો ઉજાગરો!...વંડી૦

પ્રદ્યુમ્ન તન્ના

પાંપણ છે કે પાંખો

· ગાન ·

નીલ બિલોરી આંખો,
ચંચલ ભમતી સ્થલ સ્થલ, એને પાંપણ છે કે પાંખો?!
આમ મીંચાયે પાંપણ તો જે કહેવાતા પલકારા,
એ જ અગોચર ઉડ્ડયને થઈ બેઠા મસ્ત ઇશારા,
એને વેગ તણાતું રે કોઇ હૈયું ઝાલી રાખો.
એક નજર એ નીચી, એ પર કૈંક નયનનાં બાણ,
કો સહભાગી જેને મળશે નજરોનું સંધાણ,
કોનાં ખૂલશે ભાગ્ય, અહીં તો અજમાવે છે લાખો!

હરીન્દ્ર દવે

નથી સંભારવા જેવું

· ગઝલ ·

થઇ શકતું નથી અનહદ પ્રયત્ને પણ થવા જેવું,
અને અણચિંતવ્યું થઈ જાય છે જે ના થવા જેવું.

વિજય છે તો ય લાગે છે હૃદયને હારવા જેવું,
સફળતા કેમ ફાવી, એ નથી સંભારવા જેવું!

હતું જે ગુલબદન મર્મરમહીં કંડારવા જેવું,
અરેરે, એ જ આજે થૈ ગયું દફનાવવા જેવું!

મહત્તા મૌનની ઓછી નથી સંસારમાં, તો પણ
નથી ફાવટ વિના હથિયાર એ અજમાવવા જેવું.

ખબર તો છે તને, કે આ જીવન સર્વસ્વ તારું છે,
છતાં વર્તન કરે છે કેમ આવું યાચવા જેવું?

અમારી જિંદગીનો સાર છે, તો એટલો છે, કે
નથી કૈં જીતવા જેવું, નથી કૈં હારવા જેવું!!

'વિશ્વરથ'

મિલનહોરી

· મિશ્ર ·

તેં હાસ્યનો વેરી દીધો ગુલાલ ને
રંગાઇ મારું ગયું હૈયું ફાંકડું!
મને કશો ફક્કડ રંગ ના મળ્યો
તે કાવ્યની કૈંક ઉડાડી છાલકો
તને દીધી ભીંજવી! એટલેથી
પૂરી થઇ હોરી નહીં મિલાપની.
અને વળી તેં વિજયા શું પ્રીતિની—
—હૈયા વિષે સજ્જડ ઘૂંટી ઘૂંટી
એ પ્યાલીમાં ચક્ષુની રેડી રેડી
ચઢાવીને—પાઈ દીધી ચકાચક!
ચઢ્યો નશો માદક જામી રાત
ને જામી રે આપણ રંગલીલા!
છલી ઊઠી ભંગ—ઉમંગ—રંગની
છોળો—કશાં ઈજન, છેડછાડ કૈં!—
ત્યાં પ્રાણની માધુરીથી છલોછલ
થઈ, ભીંજાવી ભીંજી અંગઅંગે
છેડાઇને છેડી રહ્યાં પરસ્પર!

હેમન્ત દેસાઇ

ઓછામાં ઓછું*

· વસંતતિલકા ·

હોજો તમામ ઘર ઈંટચણેલ પાકાં:
વાડો પૂંઠે, ઉપર છાપરું, બે'ક ખંડો,
હોજો તમામ સુવિધા ગૃહનામયોગ્ય,
પામંત લાભ સુધરાઈની સરહદોના.
હો સર્વને બદલવા, ઘર પ્હેરવા યે
જોડી બીજી વસનની ઋતુઓ પ્રમાણે,
ચોખ્ખી, અછિદ્ર, થીંગડાંહીન, દેહઢંક.
બે વેળ ભોજન મળો પૂરતું બધાંને,
થોડું વધુ ય નીરવા સમું ગાય-શ્વાને,
ક્યારેક તો અતિથિ નોતરવા ય જોગ.
ના કામરોટી વણ રહો કદી શક્તિશાળી,
ના શક્ત બાહુ કદી હો વળી કામચોર.
સંપૂર્ણ શ્રાન્ત તનને મળી રહો પ્રદોષે
વાળુ, વિરામ, કુનબો, ઊંઘ ઘસઘસાટ.

ઉશનસ્

*દેશના આ નવનિર્માણકાળે વાંછેલી 'ભૌતિક સમૃદ્ધિ'ની સૉનેટમાળાનું છેલ્લું કાવ્ય.

ચિહ્ન

· પરંપરિત હરિગીત ·

ચક્ષુથી નીરખ્યા પદાર્થોની પરે
ના દૃષ્ટિનું કૈં ચિહ્ન જેવું યે રહે—
એવું જ તો આ વિશ્વમાંહે આપણું
છે આવવું—ચાલ્યું જવું.

પ્રિયકાન્ત મણિયાર

જે આદરણીય સંતપુરુષને સૌ 'નાથજી' તરીકે ઓળખે છે એમને જોતાં જ કોઈ પ્રાચીન યોગીની શાંત ને તેજસ્વી મૂર્તિ આંખ સામે ખડી થએલી લાગે. એમનો ખડતલ દેહ, તેજસ્વી ને વિશાલ ભાલ, કરુણાર્દ્ર આંખો, કૈંક આજ્ઞાકર પરંતુ સ્નેહનીતરતા ઓષ્ઠ, પ્રભાવશાળી દેખાવ અને માનવ્યભરી પ્રેમાળ પવિત્ર વાણી ગમે તેને પ્રથમ દર્શને જ પ્રભાવિત અને પોતાનાં કરે એવાં છે. મેં સાંભળેલા તેમના પહેલા વ્યાખ્યાનનું ધ્રુવપદ હતું: 'પ્રેમ આપો, સેવા કરો ને શ્રદ્ધા રાખો.' આ જ ધ્રુવપદ જાણે એમની જીવનવીણાનો મુખ્ય સૂર છે. કરુણાભાવે લોકોની સેવા કરવામાં માનવજીવનની મુક્તિ સમજનાર આ કર્મયોગીનું જીવન સામાન્ય માનવથી માંડીને સાધક સુધીના પ્રત્યેક વર્ગને પ્રેરણા આપે તેવું વિવેકભર્યું, અનુભવશુદ્ધ આધ્યાત્મિક અખતરાઓથી ઉન્મુખ, આત્મનિષ્ઠ અને સતત વહેતા જલપ્રવાહ જેવું તાજું છે.

૭૩ વર્ષના શ્રી કેદારનાથજીનો જન્મ ઈ. ૧૮૮૩માં મુંબાઈ પાસે કુલાબા જિલ્લાના પાલી ગામમાં એક મધ્યમ સ્થિતિવાળા કુટુંબમાં થયો હતો. એમની નવ વર્ષની વયે એમનાં માતાનું અવસાન થયું ત્યારથી તેમના પિતાએ જ સૌ ભાંડુઓને ઉછેર્યાં. ૧૮૯૩ થી '૯૭ સુધી પૂનામાં પ્રાથમિક શિક્ષણ લઇ શિરપુર અને ધૂળિયાની શાળાઓમાં તેમણે માધ્યમિક શિક્ષણ લીધું. તેર–ચૌદ વર્ષની વયે તેઓ શિરપુર આવ્યા ત્યારથી જ તેમને સ્પષ્ટપણે લાગવા માંડેલું કે દેશ સ્વતંત્ર તો થવો જ જોઇએ, અને ચાલુ શિક્ષણથી દેશને સ્વતંત્ર કરી શકાશે નહિ જ. આવી ખાતરીપૂર્વકની સમજ આવ્યા પછી તેમને માટે શિક્ષણ લેવું અસહ્ય થઇ પડ્યું. પરિણામે અંગ્રેજી પાંચમા ધોરણથી, લગભગ સત્તર વર્ષની વયે, ગઈ સદીના અંતમાં એમણે શાળાનું ભણતર સદાને માટે છોડયું. તે વેળા કોઈ રાષ્ટ્રીય પ્રવૃત્તિ દેશમાં ચાલુ નહોતી. વર્તમાનપત્રો કે ભાષણોનો પણ તે કાળ નહોતો. ઇતિહાસનું વાચન, દેશ અને પૂર્વજો વિષેનું અભિમાન, સ્વતંત્રતાનો સ્પષ્ટ ખ્યાલ અને આગ્રહ તથા ચાલુ શિક્ષણની નિરર્થકતા જેવાં કારણોને લીધે જ તેમણે શિક્ષણ છોડવાનો સંકલ્પ કર્યો હોવો જોઇએ. આજે જીવનની પોણી સદી પછી યે તેમનામાં અપૂર્વ સંકલ્પશક્તિ છે. વિવેકપૂર્વક જીવનની સાધના કરવામાં, સમય આવ્યે અમુક સંકલ્પ ને વ્રત લેવાં જ જોઇએ અને તદનુસાર આચરણ કરવું જ જોઇએ એવો બોધ એમના જીવનમાંથી ત્યારથી નીતરતો આવ્યો છે.

શાળા છોડયા બાદ એમણે રાષ્ટ્રીય પ્રવૃત્તિ શરૂ કરી. એક બળવાન સેના ઊભી કરી, અંગ્રેજ સરકારને લડાઈ આપી દેશને સ્વતંત્ર કરવાની મહત્ત્વાકાંક્ષાનાં બી ત્યારે મૂળિયાં લેવા લાગ્યાં. વ્યાયામશાળાઓ દ્વારા જુવાનોમાં શરીરબળ અને ચારિત્ર્યબળ કેળવવા તેમણે રાત દિવસ પોતાની એ રાષ્ટ્રીય પ્રવૃત્તિ ચાલુ રાખી. સમર્થ રામદાસ સ્વામી અને શિવાજી મહારાજને આદર્શ તરીકે રાખી ઘડેલા એમના રાષ્ટ્રીય વિચારોનું વલણ મૂળથી જ સત્ત્વશુદ્ધ હતું. ઈશ્વર, ધર્મ, નીતિ, ચારિત્ર્ય, શીલ અને સદાચાર ઉપર તેમને પહેલેથી જ આસ્થા હતી. પોતાના સુખ માટે તેમને રુચિ નહોતી, સેવા માટે હતી. 'દાસબોધ', 'મનાચે શ્લોક' અને સંત તુકારામના અભંગોએ એમના મન ઉપર ઊંડી અસર કરી હતી અને એમના પિતા આ સંસ્કારોને વિવેકપૂર્વક પોષણ આપતા હતા. ગૌતમ બુદ્ધના ગૃહત્યાગે એમના મન ઉપર ન ભૂંસાય તેવી છાપ પાડી હતી. શંકરાચાર્ય, જ્ઞાનેશ્વર અને રામદાસ જેવી ત્યાગી અને તત્ત્વવિચારક વિભૂતિઓનાં ચરિત્રોની પુષ્કળ અસર નીચે તેઓ નાનપણથી જ આવેલા અને એવી જ બીજી અસર શસ્ત્રવિદ્યામાં પારંગત એવા, એમના પિતાશ્રીના એક મિત્રના ઉપદેશની તેમના ઉપર થઈ હતી એમ તેઓ જણાવે છે. તેને પરિણામે, વ્યાયામથી શરીર કસવું પણ તે બીજાંની સેવાને અર્થે એવો આગ્રહ તેમના ગળે તરત ઊતરી ગયો; સાથેસાથે દ્રવ્ય અને સ્ત્રીનો મોહ છોડવાની ગંભીરતા પણ તેમના હૃદયમાં વસી ગઈ, ત્યાગ તથા સાદાઇને એમણે જીવનસૂત્ર બનાવ્યું, અને આજીવન બ્રહ્મચારી રહેવાનો નિરધાર કર્યો.

પરિશ્રમને દેવ માનનારા કેદારનાથજીએ સાહસિક કાર્યો કરવાના અને સેનાપતિ થવાના આવશ્યક ગુણો તરુણવયથી જ કેળવ્યા હતા. પ્રકૃતિએ તેઓ ક્ષત્રિય હતા. સાથીઓ ઉપર કાબૂ રાખવો, કડક શિસ્ત પળાવવી, પોતાની યોજનાઓ વિષે જ્યાંત્યાં વાત ન કરવી, ઉત્તર આપવામાં જરૂરી લાગે તેટલું જ કહેવું, કોઈથી અંજાવું નહિ ને સૌને અનુશાસનમાં રાખતાં કોઈથી બીવું નહિ વગેરે ગુણો તેમણે કેળવ્યા. તેમનામાં આત્મશ્રદ્ધા એટલી બધી હતી કે તેમનાથી વધુ ભણેલા ને મોટા સજ્જનો પણ તેમની વાત માનતા અને તેમનામાં શ્રદ્ધા રોપતા.

ચારેક વર્ષ રાષ્ટ્રીય કાર્ય કર્યા બાદ ઈ. ૧૯૦૪માં આત્મજ્ઞાન મેળવવા તેમણે ઘર છોડયું. ને સાધુવેશે ચાલી નીકળ્યા. એમના જેવા માનસઘડતરવાળાને ઘર છોડવાનું દુ:ખ તો શાનું જ હોય? આરામ, ભોગ, આનંદ, સગવડ વગેરેથી તો તેઓ વિરક્ત બની ગયા હતા, પણ પોતાના જવાથી પિતાની સેવા નહિ થઈ શકે અને એમને બહુ દુ:ખ થશે એ કલ્પનાએ એમને ત્યારે બહુ વ્યાકુળ બનાવ્યા. એ વ્યાકુળ મનોદશામાં જ એમણે ઉઘાડે પગે દોઢસો માઈલનો પ્રવાસ કર્યો અને સજ્જનગઢ પહોંચ્યા, જ્યાં સમર્થ રામદાસની સમાધિ હતી. તેનાં દર્શન કરી તે આગળ ચાલી નીકળ્યા, પણ એવામાં એક ઘનિષ્ઠ મિત્ર બહુ બીમાર હોવાની ખબર પડી એટલે તે ફરી ઘેર ગયા. ત્યાં પિતાને પોતાના મનનું વલણ સમજાવી શાતા આપી, મિત્ર સાજો થયો, અને તેમણે ફરી રાષ્ટ્રીય પ્રવૃત્તિ શરૂ કરી તથા ઘરની ખેતીનું કામ હાથમાં લીધું. પિતાશ્રીને તે તીર્થરૂપ માનતા અને તેમની સેવા કરવાની ઉત્કટ ભાવના તેમનામાં હતી. સેવાની આ ઉત્કટ તમન્ના તેમના આખા જીવનમાં વ્યાપી ગએલી આજે પણ દેખાય છે. માંદાની સુશ્રૂષા, સગાંઓના મંદવાડ તથા મરણથી વિપત્તિમાં સપડાએલાં કુટુંબીજનોની ફિકર અને તેમને માટે પરિશ્રમ, તથા લોકસેવા દ્વારા વ્યવહારશુદ્ધિની પ્રવૃત્તિ એ આજ લગી તેમના જીવનનો મહત્ત્વનો વ્યવસાય રહ્યો છે. મા પણ ન કરી શકે તેવી પ્રેમાળ ને કાળજીભરી ચાકરી તેઓ કરે છે, જેનો જોટો માત્ર સાને ગુરુજીમાં જોવા મળે. સાને ગુરુજી આજીવન નૈષ્ઠિક બ્રહ્મચારી, સાહિત્યકાર, લોકસેવક ને ઉત્કૃષ્ટ શુશ્રૂષક હતા. પોતાના આશ્રમમાં પ્રેમભાવે કુષ્ઠરોગીની ચાકરી કરતા ગાંધીજી પણ આના અનુસંધાનમાં યાદ આવે. સંસારનાં દુ:ખનું જે દર્શન ભગવાન બુદ્ધ જેવા અનેક શ્રેયાર્થીને સંસારનો ત્યાગ કરવાની પ્રેરણા આપનારું થઈ પડયું તે જ દર્શને કેદારનાથજીમાં કરુણાભાવે લોકોની સેવા કરવાની પ્રેરણા રેડી.

બંગભંગની ચળવળનો એ જમાનો હતો. દેશના નવજુવાનો બૉંબની હિંસક પ્રવૃત્તિને વર્યા હતા. ઈ. ૧૮૯૮માં દામોદર ચાફેકરને ફાંસીની સજા ફરમાવવામાં આવેલી, ને એ જ રીતે ૧૯૦૯માં સાવરકરને જન્મકેદની અને ૧૯૧૦માં નાસિક કાવતરા કેસમાં ૩૮માંથી ૨૮ને જુદી જુદી સજા થઈ. મહારાષ્ટ્રના ચિતપાવનોનું સ્થાપિત રાજ્ય ૧૯મી સદીમાં બ્રિટિશોએ ઉથલાવી પાડેલું તેથી સ્વાતંત્ર્ય મેળવવાની ઇચ્છા મહારાષ્ટ્રમાં વધુ ઉત્કટ હતી, એટલે ગમે તે ભોગે હિંદને સ્વતંત્ર કરવા અને અંગ્રેજોનો નાશ કરવા ત્યાંના યુવાનો થનગની રહ્યા હતા.

નાથજીએ સ્વાતંત્ર્ય મેળવવાની તમન્નાથી પહેલાં શિક્ષણ છોડયું, ઉગ્ર રાષ્ટ્રોદ્રેકના એ દસકામાં ધન અને સ્ત્રીનો મોહ છોડયો, અંતે ઘર

કર્મયોગી સંત કેદારનાથજી

છોડયું; અને ફરી પાછા આવી રાષ્ટ્રીય પ્રવૃત્તિ પણ ચાલુ કરી. (સ્વદેશી વ્રત તો તેમણે લીધું જ હતું, ને બીજા ઘણા તરુણો પાસે પણ તે લેવડાવેલું.) પરંતુ બૉંબની હિંસક પ્રવૃત્તિમાં તે સામેલ ન થઈ શકયા કે એમનું જીવનઘડતર કૈંક જુદી જ રીતે સત્ત્વના પાયા પર થયું હતું.

પણ ૧૯૦૯-૧૦ પછી દેશનું ક્ષુબ્ધ વાતાવરણ પાતળું પડવા લાગ્યું, દેશસેવાના કાર્યમાં સર્વત્ર શિથિલતા આવી અને નેતાઓનો ઉત્સાહ ઓસરવા લાગ્યો. આ વાતાવરણમાં ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાની તાલાવેલી નાથજીમાં જાગી અને તેમણે ફરી વાર ઘર છોડયું. ઉપવાસ, પારાયણ, અનુષ્ઠાન, ચિંતન, ધ્યાન વગેરે સાધનો દ્વારા એકાંતમાં આરાધના તો ચાલુ હતી જ. ૧૯૧૦ સુધી તેઓ ખાનદેશ અને સતારા જિલ્લામાં, તો કયારેક ભાજેની ગુફામાં રહ્યા; પણ ત્યાં તેમને જોઇતી નિરુપાધિકતા ન મળતાં ૧૯૧૧માં તેઓ હૃષીકેશ તરફ ચાલ્યા ગયા અને એકાંતમાં રહેવા લાગ્યા. ત્યાં આસનો, પ્રાણાયામ અને ઉપર્યુક્ત સાધનો દ્વારા તેમની આરાધના વધુ એકાગ્ર બની. માનસિક શક્તિ વધવા લાગી. ઈશ્વરનો આદેશ, તેનું દર્શન, તેનો સાક્ષાત્કાર એ બધું ગૌણ બની જઈ ઈશ્વરનું 'જ્ઞાન' મેળવવું એ જ સાધ્ય ઉપર તેઓ આવ્યા. કોઈ પણ એક અનુભવમાં તલ્લીન થઇને કેવળ તેમાં જ ગરકાવ ન રહેતાં માણસે જુદાજુદા અનુભવોથી સમૃદ્ધ થઈ જ્ઞાનને વધારતા રહેવાનું છે, અને પરિણામે મહાજ્ઞાની થઇને આજની જાગૃતિમાંથી મહાજાગૃતિમાં જવાનું છે એ વિવેકદષ્ટિ તેમને ત્યારે સાંપડી.

જોકે એમનો એ હેતુ સિદ્ધ ન થયો, પણ મનુષ્ય કદી ઈશ્વર થઈ શકતો નથી એ માનવમર્યાદા ધ્યાનમાં રાખી તેઓ અનુભવે સમજ્યા કે સાધકની બધી ભૂમિકાઓ અને અનુભવો પ્રાપ્ત કરતાં જે માનસિક તે શારીરિક સદ્‌ગુણો સાધકને મળે છે તેનો પ્રામાણિકતાથી બધાનાં હિત માટે ઉપયોગ કરવામાં જ જીવનની કૃતાર્થતા છે. વૈરાગ્યના ખોટા-ખોટા પ્રકારો; તેનાં જુદાંજુદાં કારણો; ભ્રમ, દંભ તેમજ સાધુવૈરાગીઓના અખાડા, તે બધા વિશેનું તેમનું અભિમાન, તેમના ઠાઠ, તેમના આડંબર, તેમનાં વ્યસનો અને તેનાં કારણો વગેરેની માહિતી તેમને તે કાળમાં થઈ. હિમાલય અને ઉત્તર હિંદમાં ગાળેલાં આઠેક વર્ષની આ આધ્યાત્મિક મજલ ખેડયા બાદ તેમને સ્પષ્ટપણે સમજાયું કે સંસારની કરુણાભાવે સેવા કરવી એ જ મુક્તિનો સાચો માર્ગ છે. આ જ તેમનું ધ્યેય છે, અને આ જ ધ્યેય તેઓ પ્રજા સામે મૂકે છે: 'તમારી સદ્વૃત્તિઓનો ઉપયોગ બીજાનાં દુઃખો ઓછાં કરવામાં કરો.'

હિમાલયથી પાછા આવ્યા બાદ એમણે સ્વતંત્ર રીતે જાતમહેનતનું કામ શીખી લઈ તે ઉપર પોતાની આજીવિકા રળવાનો સંકલ્પ કર્યો. તેથી વણાટ, સીવણકામ અને સુથારી જેવા ઉદ્યોગ તેમણે શીખવા માંડયા. એક વર્ષ લગી આ શિક્ષણ ચાલુ રહ્યું, પરંતુ તે લાંબું ન ચાલ્યું. કારણ સ્પષ્ટ છે. એમનું જીવન બહુ વ્યાપક બની ગયું હતું. આધ્યાત્મિક ચિંતન ને સાધનામાં તેમણે અનેક વર્ષો ગાળેલાં હોઈ લોકો આધ્યાત્મિક માર્ગદર્શન માટે તેમની પાસે જિજ્ઞાસાભાવે અને શ્રદ્ધાપૂર્વક આવતા ગયા. અવારનવાર વધી પડતો ખરજવાનો ઉપદ્રવ, વચ્ચે વચ્ચે પ્રવાસ, જાહેર પ્રવૃત્તિઓ, હાથે જ રાંધવું તથા કપડાં ધોવાં વગેરેમાં જતો વખત, શુશ્રૂષા અને માંદાની ચિંતાઓ, સામયિકોમાં આપવાં પડતાં લખાણો, અનેક મળવા આવનારાઓને આપવો પડતો વખત વગેરે કારણોને લીધે તેઓ સંકલ્પ મુજબ સંપૂર્ણપણે-પરિશ્રમપ્રધાન જીવન જીવી શકયા નહિ તેનું દુઃખ હજી યે તેમને સાલે છે. સમયના



વહેણની સાથે તેમની શારીરિક શક્તિ પણ ઓછી થાય એ કુદરતી છે. પરિણામે, આજે તેઓ પથારીવશ હોવા છતાં લોકશિક્ષણ અને વ્યવહારશુદ્ધિની પ્રવૃત્તિ કરી રહ્યા છે. હાલ તેઓ મુંબાઈમાં રહે છે. દર રવિવારે તેમને ઘેર વ્યાખ્યાન થાય છે. માનવો વચ્ચેનો વ્યવહાર શુદ્ધ બને એ ધ્યેયની સિદ્ધિ અર્થે તેઓ તેમનું શેષ જીવન ગાળી રહ્યા છે.

કાકાસાહેબ કાલેલકરના તેઓ મિત્ર છે. સ્વ. કિશોરલાલભાઈ જ્યારે આશ્રમમાં રહેતા હતા ત્યારથી તેમને નાથજીનો પરિચય થયો હતો, જે વિકસિત થતો થતો ૩૦ વર્ષ લગી રહ્યો, અને તેના ફળરૂપે જ 'જીવનશોધન', તથા 'સંસાર અને ધર્મ' જેવાં પુસ્તકો ગુજરાતની પ્રજાને કિશોરલાલભાઈ પાસેથી મળ્યાં. નાથજીને તેઓ ગુરુ માનતા.

ગાંધીજીના આશ્રમના ઘણા લોકો તેમની મુલાકાત લેતા. કેટલાક તો તેમના શિષ્ય પણ બનેલા. પરંતુ તેમણે કદી પોતાનો સંપ્રદાય સ્થાપવાની કલ્પના નહોતી કરી, તેમજ ગાંધીજીના શિષ્યોને ગાંધીજીની પ્રવૃત્તિથી વિમુખ કરવાનો વિચાર સરખો પણ નહોતો સેવ્યો. તેઓ ગાંધીજીથી એક સ્વતંત્ર વ્યક્તિ હતા. અને કેટલીક બાબતોમાં ગાંધીજીથી મતભેદ પણ ધરાવતા, છતાં બંનેના અંતિમ આશયો સરખા જ ઉચ્ચ અને મહાન હોવાથી દરેક વ્યક્તિના ઉપર પડતું નાથજીના સમાગમનું પરિણામ ગાંધીજીના કાર્યને મદદરૂપ થતું. બંનેને પરસ્પર પ્રેમ અને માન હતાં.

નાથજીને તેમના વિચારો દ્વારા સમજવા દરેક જિજ્ઞાસુએ તેમનાં ત્રણ પુસ્તકો વાંચવાં જોઇએ: 'વિવેક અને સાધના', 'સુસંવાદ' અને 'વિચારદર્શન'. આજના સંધિકાળના જમાનામાં સંતસમાગમ દરેક શ્રેયાર્થીને માટે શકય નથી. વિવેકપૂર્વક સત્સાહિત્યના વાચન દ્વારા જીવનનો વિકાસ કરવાનો માર્ગ દરેકે ખેડવો જોઇએ. આ ત્રણે પુસ્તકો આ માર્ગે જનારાઓને મર્યાદિત ભાથું પૂરું પાડે છે.

(સંકલિત)

—શશિકાન્ત ચં. કડકિયા

(મે ૧૯૫૯) ૨૭૦

જેનાથી એ ડરતો હતો તે એ નહોતી,
છતાં એનાથી જ એ ડર્યો હતો તે—

રમેશ શાહને લુડવિગ ટી એસ્ટેટ પર મૅનેજર તરીકે આવ્યે એક અઠવાડિયું થઈ ગયું હતું. એસ્ટેટ બહુ મોટી હતી અને ચા-કૉફીના બગીચાઓમાં લગભગ ૩૦૦ મજૂરો કામ કરતાં હતાં. દિવસભર કામ રહેતું અને સાંજ નમતાં જિંદગી સુમસામ થઈ જતી. એસ્ટેટના છૂટાછવાયા બંગલાઓની બહાર ઠંડા પડછાયા સૂઈ જતા અને અંદર સફાઈદાર ખાનસામાઓ ટેબલો સજાવવામાં લાગી જતા. શનિવારે સાંજે એસ્ટેટની વસ્તી આઠ માઈલ દૂર કુનૂરમાં ઠલવાતી—મજૂરો રવિવાર સવારની બજારમાં ખરીદી માટે આવતાં, ને 'સાહેબો' શનિ-રવિની રાતે ટેમ્પલબારમાં નાચવા. કંપનીની જીપો સોમવારની સવારે એસ્ટેટ પર પાછી ફરતી,—શિકારીનો કૂતરો તરફડતી ચિડિયા મોઢામાં પકડીને દોડતો પાછો આવે એમ.

એસ્ટેટ પર રમેશની પહેલી મુલાકાત થઈ હતી ડૉક્ટર શર્મા સાથે. ડૉ. શર્મા લુડવિગ એસ્ટેટનો જૂનો ડૉક્ટર હતો. રમેશના બંગલાથી બે ફર્લાંગ દૂર જ તેનો બંગલો હતો. બે દિવસ પર રમેશે લંચ વખતે ખાનસામાને પૂછ્યું હતું, 'જ્યૉર્જ, આ ડૉ. શર્માએ શાદી કરી નથી?' 'જ્યૉર્જે જવાબ આપ્યો હતો, 'સા'બ, ડૉક્ટર સા'બની પહેલી ઓરત દસ સાલ પર મરી ગઈ હતી એમ મજૂરો કહે છે. મને અહીં આવ્યે હજી છ-સાત વર્ષ થયાં છે. હું તો ત્યારથી જ ડૉક્ટરને એકલા જોઉં છું.' અને ખાનસામા જ્યૉર્જ કંઈક છુપાવતો હોય તેમ ચૂપ થઈ ગયો હતો.

રમેશે બારી બહાર નજર નાખી. સાંકડી સડક પરથી એકાદ જીપ ઝડપથી આવતી અને માથે પોટલાં મૂકેલાં મજૂરો કિનારે ખસી જતાં. જીપ ધૂળનો એક ગુબ્બારો ઉડાવતી પસાર થઈ જતી. દૂરદૂર રખેવાળના ઝૂંપડા તરફથી એના કૂતરાના ભસવાનો અવાજ થોડીથોડી વારે આવતો હતો. આથમતા પડછાયાઓમાં સામેના લીલા ટેકરાઓ ઝડપથી ડૂબી રહ્યા હતા. આજે રમેશે નિરધાર કર્યો હતો એ રહસ્યમય વસ્તુને સમજવાનો, જે છેલ્લા છ દિવસથી એનું ધ્યાન ખેંચતી હતી.

સાંજ ઢળી ગઈ. ડૉક્ટરના બંગલા તરફથી રેડિયોનો ત્રૂટક અવાજ આવી રહ્યો હતો. રમેશે ભોજન પૂરું કરી લીધું અને ટૉર્ચ જલાવી જોઈ. કબાટ ખોલીને 'સિક્સ શૂટર' બહાર કાઢી—અને પાછળ જોઈ લીધું! દરવાજો બંધ હતો. રમેશને હસવું આવ્યું, પોતાની બુઝદિલી પર. પાસે ગોળીઓનું બૉક્સ પડ્યું હતું. ટ્રિગર ચેક થઈ, સેફ્ટી કૅચ પર આંગળીઓ ફરી ગઈ અને પિસ્તોલ લોડ થઈ. રમેશે ઘડિયાળ તરફ જોયું. હજી પંદર મિનિટની વાર હતી. એણે અગાશી તરફ પગ ઉપાડ્યા.

ઉપર અગાશીમાં જ રહસ્ય છુપાએલું હતું. મિનિટો ખસવા માંડી. ૮-૪૦...૪૧...૪૨. સામે બધું બરાબર હતું. ઉપર કાટ ખાઈ ગએલી લોખંડની રેઇલિંગ સહેજ ધ્રૂજી હોય એવું રમેશે અનુભવ્યું ને ટીપાં પડતાં હોય એવો અવાજ થવા માંડ્યો: ટપ...ટપ...ટપ...રમેશ અગાશી પર ગયો અને તેની ટૉર્ચનો પ્રકાશ અગાશીના ભીના અંધકારમાં ફરી વળ્યો. આસપાસમાં કોઈ જ ન હતું. પાંચેક મિનિટ ટીપાંનો આ અવાજ આવતો રહ્યો ને પછી એકાએક અટકી ગયો. રમેશને કંઈ જ ન સમજાયું. છેલ્લા છ દિવસથી આ અવાજ નિયમિત સમયે આવતો અને પાંચ મિનિટ પછી અટકી જતો. આજે પણ એ અવાજ આવ્યો હતો—રમેશની આંખો સામે, અને એ જ રીતે અદૃશ્ય થઈ ગયો હતો...

સવારે નાસ્તા વખતે રમેશે કહ્યું, 'જ્યૉર્જ, હું અહીં આવ્યો ત્યારથી એક ચીજ જોઈ રહ્યો છું. છતમાંથી રોજ રાત્રે ટીપાં પડતાં હોય એવો અવાજ આવ્યા કરે છે. શરૂમાં મને લાગ્યું હતું કે ઉપર ટાંકીમાંથી પાણી ટપકતું હશે. કાલે મેં ઉપર જઇને તપાસ કરી પણ કંઈ જણાયું નહિ. અવાજ આવે છે પણ કારણ સમજાતું નથી-તને કંઈ ખબર છે?'

જ્યૉર્જનો કાળો ચહેરો સીસમની મૂર્તિની જેમ જડ થઈ ગયો. થોડી વારે એ બોલ્યો, 'મને ખબર નથી.'

રમેશે ચાનો ઘૂંટ લેતાં પૂછ્યું, 'અહીં જૂનામાં જૂનો માણસ કોણ છે?'

'એસ્ટેટનો રખેવાળ. જ્યારે આ એસ્ટેટ અંગ્રેજોના હાથમાં હતી ત્યારે એનો બાપ અહીં રખેવાળી કરતો. એની પૂરી જિંદગી અહીં ગુજરી છે.'

'કોણ રામસિંહ?' 'હા.'

'અચ્છા, તું એને આજે કહી આવજે કે સાંજે મને મળી જાય.'

જ્યૉર્જ માથું હલાવીને રસોઈઘરમાં ચાલ્યો ગયો.

રમેશ મોડી સાંજે પાછો ફર્યો ત્યારે બહાર ચારપાઈ પર બેઠાબેઠા જ્યૉર્જ અને રામસિંહ વાતો કરી રહ્યા હતા. મૅનેજર સાહેબને જોતાં જ રામસિંહે ઊભા થઇને સલામ ભરી. રમેશ પાછળ આવવાનો ઇશારો કરીને ઉપર ચાલ્યો ગયો. રામસિંહ ઉપર આવીને જાજમ પર બેઠો. રમેશે સોલો હૅટ ટેબલ પર મૂકતાં કહ્યું, 'રામસિંહ, મેં તમને એક કામ માટે બોલાવ્યા છે.'

'જ્યૉર્જે મને વાત કરી છે, હુઝૂર.' રામસિંહે કહ્યું.

'હું તમને પૂછવા માગું છું કે આ ટીપાં મારા આવ્યા પછી જ પડવા માંડ્યાં કે પહેલાં પણ પડતાં હતાં?'

રામસિંહે કહેવા માંડ્યું, 'એની પાછળ એક કહાની છે, મૅનેજર સા'બ. છેલ્લાં દસ સાલથી છતમાંથી રોજ રાતે ટીપાં પડવાનો અવાજ સંભળાયા કરે છે...' રમેશના હાથમાં દિવાસળી સ્થિર થઈ ગઈ! હોઠ વચ્ચેની સિગારેટ હાથમાં લઇને એ રામસિંહ તરફ જોઈ રહ્યો.

'વાત એમ છે, કે આપણી એસ્ટેટના ડૉક્ટર શર્મા બારેક વર્ષ પર અહીં પહેલવહેલા યૂ. પી.થી આવ્યા હતા. એ વખતે સાથે એમની ખૂબસૂરત ઓરત હતી, અને એ લોકો આ જ બંગલામાં રહેતાં. ડૉક્ટરની ઓરતનું નામ હતું આશાદેવી અને એમને કંઈ બચ્ચાં ન હતાં. ડૉક્ટર દિવસભર ડિસ્પેન્સરીમાં રહેતા અને રાત્રે અહીં આવતા. આશાદેવી આખો દિવસ અહીં રહેતી. બેએક વર્ષ એ લોકો અહીં રહ્યાં હશે. પછી એક રાતે એમને સખત ઝગડો થઈ ગયો. શા માટે એ ખબર નથી. કોઈ કહે છે, આશાદેવીએ અહીં કંઈક ભૂત જેવું જોયું હતું અને ત્યારથી એ પાગલ જેવી થઈ ગઈ હતી. કોઈક એમ કહે છે કે ડૉક્ટર કુનૂરની કોઈ છોકરી સાથે પ્રેમમાં હતા. ગમે તે હોય, પણ પછી એમની જિંદગીમાં રોજ ઝગડો થતો. થોડા દિવસ એમ ચાલ્યું.

એક દિવસ વહેલા પરોઢિયે ડૉક્ટર ઘેર પાછા ફર્યા ત્યારે આશાદેવી દેખાઇ નહિ, પણ કમરામાં લોહી પડેલું દેખાયું. બધે તપાસ કરી તો છેવટે ઉપર અગાશીની સીડીમાં ફસાઇ ગએલી આશાદેવીની લાશ મળી આવી. એની છાતીમાં છરો લાગેલો હતો અને નીચે લોહી વહીને એક ખાબોચિયું જામી ગયું હતું. અહીં વરસાદ વધારે હોવાથી અને બંગલો જૂનો હોવાથી પાટિયાની સીલિંગ કમઝોર થઈ ગઈ છે અને ચોમાસામાં પાણી ચૂએ છે. પાટિયાની તરાડોમાંથી લોહી પાંચેક મિનિટ સુધી આ કમરામાં ટપક્યું હતું અને પછી જામી ગયું હતું.

એક ઓર વાત છે, મૅનેજર સા'બ. રાતના અગાશીની ઉપરની બારી ખુલ્લી નથી રહેતી. એ રાતે એ ખુલ્લી હતી. લાશનું માથું નીચે હતું, પગ ઉપર હતા. માથું સીડીની લોખંડની જાળીમાં ફસાઈ ગયું હતું. ડાબો પગ ઉપરનાં પગથિયાં પર લટકતો હતો. અહીં જંગલમાં આસપાસ ખૂબ ગીધ હોય છે. રાતભર લાશ એ જ હાલતમાં પડી રહી હશે. લાશનો ડાબો પગ કોઈ ગીધે ચૂંથ્યો હોય એવું લાગતું હતું. મેં લાલ માંસ બહાર લટકતું જોયું હતું. મોતનું કારણ હજી સમજાયું નથી.

ડૉક્ટરની પત્ની

લેખક · ચન્દ્રકાન્ત બક્ષી



કદાચ આશાદેવીએ ખુદે પાગલપણામાં આપઘાત કર્યો હોય, કદાચ કોઈ ઉપરથી આવીને મારી ગયું હોય. મને હજી એ સમજાયું નથી. એ રાતે હું જ આ તરફ ચોકી કરતો હતો. મેં ન તો અવાજ સાંભળ્યો છે, ન કોઈ માણસને જોયો છે. કુનૂરથી બડા ડૉક્ટર આવ્યા અને એમણે કહ્યું કે રાતે સાડા આઠે લગભગ આ ઔરતનો જાન ગયો છે.

પછી કાનૂની કારવાઈ થઈ, કૉરોનરે તલાશી કરી, કંઈ વળ્યું નહિ. એ દિવસથી ડૉક્ટર આ બંગલો છોડી ગયા અને બે ફર્લાંગ દૂર રહેવા ચાલ્યા ગયા. પણ ત્યાર બાદ રોજ રાતે બરાબર એ જ ટાઇમે ટીપાં પડવાનો અવાજ સંભળાયા કરે છે.'

રામસિંહે પૂરું કર્યું. પાછળથી જ્યૉર્જે પ્રવેશ કર્યો, 'સાબ, ડીનર...'

'આજે મારી ઇચ્છા નથી.' રમેશે કહ્યું.

જ્યૉર્જના ગયા પછી રમેશે પૂછ્યું, 'અચ્છા રામસિંહ, એ કિસ્સો બની ગયા બાદ તમે અહીં કંઈ ભૂત જેવું જોયું છે?'

'નહિ હુઝૂર!'

'અહીં બીજા કોઈના જોવામાં આવ્યું નથી?'

'દિનરાત અમે અહીં જ રહીએ છીએ. જ્યૉર્જ અહીં જ હોય છે. પણ અત્યાર સુધી કોઈએ કંઇ જોવાની વાત કરી નથી.'

બન્ને ચૂપ થઇ ગયા. રમેશે દીવાલ તરફ જોયું. દીવાલ પર 'ફૉક્સ હન્ટ' પર જઈ રહેલા લૉરેન્સ લુડવિગનું વિશાળ તૈલચિત્ર ચમકી રહ્યું હતું. સામે કોતરેલા પાયાવાળા એક જૂના ટેબલ ઉપર 'હૉરૅસ'ની આરસની પ્રતિમા ઊભી હતી. ઘડિયાળમાં સાડા આઠ થઈ ગયા હતા. રમેશે કહ્યું, 'રામસિંહ, તમે જઇ શકો છો.'

રામસિંહનો ખાખી સાફો દરવાજાની પાછળ અદૃશ્ય થઈ ગયો. રમેશે ઊભા થઇને દરવાજો બંધ કર્યો. ભૂતપ્રેતની ઝાંખી કલ્પના દૂરથી આવી રહેલા એન્જિનની સર્ચલાઈટની જેમ એના દિમાગમાં સતેજ થઈ ગઇ. ડૉક્ટર સાથેની પહેલી મુલાકાત વખતે જ ડૉક્ટર એને વિચિત્ર લાગ્યો હતો. ડૉક્ટરની પત્નીના અવસાન પછી ડૉક્ટર એકલો જ રહેતો હતો–અહીં એસ્ટેટ પર, પણ એસ્ટેટથી દૂર. રમેશે સિગારેટ સળગાવી. સામેની ખુલ્લી બારીમાંથી ઠંડી હવા આવી રહી હતી. એણે બારી બંધ કરી, અને વિચારો ખૂલી ગયા. આંખો સામેથી ચિત્રો પસાર થવા માંડયાં—ડૉક્ટર, આશાદેવી, જ્યૉર્જ, રામસિંહ...

એકાએક રમેશને અવાજ સંભળાયો: ટપ...ટપ... જાણે ઉપરથી ટીપાં પડી રહ્યાં હતાં. ઘડિયાળમાં બરાબર ૮–૪૨ મિનિટ થઈ હતી. એ જ અવાજ હતો, એ જ–પાગલ આશાદેવીની ખૂબસૂરત, ચૂંથાએલા ડાબા પગવાળી લાશમાંથી ટપકતા લાલ, લાલ ખૂનનો! રમેશ સહેજ ધ્રૂજી ઊઠયો. એને પોતાની કાયરતા પર નફરત આવી. અને તરત જ સામેના કબાટમાંની 'સિક્સ–શૂટર'ના ખયાલે હિંમત પણ આવી.

બારણું ખખડયું હોય એવો રમેશને આભાસ થયો. એણે જઇને દરવાજો ખોલ્યો અને–સામે લાકડાની ઘોડીને ટેકે એક સુંદર સ્ત્રી ઊભી હતી! એણે સફેદ ફ્રૉક પહેર્યું હતું ને એના ડાબા પગ પર પાટા બાંધેલા હતા. એણે એક સ્મિત કરીને પૂછ્યું, 'કેમ છો, મૅનેજર સાહેબ?'

રમેશે હથેળીઓમાં બરફ પકડયો હોય એવી ઠંડક અનુભવી. મહામહેનતે એના ગળામાંથી દબાએલો સ્વર નીકળી શકયો, 'તમે... કોણ?'

સ્ત્રીએ હસતાં જવાબ આપ્યો, 'મારી ઓળખાણ તમને નથી, ખરું ને? હું ડૉ. શર્માની પત્ની છું!'

રમેશને લાગ્યું કે ઉપરથી સીલિંગ ધસી રહી છે અને નીચેથી જમીન ખસી રહી છે! સામે ઊભેલી સ્ત્રીનું હાસ્ય સુકાઇ ગયું. એણે ધીરેથી કહ્યું, 'અચ્છા, જરૂર પડયે મને બોલાવશો. હું અહીં જ રહું છું.' ઘોડી ઉપાડી એણે જવા માંડયું. 'ગભરાશો નહિ, આપણે ફરી મળીશું!'

એક ધડાકા સાથે બારણું બંધ થયું અને બીજી ક્ષણે રમેશ હોશમાં આવ્યો ત્યારે એણે જોયું કે એ સોફામાં બેસી ગયો હતો! ઉપરથી આવતો ટપ... ટપ... અવાજ અટકી ગયો. સિગારેટ ઍશ-ટ્રેમાં નાખીને એણે જોરથી બૂમ મારી: 'જ્યૉર્જ... જ્યૉર્જ... !'

પડઘા પાછા ફર્યા ત્યારે રમેશને યાદ આવ્યું કે એણે ડિનરની ના પાડી હતી એટલે જ્યૉર્જ ચાલ્યો ગયો હશે.

બીજી સવારે ચા પીતાં પીતાં ડૉક્ટર શર્માએ કહ્યું, 'કુનૂરમાં અકસ્માત થયો ત્યારે મને લાગ્યું હતું કે તું હવે જિંદગીભર ચાલી નહિ શકે. 'હનીમૂન'માં જ અકસ્માત થશે એ કલ્પના કયાંથી?' અને શોભા તરફ જોતાં ડૉક્ટરે મજાક કરી, 'મને તો ડર લાગ્યો કે ઈશ્વર બીજી પત્નીને યે મારી નાખશે તો આપણે રખડી પડવાના!'


શોભાનો ફિક્કો ચહેરો લાલ થઇ ગયો, 'તમે પણ કેવા માણસ છો? હું તો હવે ચાલી પણ શકું છું. કહ્યું નહિ, કાલે તમારા મૅનેજર સાહેબને મળી આવી...? તમે કહો છો મૅનેજર મજાના માણસ છે; મને તો બિલકુલ પાગલ જેવા લાગ્યા. જરા યે રીતભાત જાણતા નથી.'

ત્યાં બારણું ખોલીને કોઈ અંદર આવ્યું. ડૉકટરે પૂછ્યું, 'કેમ, જ્યૉર્જ?'

'સા'બ,' જ્યૉર્જે કહ્યું, 'મૅનેજર સા'બ ગાયબ થઇ ગયા છે. હમણાં સવારે ગયો ત્યારે ટેબલ પર આ ચિઠ્ઠી પડી હતી.'

ડૉક્ટરે ચિઠ્ઠી ખોલીને વાંચી: 'સંજોગવશાત્ હું આ એસ્ટેટમાં કામ કરી શકું એમ નથી. હું જઈ રહ્યો છું અને મારી પાછળ તપાસ કરવાની જરૂર નથી. —રમેશ શાહ.'

'મને તો કાલે રાતે જ લાગ્યું હતું કે 'મૅનેજરના માથાનો એક સ્ક્રૂ લૂઝ છે!' ડૉક્ટરની પત્નીએ હસતાં હસતાં કહ્યું.



અમેરિકન શોધક ટૉમસ આલ્વા એડિસન (૧૮૪૭-૧૯૩૧)ની પ્રખર બુદ્ધિશક્તિએ જગત-ને લગભગ ૩૦૦૦ જેટલી શોધોની ભેટ કરી.



તેણે શોધેલા પ્રકાશમાં આપણે જીવીએ છીએ, તેણે શોધેલું ફોનોગ્રાફ સાંભળીએ છીએ, ને તેણે શોધેલી ફિલમનો ચમત્કાર જોઇએ છીએ.



પોતાના વતન ઓહાયોમાંથઇને નવી વસાહતો-ના સાહસે જતાં ગાડાંને જોઇ રહેલો આ કિશોર એક દિવસ વિજ્ઞાનના સાહસો ખેડવાનો હતો.



વિજ્ઞાનની લગની લાગેલા કુમાર એડિસને ઘરના ભૂગર્ભ-કોઠારમાં પ્રયોગો કરવા માંડ્યા. તેની પ્રેરણામૂર્તિ માતાએ તેને ઉત્તેજન દીધું.



બાર વર્ષની વયે તે ટ્રેનમાં છાપાં વેચતા. એકના ડબામાં તેમણે નાનું છાપખાનું ઊભું કર્યું ને ચાલતી ટ્રેને તેમાં છાપું છાપી વેચવા માંડ્યું.




ફાજલ સમયમાં તે ત્યાં પ્રયોગ પણ કરતા. એક વાર તેમાંથી આગ લાગી. આથી ગાર્ડે તેમને એવો તો તમાચો માર્યો કે તે બહેરા થઇ ગયા.



એક વાર એક છૂટા દોડતા ડબ્બા આગળથી તેમણે એક બાળકને બચાવી લીધો. તેના બાપે આભારથી એડિસનને તારનું કામ શીખવ્યું.



પાંચ વર્ષ સુધી અવેજી તારમાસ્તર તરીકે તે ગામેગામ ફર્યા. તેમાં રાત્રે કામ ને દિવસે પ્રયોગ કરીને તેમણે તારવ્યવહારને સંપૂર્ણ બનાવ્યો.



૨૨મે વર્ષે ન્યૂયૉર્ક આવી શેરના ભાવ નોંધતું યંત્ર બનાવ્યું. એ શોધમાંથી જે પૈસા મળ્યા તે વડે તેમણે પોતાની પ્રથમ પ્રયોગશાળા સ્થાપી.



રોજ અઢાર અઢાર કલાકકામ કરીને તેમણે એક અનન્ય વિક્રમ સ્થાપ્યો: ૭ વર્ષ સુધી દર ૭ માસે એમણે એક નવી શોધ કરી!



માત્ર ટૂંકા અંતર સુધી કામ આપતા ટેલિફોનને તેમણે કાર્બનના ટ્રાન્સમીટરથી માનવ અવાજને ધરતીના છેડા સુધી મોકલી દીધો.




એ કાર્ય કરતાં બોલતું યંત્ર બનાવવાનું સૂઝ્યું અને તેના આ વિચારની હાંસી કરતા લોકોને ૧૮૭૮માંપહેલાફોનોગ્રાફથીસ્તબ્ધકરીદીધા.




હવે તે 'વીજળીનો પ્રકાશ' સાધવા મચ્યા. એમાં મુખ્ય કોયડો વીજળીપ્રવાહની કાતિલ ગરમી સહન કરી શકે એવો તાર શોધવાનો હતો.



સેંકડો પ્રયોગોને અંતે ૧૮૭૯ની ૨૧મી ઑક્ટોબરે કાર્બનયુક્ત દોરીના કટકામાંથી સંસ્કૃતિમાં ક્રાન્તિ કરી નાખતો પ્રકાશ નીકળ્યો.




અને પછી તો એમની પ્રયોગશાળામાંથી બહાર પડેલાં ડાયનેમો ને જેનરેટરોએ ખેતરો, કારખાનાં અને નગરોને ઝળહળાવી મૂક્યાં.



૧૮૮૯માં એમણે ચાલતી ફિલ્મને સંપૂર્ણ બનાવી. ને લોકરંજનના એક સૌથી મહત્વના અદ્દભુત સાધનનો ત્યારે પાયો નંખાયો.



ઉપરાંત એડિસનની બીજી નાનીનાની શોધોએ મોટરગાડીઓ ને રેડિયોના ઊગતા ઉદ્યોગોને પણ આગળ ધપાવવામાં ઘણી સહાય કરી.



એડિસનનું જીવન ઊંચે જવાના પ્રત્યેક મનુષ્યના અધિકારને મૂર્ત કરે છે. એમનો સંદેશ છે: 'હિંમતવાન બનો, શ્રદ્ધા રાખો, આગળ વધો.'

ટિકિટસંગ્રહ

આજના એ સંસારવ્યાપી શૉખ કેળવવા વિષેની માહિતી આપતો વિભાગ

આ માસની ૨૪મીએ આવતી ભગવાન બુદ્ધની ૨૫૦૦(અઢી હજાર)મી જયંતિ નિમિત્તે ભારતના ટપાલખાતા તરફથી બહાર પડનારી ટિકિટો માટેની જે આકૃતિઓ થોડા સમય પહેલાં આપી હતી તે, મુદ્રણને અનુરૂપ થોડા ફેરફાર સાથે હાલ નાસિકના સરકારી છાપખાનામાંઅંતિમ રૂપે છપાય છે.તેનાં મોટાં કરેલાં સ્વરૂપ આ સાથે આપ્યાં છે, જેથી તેની આકૃતિઓનો સ્પષ્ટ ખયાલ આવે. એમાંની બે આના વાળી ઊભી ટિકિટ ઘેરા કથ્થાઈ રંગમાં અને ચૌદ આનાવાળી આડી ટિકિટ લાલ રંગમાં છપાશે. બંને ટિકિટોના એકએક તાવમાં ૩૫ ટિકિટો હશે અને તે પાંચ ખૂણિયા તારાના વૉટરમાર્કવાળા કાગળ પર હશે. બંને ઉપર, ભગવાન બુદ્ધને જેની નીચે પરમ જ્ઞાન લાધ્યું તે બોધિવૃક્ષનાં શોભનરૂપી સંજ્ઞાચિત્રો ઉપરાંત ચૌદ આના વાળી ટિકિટ પર મંગલમુદ્રાઓથી મંડિત પૂર્ણ વિકસિત કમલાકૃતિ આપેલી છે. આ પ્રસંગે, અનુરૂપ સંજ્ઞાચિત્રોની છાપવાળાં ખાસ 'ફર્સ્ટ-ડે કવર' તથા પહેલા દિવસના પોસ્ટિંગની રદ્દીકરણની ખાસ છાપ પણ યોજાશે, જે બંને મુંબાઈ, કલકત્તા, મદ્રાસ, ન્યૂદિલ્હી, નાગપુર, સિમલા, લખનૌ, પટણા, શિલૉંગ, કટક, જયપુર, કુર્નૂલ અને હૈદરાબાદની જનરલ પોસ્ટ ઑફિસોની 'ફિલાટેલિક બ્યૂરો'માંથી મળી શકશે.







જાપાનની 'મીઝુસાવા' વેધશાળાને ૫૦ અને 'ટોકિયો'ની વેધશાળાને ૭૫ વર્ષ પૂરાં થયાં નિમિત્તે બહાર પડેલી બે ટિકિટો મથાળે આપી છે; જેમાં પહેલી ઉપર અક્ષાંશની ગણતરી કરવા માટેના દૂરબીનનું ચિત્ર છે અને બીજી પર આકાશી ગ્રહો સાથે ટોકિયોની વેધશાળા બતાવી છે. (જુઓ ઉપરનું ચિત્ર)

વળી પોતાના આંતરરાષ્ટ્રીય તારવ્યવહાર-સંસ્થાના સભ્યપદનાં ૭૫ વર્ષ પૂરાં થયાના સ્મરણમાં તેણે એક ટિકિટ કાઢી છે, (નીચે) જે પર તાર મોકલવાના યંત્રની આકૃતિ છે.

ઑસ્ટ્રેલિયાના પાટનગર વીએનાનું સરકારી નાટચઘર હમણાં દસ વર્ષે ફરી ખુલ્લું મુકા... તે પ્રસંગે એ દેશે ખાસ એ નાટયઘરની છાપવાળી ટિકિટ કાઢી (નીચે છેલ્લે) એ હકીકત, પશ્ચિમના દેશોમાં નાટ્ય પ્રવૃત્તિને કેટલી મહત્ત્વની ગણવામાં આવે છે તેની દ્યોતક છે. ટિકિટસંગ્રહના શૉખનું મહત્ત્વદર્શાવતી ટિકિટો ઑસ્ટ્રિયા અવારનવાર બહાર પાડે છે તેમાં ગયે વર્ષે બહાર પાડેલી ટિકિટ (મથાળે છેલ્લી) પર ટિકિટસંગ્રહનું આલ્બમ જોતા યુવકનું ચિત્ર.


આંતરરાષ્ટ્રીયહવાઈવ્યવહાર-સંસ્થાના સભ્ય તરીકે પોતાને દસ વર્ષ પૂરાં થયાના પ્રસંગે કૅનેડાએ બહાર પાડેલી ટિકિટ નીચે વચ્ચે આપી છે. તેમાં મધ્યે ઊડતું કબૂતર, તેની ઉપર મશાલ અને નીચે મંગલ પલ્લવની આકૃતિઓ છે. અને એના લંબગોળની કિનાર પર અંગ્રેજી તથા ફ્રેન્ચ ભાષામાં'આંતરરાષ્ટ્રીયહવાઇવ્યવહાર-સંસ્થા' લખેલું છે. અંગ્રેજીમાં organization શબ્દમાં 'z'નો ઉપયોગ થાય છે, જ્યારે ફ્રેન્ચ ભાષામાં 's'નો ઉપયોગ થાય છે. તેથી એ શબ્દનો બે વાર ઉપયોગ ન કરવો પડે તે માટે તેને એવી રીતે ગોઠવવામાં આવ્યો છે કે મશાલની જ્વાળામાં 'z અગર s' ઢંકાઈ જાય અને એક જ શબ્દ બંને લખાણ માટે સામાન્ય રહી વંચાય!



(હિંમત સી. શાહના સંગ્રહમાંથી)

ગુજરાતની એક અનન્ય પ્રતિમા

લેખક • કનૈયાલાલ ભા. દવે



સાથેના લેખમાં નિરૂપેલી આ ધાતુપ્રતિમાનું મોટું કરેલું સ્પષ્ટ ચિત્ર આ અંકના પાછલા પૂઠામાં આપ્યું છે.

મુંબાઈમાં કેટલાક કલાપ્રેમી ગૃહસ્થો શૉખથી પ્રાચીન વસ્તુઓનો સંગ્રહ કરે છે. તે પૈકી શ્રી બાબુભાઇ મોદી, જેઓ વ્યવસાયે ઝવેરી છે, તેમનો સંગ્રહ પણ કલારસિક વિદ્વાનોએ જોવા જેવો છે. મુંબાઈમાં પાયધુની ઉપર દયામંદિરમાં, બીજે માળે આવેલી એમની ઑફિસમાં ગોઠવેલા એ સંગ્રહમાંની આ વિશિષ્ટ પ્રતિમા પાટણવાડાના ગામડામાંથી પુરાતત્ત્વ-વસ્તુ-સંશોધક મારા મિત્ર શ્રી અમૃતલાલ પંડિતને મળી આવી હતી.


આ ધાતુપ્રતિમા આશરે એક ફૂટ સમચોરસ પવાસન (મૂર્તિ બેસાડવાના બાજઠ) ઉપર બેઠેલી છે. તેના ચાર ખૂણા ઉપર ચાર કીર્તિમુખ કોતરવામાં આવેલાં છે ને પૂર્વાદિ દરેક દિશામાં બે બે દ્વારપાલોની નાનીનાની મૂર્તિઓ મૂકેલી છે. આ દરેક દ્વારપાળનાં હાથમાં ફળ તથા દંડ આપેલાં છે. પવાસનની મધ્યમાં, એક અષ્ટપત્ર કમલદલ કોતરી, તેની દરેક પાંદડીના મધ્યભાગે સિંહાસનસ્થ એક પુરુષ પ્રતિમા, ને તેની પાછળ સ્ત્રીની મૂર્તિ બેસાડેલી છે. દરેક પુરુષપ્રતિમાને બે હાથ દર્શાવી તેમાં દંડ તથા ફલ આપેલાં છે, જ્યારે તેની પાછળ બેઠેલી દરેક સ્ત્રીના હાથમાં અનુક્રમે વરદ મુદ્રા અને મૃણાલદંડ હોવાનું સૂચવ્યું છે. આમ, દિશાઓમાંના આઠ દ્વારપાળો, અને કમળદળોમાંનાં આ આઠ યુગલો મળી ૧૬ નાની પ્રતિમાઓ દરેક આશરે બે ઇંચની ઊંચાઈની છે. આ કમલપત્રનો મધ્યભાગ સહેજ ઊંચો બનાવી તેનાં દલો (પાંખડીઓ) ઢળતાં બનાવ્યાં છે. શિલ્પના વિવિધ પ્રકારો પૈકી આ પ્રકાર 'કૂર્મપૃષ્ઠ કમલદલ' છે. તેના મધ્ય ભાગે મુખ્ય પ્રતિમા બેઠેલી છે, જે આશરે સાત-આઠ ઇંચ ઊંચી અને ચાર ઇંચ પહોળી છે. તેનો બેસવાનો ભંગ (આસન), જેમ માણસ બાજઠ ઉપર બેસી બે પગ જમીન ઉપર મૂકે છે તે પ્રમાણેનો છે, અને નીચે મૂકેલા તેના બે પગ કોઈક ગોળ વસ્તુ ઉપર ટેકવ્યા છે. આ મુખ્ય પ્રતિમાના શિરોભાગ પાછળ પ્રભામંડળ જેવું સુંદર પરિકર બનાવી, તેમાં પણ બે બાજુ નાની નાની બબ્બે મૂર્તિઓ કોતરેલી છે. આ પરિકરમાંની પ્રતિમાઓને ખૂબ ઘસારો લાગ્યો હોવાથી, તેનાં ઉપકરણો સમજી શકાતાં નથી. પરંતુ એ ચારે પ્રતિમાઓ બદ્ધપદ્માસનસ્થ બેઠેલી હોવાનું સમજાય છે. મુખ્ય પ્રતિમાને માથે ચાલુક્યકાલીન કિરીટ-મુકુટ છે, અને કાનમાં કલામય કુંડળો, ગળામાં લાંબો હાર, વક્ષઃસ્થળમાં શ્રીવત્સનું ચિહ્ન તથા હાથપગમાં અલંકારો છે. પરિકરના શિરોભાગે મુકુટ પર કળશનું સુશોભન છે. આ પ્રતિમાને બે હાથ છે, જે પૈકી એકમાં ફળ ને બીજામાં દંડ છે. વળી પ્રતિમાના પગ પાસે બે બાજુ બે નાનીનાની સ્ત્રીમૂર્તિઓ મૂકેલી છે, જેના બે હાથ પૈકી એકમાં મૃણાલદંડ છે ને બીજો અભયમુદ્રા વ્યક્ત કરતો બતાવ્યો છે.

આ મુખ્ય પ્રતિમાની પાછળ, તેના જેવડા જ કદની એક સ્ત્રીપ્રતિમા છે, જેનો બેસવાનો ભંગ (આસન) પણ મુખ્ય પ્રતિમાના જેવો, માથે સુંદર કેશબંધ, પાછળ પરિકર, વક્ષઃપ્રદેશ સહેજ ઉન્નત, હાથપગ તથા ગળામાં અલંકારો, કાનમાં કર્ણફૂલ, બે હાથ પૈકી એકમાં વરદમુદ્રા અને બીજામાં સુંદર મૃણાલદંડ-બીડેલા કમળવાળો-મૂકેલો છે. ટૂંકમાં આ એક અનન્ય પ્રતિમા છે. તેનું પવાસન આજ સુધી ન જોએલી એવી વિશિષ્ટ કલામય કારીગરીવાળું છે, અને તે ધાતુમાં ઢાળેલી હોવા છતાં તેનું રૂપવિધાન જાણે આરસપહાણમાં ઝીણા ટાંકણા વડે કોતરી બનાવ્યું ન હોય તેવું અપ્રતિમ અને નમૂનેદાર છે.

આ પ્રતિમા કોની ને કયા સંપ્રદાયની હશે તેનો નિર્ણય એકદમ આપી શકાય તેમ નથી. દરેક પ્રતિમાને ઓળખવામાં રૂપવિધાન અને કલાવિન્યાસ એ બે મહત્ત્વનાં સાધનો છે. શાસ્ત્રીય દૃષ્ટિએ જોતાં તથા આમાંની મુખ્ય પ્રતિમા ને તેની પાછળ બેઠેલી સ્ત્રીમૂર્તિનાં ઉપકરણો મોટે ભાગે સૂર્યમૂર્તિને લગતાં છે; જોકે સૂર્યની પાછળ તેની પત્નીને આ રીતે મૂકવાનું વિધાન હજુ સુધી કોઈ પણ ગ્રંથમાંથી મળ્યું નથી. તેવી જ રીતે મુખ્ય પ્રતિમાને ફરતી કમળદલમાં મૂકેલી આઠ યુગલમૂર્તિઓ મૂકવાનો ઉલ્લેખ પણ કોઈ જ ગ્રંથકારે સૂચવ્યો નથી. આથી આ પ્રતિમા કયા સંપ્રદાયના કયા દેવની હશે તે ઊંડી વિચારણા માગી લે છે.

હિંદુ મૂર્તિવિધાનના શાસ્ત્રગ્રંથો અનુસાર આ મૂર્તિ સૂર્યની હોવાનું સમજાય છે. સૂર્યનાં જુદાંજુદાં બાર સ્વરૂપો માટે, 'દેવતામૂર્તિ પ્રકરણ', 'રૂપાવતાર', 'અગ્નિપુરાણ'. કાશ્યપીય શિલ્પ', 'વાસ્તુવિદ્યાદીપાર્ણવ' વગેરે ગ્રંથોમાં ઉલ્લેખો આપ્યા છે. તેમાં બારે સૂર્યનાં વર્ણનો તેના ઉક્ત વિધાન પ્રમાણે જણાવી, કેટલાકને ચાર હાથ જ્યારે મોટા ભાગનાં વર્ણનોમાં સૂર્યને ફક્ત બે હાથ હોવાનું નોંધ્યું છે. 'દેવતામૂર્તિ પ્રકરણ'-માં બારે સૂર્યને ચાર હાથ જણાવી, તેનાં જુદાંજુદાં ઉપકરણોની નોંધ આપી છે, જ્યારે 'અગ્નિપુરાણ', 'કાશ્યપીય શિલ્પ' ને 'વાસ્તુવિદ્યાદીપાર્ણવ'કાર ફક્ત બે હાથ હોવાનું સૂચવી તેમાં મુખ્ય કમલ ને બીજાં ઉપકરણો મૂકવાનું કહે છે. 'વાસ્તુવિદ્યા દીપાર્ણવ'કાર બારે સૂર્યનાં જુદાંજુદાં ઉપકરણો નોંધતાં, દસમા સૂર્ય નામના આદિત્યે જમણા હાથમાં દંડ અને ડાબા હાથમાં ફલ ધારણ કર્યું હોવાનું જણાવે છે. આ ધાતુપ્રતિમાના હાથમાં પણ તે પ્રમાણે દંડ અને ફલ હોવાથી તે સૂર્યની મૂર્તિ હોવાનું સમજાય છે. સૂર્યપત્ની સૂર્યાણીનાં ઉપકરણો પૈકી મૃણાલદંડ એ તેનું મુખ્ય ઉપકરણ છે, જેને સર્વ મૂર્તિશાસ્ત્રકારોએ પ્રમાણિત માન્યું છે. આથી તેની પાછળ બેઠેલી સ્ત્રીપ્રતિમા સૂર્યાણીની લાગે છે. 'રૂપાવતાર' અને 'રૂપમંડન'માં સૂર્યના આઠ દ્વારપાળો છે. તે દરેકના હાથમાં દંડ મુખ્ય છે અને બીજા હાથમાં જુદાંજુદાં આયુધો જણાવ્યાં છે. આ પ્રતિમાના પવાસન ઉપર મૂકેલા બધા દ્વારપાળો હાથમાં દંડ અને ફળ લઈ ઊભેલા છે. આ પણ એક વિશિષ્ટતા તો છે જ.

એકંદરે જોકે આ ધાતુપ્રતિમામાં સૂર્યમૂર્તિનાં ઉક્ત લક્ષણો, ઉપકરણો અને પ્રતિહારો મળતા હોવાના કારણે તે સૂર્યની મૂર્તિ હોવાનું અનુમાન છે, છતાં તેમાંની કેટલીક વિશિષ્ટતાઓ આ માન્યતાને સંદિગ્ધ બનાવવા પ્રેરે છે, જે પૈકી અષ્ટદલ કમલપત્રમાંની આઠ યુગલ-



રત્નાદેવીની મૂર્તિનો આગળનો અને પાછળનો ભાગ

પ્રતિમા મુખ્ય છે. બીજું એ કે હિંદુ મૂર્તિવિધાનમાં પત્નીને ઉત્સંગ-(ખોળા)માં કે બાજુ ઉપર મૂકવાનો ઉલ્લેખ હોય છે, પણ કોઈ ગ્રંથકારે પ્રધાન મૂર્તિની 'પાછળ' તેની પત્નીને બેસાડવાનું સૂચવ્યું નથી. આમાં મુખ્ય લાક્ષણિકતા તો એ છે કે, મુખ્ય પ્રતિમાથી માંડી પરિવારદેવો પર્યંતની દરેક નાનીમોટી મૂર્તિના હાથમાં દંડ અને ફળ એકસરખાં મૂકેલાં છે. આ પણ એક મોટી વિલક્ષણતા આ મૂર્તિમાંથી મળે છે.

જૈન મૂર્તિવિધાનમાં પણ આવી કોઈ મૂર્તિ બનાવવાના ઉલ્લેખો નોંધાયા નથી. બાકી બૌદ્ધ પ્રતિમાવિધાનમાં આવું કોઈ વિધાન સૂચવ્યું હોય તો આ બૌદ્ધ મૂર્તિ હોવાનું સમજી શકાય. હિંદુ મૂર્તિવિધાનના આધારે આ સૂર્યમૂર્તિ હોવાનું માન્યું છે, છતાં તેને પ્રમાણિત રીતે સિદ્ધ કરવા વધુ પ્રમાણો અને પુરાવાઓની અપેક્ષા તો રહે છે જ. પ્રાચ્ય વિદ્યાકલાના આરૂઢ વિદ્વાનો આ પ્રતિમાના યોગ્ય વિધાન માટે પ્રકાશ નાખશે એમ ઇચ્છું છું.

જ્યાંથી આ ધાતુપ્રતિમા મળી આવી છે, તે ગૃહસ્થ પાસેથી આશરે દસ ઇંચ ઊંચાઇની રત્નાદેવીની એક બીજી ધાતુપ્રતિમા પણ મળી છે. તે પણ ઉપર્યુક્ત વિધાનને સમર્થન આપે છે. એ મૂર્તિ ઊભી હોઇ તેના બે હાથ પૈકી એકમાં મૃણાલદંડ અને બીજામાં ફળ છે. મૂર્તિને ફરતું પરિકર છે અને પગ પાસે બે પરિચારિકાઓ ઊભેલી છે. આ પ્રતિમા પાછળ પંદરમા સૈકાનો એક લેખ નીચે પ્રમાણે કોતરેલો છે: संवत् १४२० वर्षे चैत्रसुदी छठ रवौ मासोपवासव्रतिन्या बाइ गाउ इतिनाम्ना देवश्री सांबादित्यस्य देवीश्री रत्नादेवी-पुण्यश्रेयसे कारिता॥ शुभं भवतु॥ આ લેખની ભાષા તદ્દન સરળ સંસ્કૃત હોવા છતાં વ્યાકરણશાસ્ત્રની દૃષ્ટિએ શુદ્ધ તો નથી જ; છતાં તેમાંથી એટલો ભાવાર્થ શોધી શકાય છે કે સં. ૧૪૨૦ના ચૈત્ર સુદ છઠના રોજ માસ ઉપવાસ કરનારી ગાઉ નામની બાઈએ ભગવાન સાંબાદિત્ય પ્રત્યે ભક્તિભાવ બતાવવા રત્નાદેવીની પ્રતિમા કરાવી. આથી આ ધાતુપ્રતિમા સાંબાદિત્યની હોવાનું જણાય છે. જો આ લેખ મુખ્ય ધાતુપ્રતિમામાં હોત તો બીજાં પ્રમાણોની અપેક્ષા રહેત નહિ, પરંતુ આ લેખ તેની સાથેની છૂટી રત્નાદેવીની મૂર્તિ ઉપર હોવાથી શાસ્ત્રીય દૃષ્ટિએ મૂર્તિવિધાન અનુસાર તે સૂર્યની મૂર્તિ હોવાનું માન્યું છે.

કુલપતિ કઝિન્સ

કવિ બર્ન્સના આટલા સુંદર પૂતળા માટે કલાકારને હજી પૈસા પણ ચૂકવી શકાયા નથી એથી મને વ્યથા થઈ. એ વિષે લોકોની કલ્પના કોઈ કવિ ઉશ્કેરી દેશે એવી મેં આશા રાખેલી, પણ કોઈ આગળ ન પડ્યું એટલે બર્ન્સ અને તેની કવિતા વિષે મેં થોડી લીટીઓ લખી નાખી અને બર્ન્સની પ્રતિમા-સમિતિના મંત્રીને મોકલી. બીજે જ દિવસે કોઈ ઊંચો માણસ હાથમાં રેશમી હૅટ લઈ મારા શેઠની ઑફિસે પૂછતો આવ્યો કે 'મિ. કઝિન્સ ક્યાં છે?' મેં મારી ઓળખ આપતાં તે કહે 'જુવાન, તારામાં ખરી પ્રેરણા છે.' ટૂંકામાં મારી એ કવિતા ત્રણે રાજ્યોનાં છાપાંઓમાં એકીસાથે પ્રકટ થઈ, જે દરેક નીચે નોંધ હતી કે પૂતળાનું મૂલ્ય હજી ચૂકવાયું નથી. થોડા જ વખતમાં જોઈતી રકમ ભેગી થઇ ગઈ. સ્કૉટિશ વર્તુલોમાં તો હું 'નવોદિત કવિ' તરીકે સ્વીકારાયો અને મિ. તથા મિસિસ જેમ્સ દીવાર નામના એક સંસ્કારી દંપતીનો અતિથિ પણ બન્યો.

એક વખત પેલી આર્ટ ગૅલેરીમાં મજૂર-સંમેલન ભરાએલું તેમાં લૉર્ડ મેયરના સેક્રેટરી તરીકે હું ઘણા અગ્રણીઓના સંપર્કમાં આવ્યો. તે પૈકી ઉત્તર-ઇંગ્લંડ તથા સ્કૉટલંડનાં છાપાંઓના એક માલિકે મને ગૅલેરીમાંના 'બેન માડીઘન ઉપર મૅક ગિલમોરનો બળવો' નામના એક ચિત્રની સમજણ પૂછી. બેન શબ્દ પરથી મેં અનુમાન કરી ફેંક્યું કે સ્કૉટલંડની કોઈ પરાક્રમી જાતિની ટોળીનો એ પ્રસંગ હશે. એણે કહ્યું કે એ નામની કોઈ જ કોમ સ્કૉટલંડમાં નથી. બીજે દિવસે મેં એ ચિત્રના કલાકારને શોધી કાઢી એ પ્રસંગને લગતું મૂળ પુસ્તક મેળવ્યું તો જણાયું કે ગામની બહાર આવેલી 'કેઇવ હિલ' નામની ટેકરીનું જ નામ બેન માડીઘન હતું અને તેના પર વસતી એક પ્રાચીન જાતિનાં પરાક્રમોની ગાથા એમાં અંકાએલી હતી. પછી તો મેં મારો બધો જૂ ફાજલ સમય એ ૧૪૦૦ ફૂટ ઊંચી ટેકરી પર અને આસપાસ ગાળવા માંડ્યો. મારી કલ્પનાને તેણે એટલી તો સળગાવી મૂકી કે મેં ૪૦૪ લીટીનું કાવ્ય તે પર લખ્યું. એક વર્ષમાં તો મેં એક નાની ચોપડી થાય એટલી બીજી કવિતાઓ પણ લખી નાખી અને મિત્રોએ ફાળો કરી ઈ. ૧૮૯૪માં તેની એક હજાર નકલ છપાવી. એનું નામ હતું Ben Madighan and Other Poems. બેલફાસ્ટના વ્યાપારી નગરમાંથી આધુનિક કવિતા પર બહાર પડેલી પહેલી ચોપડી તરીકે એ સત્કાર પામી. આજે એ કાવ્યો જોઉં છું તો પાપીઓને માટે નર્ક અને ધર્મીઓના ઉદ્ધારના પાદરીઓએ ઠસાવેલા વિચારો એમાં જણાય છે. ત્યાર બાદ ખ્રિસ્તી ધર્મના ઇતિહાસની એક ચોપડી વાંચી તેમાંથી જ્યારે જાણ્યું કે નર્કની કલ્પના તો મધ્યયુગનો બુટ્ટો હતી ત્યારે મનને નિરાંત થઈ.

પછી તો 'વિશ્વના પ્રશ્નો', 'ઈશ્વરનો વિચાર ક્યાંથી આવ્યો?' વગેરેનું વાચન વધ્યું. હક્સ્લીના સિદ્ધાંતોએ મારા મન ઉપર ચોટ કરી. ડાર્વિન, મૅથ્યુ આર્નોલ્ડ વગેરે લેખકોના વિચારોમાં પાંચ વર્ષ મારું જગત ખીલે બંધાયું. મારી કવિતા ઉપરથી 'બેન માડીઘન વિલા', 'બેન માડીઘન કૉલર', 'બેન માડીઘન બ્લૂમ', 'બેન માડીઘન રોડ' એવાં-એવાં નામો મકાનો, કૉલર, સેન્ટ અને રસ્તાઓને અપાવા માંડ્યાં. એકંદરે વતનમાં મારો સત્કાર થયો. છતાં મારી મા તો કહેતી કે 'આ કવિતાથી તારો શો શુક્રવાર વળવાનો?' પણ વેઝ્લીઅન મેથડિસ્ટ પત્રિકામાં મારી 'ગલ્ફ સ્ટ્રીમ' કવિતા છપાઈ તેના ૧૦ શિલિંગ મેં માને આપ્યા ત્યારે એણે કહ્યું કે 'તારી કવિતામાં કંઈક માલ લાગે છે ખરો'

ભારતીય કલા ને સંસ્કૃતિના એ મહાન પુરસ્કર્તાના ઘડતરકાળનાં સંસ્મરણોનો બીજો હપતો
સાહિત્યિક કારકિર્દીનો પ્રારંભ

અમારી 'બેલફાસ્ટ મર્કેન્ટાઈલ ઍકેડેમી'માં કેટલાક વિદ્યાર્થીઓ સાહિત્યરસિક પણ થયા હતા. તેમાંથી એક જણે આવીને ટેબલ પર એક 'Homeward Songs by the Way' નામની ચોપડી મૂકી. ડબ્લિનના કોઈ 'AE' સંજ્ઞાવાળા લેખકે તે લખી હતી. તે પરથી મેં જોયું કે આયર્લંડમાં અમર કવિતા જન્મી ચૂકી હતી. એની પાસે મારી કવિતા ક્ષુલ્લક લાગી. એ અજાણ્યા નામની પાછળથી આવતા અવાજમાં નિગૂઢ વિચારો અને અનુભવ હતાં, સુઘડ પદ્ય હતું. અમારા કવિતાપ્રેમી મંડળમાં અમે આ શુભ સમાચાર ફેલાવી દીધા. તેમાં સ્મિથફીલ્ડ માર્કેટમાં એક હજામ મિત્ર પણ હતો જે ડાન્ટે ગ્રેબ્રીઅલ રોઝેટીની શૈલીથી પદ્યો લખતો. અમે સાહિત્યપ્રેમીઓનું 'Kit kat' નામનું મંડળ રચ્યું. એ નામની એક ક્લબ લંડનમાં અઢીસો વર્ષ પર ચાલતી હતી તે પરથી એ નામ અમે અપનાવ્યું હતું. મેજર સૅમ્યુઅલ કોવન નામનો એક પીઢ ઉમરનો મોભાદાર ગૃહસ્થ અમારો નેતા હતો. તેના સહવાસથી હું ઉચ્ચ વર્ગની સભ્યતા અને રીતભાત શીખ્યો. રોબર્ટ કોમ્મી નામનો એક બેંક કલાર્ક હતો, તેણે જુલે વર્નની શૈલીથી એક નવલકથા લખી હતી. વિલિયમ નૉકસ નામનો, નિરીશ્વરવાદ અને સમાજવાદનો એક કાણિયો પ્રચારક હતો. લૂઈ મૅક ક્વીલૅન્ડ, મંડળના મોટા ને નાના વચ્ચેની કડી રૂપ હતો. નાનાઓ પૈકીના એક જૉન જસ્ટિન પેન્ડરની માતા સ્ત્રી નવલકથાકાર હતી. ડબ્લ્યુ લૉરેન્સ વળી બિસ્કીટનો પ્રવાસી એજંટ હતો, પણ શેક્સપીઅરનો અભ્યાસી હતો. આ ક્લબે 'Sung by Six' (છ જણનાં ગીત) નામથી છ સભ્યોનાં કાવ્યોનો સંગ્રહ બહાર પાડ્યો. લોકોએ તેને વધાવી લીધો; પણ કમનસીબે વિવેચકોએ મારાથી એક વડેરા કરતાં મારી કવિતાનાં વધુ વખાણ કર્યાં, એટલે ક્લબ બાબતમાં તેનો ઉત્સાહ મરી ગયો, ક્લબમાં ભંગાણ પડ્યું ને અમે જે હોટેલમાં મળતા તેના માલિક હિક્સે અમારાં બિલો નહિ ભરપાઇ થવાથી દાવો કરવાની ધમકી આપી. અને Hung by Hicks (હિક્સે આપેલો ફાંસો) એ કવિતાથી લૂઈએ ક્લબ વધાવી લીધી.

તેને મેં શૉર્ટહૅન્ડ શીખવેલું તે વડે તે પાર્લામેંટમાં બેસતા આઇરિશ મેમ્બર જૉન રેડમંડનો સેક્રેટરી બનીને લંડન ગયો. ત્યાં ઊગતા સાહિત્યકારોના મંડળમાં તે જોડાયો ને એક પત્રમાં મને લખ્યું કે ગિલ્બર્ટ ચેસ્ટર્ટન નામના જુવાનનાં લખાણો વાંચતો રહેજે, એ ઘણો વધશે.' (પાછળથી જી. કે. ચેસ્ટરટન નામનો એ ખ્યાતનામ અંગ્રેજ લેખક થયો. તે, એચ. જી. વેલ્સ, અને બર્નાર્ડ શૉની ત્રિપુટીએ અંગ્રેજી સાહિત્યજગતમાં નામ કાઢ્યું છે.)

મને હવે ઍકેડેમીના કામથી કંટાળો આવતો હતો; ડબ્લિનનાં સાહિત્ય વર્તુલોના સમાચારો મળતા હતા ને AE તરફ ખેંચાણ વધતું હતું. પેન્ડરે વળી યીટ્સ તરફ ધ્યાન ખેંચ્યું હતું. ૨૪ વર્ષની ઉમરે તો એ યીટ્સે ૧૮૮૯માં લંડનમાં 'Wandrings of Oisin' કાવ્યથી ખ્યાતિ મેળવી હતી. AE બે વર્ષે તેનાથી નાનો. Homeward તેણે ૧૮૯૪માં પ્રસિદ્ધ કર્યું હતું.

ઈ. ૧૮૯૬માં મારી બચત મૂડીમાંથી મેં સારાં લેટર પેપર છપાવી નાખ્યા અને 'આઇરિશ ટાઈમ્સ'માં જાહેરખબરો જોઈ અરજીઓ કરવા માંડી. કોઇ પણ રીતે જીવનમાં મોકળાશ મેળવવી હતી. ડબ્લિનમાં નોકરી મેળવવાની કોશિશો આખરે ફળીભૂત થઇ ને કોલસા તથા વહાણવટાની એક પેઢીમાં અઠવાડિયે બે પાઉન્ડની નોકરી મને મળી.



↑જે સમકાલીન વડેરા કવિની પ્રેરણા ને સાથીદારીએ કઝિન્સને ઘડતરકાળમાં પ્રોત્સાહન આપ્યું તે, આધુનિક અંગ્રેજી કવિતાના એક મોવડી યીટ્સની, વિખ્યાત કલાકાર રોથેન્સ્ટાઇને આલેખેલી, તેના કવિઆત્મા વ્યક્ત કરતી તરુણ કાળની તસવીર.

માબાપ અને મિત્રોએ સંમતિ આપી, અને ૨૪ વર્ષની વયે ૧૮૯૭ના મેમાં બેલફાસ્ટ છોડી ડબ્લિન ગયો.

વિચિત્ર અનુભવ

બેલફાસ્ટ છોડતી વખતે ઍકેડેમીના પ્રિન્સિપાલને સમજાવી, માણસની ગોઠવણ કરીને અમે મિત્રો તરીકે છૂટા પડ્યા હતા, પણ માનવસ્વભાવનો કંઈક જુદો જ અનુભવ થયો. ડબ્લિનમાં હું હજુ ઠરીઠામ થયો નહિ ત્યાં એક વકીલ મારફત પોં. ૯ ૪-૩ની ટર્મના છેડા સુધીના બાકી ખર્ચની નોટીસ મળી! મેં તે પાછી કાઢી એટલે તેનો દાવો મંડાયો. તે બે વર્ષ ચાલ્યો એટલે મારા શેઠિયા કહે કે અહીં કોર્ટમાં વખત ગાળવાના પગાર નથી આપતા! વકીલોની ફી ભરતાં ય કેસ ન સુધર્યો અને દસ વર્ષ સુધી પગારમાંથી હપતા ભરવાનું ચોંટ્યું.

ડબ્લિનમાં રહેવાનું એક વેસ્લિયન પાદરીના ઘરમાં મળ્યું હતું, એટલે નામરજી છતાં દર રવિવારે દેવળમાં જવું પડતું. નવું જોવ જાણવાની મારી આકાંક્ષાઓને લીધે તે પણ હું સહી લેતો. એમાંથી ધર્મ વિષે કેટલુંક નવું સંશોધન થતું કે નવી પિછાન થતી. ત્યાં આઇરિશ સાહિત્યનો અણસારો પણ ન હતો, છતાં અંતરથી આયર્લંડનો આત્મા પ્રકટ કરવા માટે નાટક અને સાહિત્યમાં રસ વધારતો રહ્યો. આયર્લંડની તળ ભૂમિમાં કૅથલિક કે પ્રૉટેસ્ટન્ટ એકે ન હતું, પણ પ્રાચીન ડ્રૂઇડ તત્ત્વ હતું તે નિરૂપતી એક કવિતા મેં લખી ને તે 'ડબ્લિન એક્સ્પ્રેસ' પત્રમાં સરસ રૂપમાં પ્રકટ થઈ. એક વાર હું દેવળમાં ગયો હતો ત્યાં કાળા કેશવાળો ઊંચો જુવાન પ્રાર્થના વચ્ચે મને હળવેથી પૂછવા લાગ્યો: 'તમે કોઈ વાર AEને મળ્યા છો?'

'ના, એને મળવાને તો મેં મારું વતન બેલફાસ્ટ છોડ્યું છે. એ હેતુ શી રીતે પાર પડે તેના જ રસ્તો હું શોધ્યા કરું છું.'

'તો પ્રાર્થના પછી તમે મારી સાથે તેને ઘેર આવશો?'

'જરૂર, જરૂર...' હું વધુ બોલી શક્યો નહિ. જેની ટચૂકડી કવિતાઓ મારા જીવનમાં મોટી વાત બની ગઈ હતી, જેની ચોપડી ખરીદવાને બેલફાસ્ટમાં મારી ગુંજાયશ ન હતી, તે, મારે માટે માનવ-દેહમાં પુરાએલો અમર નાદ...જેનાં કેટલાં યે કાવ્યો મેં મોઢે કર્યાં હતાં અને જેમાં મારી અભિલાષાઓ ને જ્ઞાનનાં મૂળ વિકસ્યાં હતાં—

Our hearts were drunk with Beauty
Our eyes could never see.. .

'ચક્ષુએ કદી પેખેલું નહિ એવા સૌન્દર્યના પાનથી અમારાં ઉર મસ્ત બન્યાં હતાં'—સૌન્દર્યનું આવું સાચું લક્ષણ એણે એક પદમાં બાંધી લીધું હતું. આત્મદર્શન એ જ સૌન્દર્યદર્શન. સૌન્દર્યનું પરમદર્શન એટલે માત્ર વાસનાઓની જ પરિશુદ્ધિ નહિ, પણ અંતરાત્માની સઘનતા ને પર-માનંદ-Intensification & exaltation of the inner being.

રૅથમીન્સ ખાતેના તેના નાના મકાનના બારણે AEએ અમને આવકાર્યા. એ વખતે તેને ત્રીસ વર્ષ થયાં હતાં. ભૂખરા વાળ, ગડદ દાઢી અને અતિ ઊંચા મજબૂત બાંધાથી તે ઉમર કરતાં પણ મોટા લાગતા હતા. અગાઉ તેમનું વર્ણન મને કોઇએ આપેલું નહિ, એટલે તેમની સૂક્ષ્મવિહારી કવિતાઓ સાથે તેમનો આ ખડતલ બાંધો ને ભારે કદ મને વિરોધી લાગ્યાં. પણ તેમનું સુંદર મસ્તક સર્જક મગજને લાયકનું સ્થાન લાગ્યું ને આંખોમાં આત્મા ઝબકતો દીઠો. તેમના હાથ નાજુક શિલ્પકાર્યના દ્યોતક જણાયા ને એમની વાતોમાં મુખ્ય વલણ અગમ્ય અને તત્ત્વમય ભાસ્યું. તાજેતરમાં જ તેમણે માદામ બ્લૅવૅટ્સ્કી અને બંગાળી લેખક મોહિની ચૅટરજીના ગ્રંથો વાંચ્યા હતા. આઇરિશ સા-હિત્ય અને નાટકનું સમુત્થાન હજી ભાવિના ગર્ભમાં હતું. એ દિવસથી સતત સોળ વર્ષ સુધી હું AE ના ઘરનો મુલાકાતી બની રહ્યો.

ડબ્લિનમાં ધામા નાખ્યા પછી પહેલું કાર્ય મારો વીમો ઉતરાવી લેવાનું હતું, પણ મારી શારીરિક તપાસને અંતે મારી વીમા માટેની લાયકાત પાછી પડી. નાનપણથી જ મને શરદીનો ઉપદ્રવ રહેતો અને સાથે મંદાગ્નિ પણ ખરો. ગળુ ખોખરું બની જતું, નાકમાં શ્લેષ્મ રહેતું અને તેના પ્રતાપે, માની સંભાળ તથા ચેતવણીરૂપે મફલર, ઓવરકોટ, છત્રી ને ગરમ પાણીની કોથળી મારાં જીવનસાથી બન્યાં હતાં. પણ મારી એક બીજી બાજુ હતી. જીવન હજુ શરૂ પણ કર્યું નથી ત્યાં જન્મને વૃથા કહેવો અને ગણગણ કરવું મને યોગ્ય લાગતું નહિ. મને ભાન હતું કે મારામાં માનસિક સ્ફૂર્તિનો એક ચોક્કસ પ્રકારનો તણખો છે, કલ્પના અને ઊર્મિના ઉછાળા છે. મને લાગ્યું કે કવિઓ વિરલ અને મહામૂલાં પ્રાણીઓ છે. મેં માનેલા ન્યાયકર્તાઓએ સ્વીકારેલો કવિ જો પોતાનું કાર્ય પૂરું ન કરે તો જગતને ખોટ પડવાની! એટલે વીમાકંપનીની 'ના'માંથી મારો શારીરિક ઉદ્ધાર મને પ્રાપ્ત થયો, ને એ બળાપામાંથી આરોગ્ય પ્રાપ્ત કરવાનો મેં કટ્ટર નિરધાર કર્યો. બધી જાતનાં પાંડિત્ય ડોળતા દાક્તરી ને હકીમી ગ્રંથો વાંચી હું કંટાળ્યો. જાતજાતના ઇલાજ–અખ-તરા પણ કરી ચૂક્યો. આરોગ્યસાધના માટે કંઈ જ કામ ન લાગ્યું. છતાં અહીંતહીંથી કેટલાક મુદ્દા સમજ્યો. શેકની કોથળી બારીની બહાર ફેંકી દીધી, છત્રી ખોવાઈ પછી બીજી ખરીદી નહિ, ગલપટો એક મિત્રને ભેટ કરી દીધો અને ઓવરકોટ વિના જ બહાર નીકળવાનું ચાલુ કર્યું. આમ, આત્મઘાતના નવા માર્ગે લેવા માંડયા!

આરોગ્ય વિષયક વાચનથી મને સમજાયું કે સ્વસ્થ જીવન માટે ખોરાકની પસંદગી મુદ્દાની બાબત છે, અને માંસાહાર તો તજવો જ જોઇએ. એ જ અરસામાં બેલફાસ્ટના નિરામિષ રેસ્ટોરાંવાળાએ ડબ્લિનમાં શાખા ઉઘાડી એટલે આહારનો પ્રયોગ કરવાની મને સારી તક મળી ગઈ. પહેલા જ દિવસના અનુભવે મારો આખો દહાડો એવો સુખરૂપ બન્યો કે મેં બે, ત્રણ અને છ દિવસ વધાર્યા. પણ રવિવારે મુશ્કેલી પડતી. મારા ગૃહપતિ અને તેનું કુટુંબ 'ઈશ્વરનો આભાર જાહેર કરવા' તે દિવસે ખાસ માંસનો પ્રસાદ કરતા. પણ હું તેને મૂએલું જનાવર છે એવું સમજતો થઈ ગયો હતો, અને મારી સુધરતી જતી તબિયત, માનસિક સ્ફૂર્તિ, નાબૂદ થતાં જતાં દર્દો વગેરેની ખાતરી થઈ જતાં હું મક્કમ બન્યો. મારાં માબાપ અને વાલીઓ તો હજી એમ જ સમજતાં કે જિંદગીમાં સ્થિર થવાથી એમ બન્યું છે.

શાકાહારી જીવન શરૂ કર્યા પછીના બીજા વર્ષમાં વીમા કંપની પાસે આગલી વાત યાદ કર્યા વિના રજૂ થયો. એક બીજા દાક્તર સાહેબે મને ત્યાં તપાસ્યો અને વીમા માટે મને ફર્સ્ટ ક્લાસનું સર્ટિફિકેટ આપ્યું. પણ કંપનીની લંડનની ઑફિસે મારી આગલી હકીકત શોધી કાઢી, એટલે મારી પાસે અનેક જાતની કસરતો કરાવીને દાક્તરે ફરી વાર નવું પ્રમાણપત્ર રજૂ કર્યું અને મંજૂર કરાવ્યું. સાઠમે વર્ષે વીમાની રકમ મળે એ રીતે મેં વીમો ઉતરાવ્યો,—અને, કહેવાની જરૂર નથી, કે એ રકમ મેં પૂરી વસૂલ કરી, અને સાહિત્યજીવન માટે તે વાપરી!

AEના સમાગમથી મારું માનસ બહુ વિસ્તાર પામ્યું. મેં નિશ્ચય કર્યો કે કોઈનું પણ અનુકરણ ન કરવું. ઠીક કે અઠીક ગમે તેવો પણ હું પોતે જ રહીશ. પછી મને જણાયું કે કવિતાને બીજી કળાઓ સાથે જુદાજુદા પ્રકારની સાંકળો છે અને તે બધાના પરિબળથી કોઈ પણ કવિના માનસ તથા ઊર્મિતંત્રમાં સંવૃદ્ધિ થાય છે. પણ ડબ્લિનમાં સુંદર સ્થાપત્ય જેવું કંઈ ન હતું-પુરાણું હતું તે બધું સાધારણ હતું. સંગીતમાં આયર્લૅડ મૌન હતું. યીટ્સનું નાટક 'લૅન્ડ ઑવ હાર્ટ્સ ડિઝાયર' લંડનમાં ભજવાયું હતું. એક આઇરિશમૅન ઇંગ્લંડની રંગભૂમિને નવો અવતાર આપવા મથતો હતો. તેનું નામ જ્યૉર્જ બર્નાર્ડ શૉ હતું. આમ, આ-યર્લૅડમાં સંગીત અને નાટક ઇંગ્લંડ મારફત પહોંચતાં હતાં.

આખું ડબ્લિન જે જોતું કે સાંભળતું તેનો હું સાક્ષી બન્યો. શહેરનો બુદ્ધિમાન વર્ગ કલાત્મક સમજણમાં સજાગ હતો. મારા જેવા અનેક શ્રોતાઓ અને પ્રેક્ષકો હવે આયર્લૅડની ભાવિ સર્જનશક્તિની પૂર્વતૈયારીના ભણકારા અનુભવી રહ્યા હતા. મારું મિત્રમંડળ વધતું ચાલ્યું. અમે સાથે નાટકો જોતા, સાહિત્યના બનાવોની કાપલીઓ એકઠી કરતા, ટ્રેનમાં કે પગપાળા ડબ્લિનની આસપાસ ફરતા, સૌંદર્ય-ધામો જોવા મંડળીઓ ઊપડતી અને તે વખતે સાહિત્ય તથા કળાની ચર્ચાઓ થતી. એમાંથી, શહેરના મિત્રોની મદદ લઈ Maunsel & Co. Ltd. નામનું પ્રકાશનગૃહ તથા છાપખાનું શરૂ કર્યાં અને હું તેનો પહેલો બિનપગારી સેક્રેટરી થયો. ત્યાંથી આયર્લૅડના લેખકો અને કવિઓનાં પુસ્તકો બહાર પડવા માંડયાં અને તેની ખ્યાતિ ધાર્યા કરતાં વધી ગઈ.

ઈ. ૧૮૯૮–૯૯માં યીટ્સ તથા કેટલાકે એવો પ્રસ્તાવ મોકલ્યો કે આયર્લૅડમાં ત્રણ વર્ષ માટે દર વર્ષે આઇરિશ ભાવના અને આઇરિશ લેખકનાં નાટકોનું એક નાટ્યસપ્તાહ યોજવું. એ વખતે એટલું જ કરવાની આયર્લૅડની ગુંજાયશ હતી. પણ વધુ કપરું કામ તો એ હતું કે દેશમાં આઇરિશ સાહિત્યભાવના પ્રમાણે કામ આપી શકે તેવું નટવૃંદ ન હતું. છેવટે એક અંગ્રેજ કંપનીએ બે નાટકો હાથમાં લીધાં: યીટ્સનું 'કાઉન્ટેસ કૅથલીન' અને એડવર્ડ માર્ટિનનું 'ધ હીધરફીલ્ડ.' આ નાટ-કોના સમાચાર એક રાષ્ટ્રીય આકર્ષણ બની ગયા.

હવે હું યીટ્સના વધુ પરિચયમાં આવતો ગયો. 'આઇરિશ નૅશનલ થીએટર'ના પ્રચાર અર્થે એક કમિટી થઈ તેમાં તેણે મારું નામ મૂક્યું. બેએક વર્ષ સુધી તો આઇરિશ નાટકો અંગ્રેજ નટોએ જ ભજવ્યાં. પણ ત્રીજે વર્ષે તો અમે આઇરિશ ચારણી કથાનું વસ્તુ લઈ (અનુ. પૃ. ૨૦૨)

ફતહ-ઉલ-બારી
અને મામદ માલમ

દરિયાઈ ઝંઝાસુરના ભમ્મરિયા તુફાન સામે માનવીના અરમાનને ઊંચું રાખનાર સીનેબાજ દરિયાખેડૂઓની દિલેરીની હજી હમણાં જ બની ગએલી એક બેનમૂન સાચી કથા

લેખક • 'સુકાની'



દરિયાઈ ઝંઝાસુરના ભમ્મરિયા તુફાન સામે માનવીનાં અરમાનને ઊંચું રાખનાર 'ફતહ-ઉલ-બારી'ના છાતીબડા જવાનો તથા તેનો માલમ મામદ અલી (ખભે મફલર વાળો): કલકત્તા સલામત પહોંચ્યા પછી. એમની ઝિંદાદિલીને અંજલિ આપતાં હૂઘલી પાયલટ સર્વિસના કૅપ્ટન કપૂરે કહેલું: 'આઈ હૅવ નેવર સીન સચ એ ફાઈન સેટ ઑવ સેઈલર્સ ઈન માઈ લાઇફ બિફોર.' (Courtesy: 'The Statesman')

સાચરવીરોની સાહસગાથાઓથી 'કુમાર'ના વાચકો તો હવે ચિરપરિચિત બની ગયા છે. ભારતદેશની આસપાસ ઘૂઘવતા મહેરામણ ઉપર, રાતદિવસ, આજે પણ અનેક જીવનમરણના જંગ ખેલાઇ રહ્યા છે અને અનેક જવાંમર્દીના કિસ્સાઓ બની રહ્યા છે. એ મગરૂર બનવા જેવી વાતમાં શાહેદી પૂરતો હોય એવો એક કિસ્સો હમણાં જ બની ગયો છે.

એ કિસ્સાના બયાનમાં કલ્પનારંગ પૂરવાની જરૂર નથી, કારણ કેવળ અખબારી ઈબાદતમાં પણ એ કિસ્સો વાંચનારનાં રૂંવાં ખડાં કરી દે એવી એમાં સીનેબાજ મર્દાનગી ભરી છે. દરિયાલાલ, અને એના ઉપર હિલોળતી માનવ જવાની ઉપર આફરીન બોલાવતી 'સુકાની'ની કલમ પણ થનગની ઊઠે એવી દિલેરી એમાં ઊભરાઇ રહી છે.

પાંચમી નવેમ્બર ૧૯૫૫ ને શનિવારનો દિવસ હતો. હજુ જાણે ગઇ કાલની જ વાત! ચાર પાંચ દહાડા થયાં બંગલાસાગરમાં વાદળ ઘેરાવા માંડયાં હતાં. તેણે આજે જબ્બર ભમ્મરિયા તુફાનનું સ્વરૂપ ધર્યું હતું. ઠેઠ નાગપત્તનમથી મુર્શિદાબાદ સુધીનો હજારો માઇલોનો વિસ્તાર ભયંકર વાવાઝોડામાં સપડાયો હતો. દરિયા ઉપર કલાકે લગભગ ૯૦ માઇલની ઝડપથી ઝંઝાસુર ધમસાણ મચાવી રહ્યો હતો; અને દરિયામાં ડુંગર જેવડા લોઢ ઊછળી રહ્યા હતા. ઉપરથી બારે મેઘ ત્રાટકી પડચા હતા. દર કલાકે દરિયા પરથી, વાયરલેસ તુફાનના સમાચાર લાવ્યે જતો હતો. મદ્રાસથી ઊપડેલી એક આઠ હજાર ટનની સ્ટીમર 'જલ...' ખાલી ફાલકાએ કલકત્તા આવવા ઊપડી હતી. એની ઊંચી ઉઘાડી દીવાલો ઉપર ઝંઝાવાતે એવો ધસારો કર્યો કે સ્ટીમરનાં જબ્બર એન્જિનોના બળને મહાત કરી, એણે એને ઠેઠ હૂઘલી-ગંગાનાં મુખ પાસેથી સાતસો માઈલ દૂર આન્દામાન પાસે હડસેલી દીધી!

શનિવાર આખો તુફાન વધતું જ રહ્યું. રવિવારનો દિવસ તો વિકરાળ ઊગ્યો. એ સાંજે એક જબ્બર સ્ટીમર ગંગાના મુખમાં દાખલ થઈ રહી હતી. એણે એક દેશી વહાણને બેહાલ દશામાં જોયું. એના જબ્બરદસ્ત ખુવાઓ ઉપર સઢનું એક ચીંથરું પણ દેખાતું ન હતું. પાણીના ઊંચા લોઢ વચ્ચે એ અસહાય બની વીંઝાઇ રહ્યું હતું. એની વાવટાકાઠી પર બે વાવટા છતરાતા હતા. સ્ટીમરે જોરાવર દૂરબીન વડે એ વાવટા વાંચ્યા: વહાણ પોકારતું હતું: 'હું આફતમાં છું; મને મદદ જોઇએ છે!'

કલકત્તા પોર્ટ કમિશ્નર્સના સિગ્નલસ્ટેશન પરનું રિસીવર ફરી તરતરાટ કરવા લાગ્યું. ઑપરેટરે કાન માંડયા: 'રીફ લાઈટશિપની નજદીક—જરા ઈશાનમાં પંદરેક ખૂણ ઉપર—સઢવાળું વહાણ—આફતનું નિશાન ઉડાડી રહ્યું છે. આવા તુફાનમાં હું મદદ કરી શકું એમ નથી. ડેપ્યુટી કન્ઝર્વેટર પોર્ટકમિશ્નર્સ—અને પ્રિન્સિપલ ઑફિસર મર્કન્ટાઈલ મરીન ડિપાર્ટમેન્ટ જોગ આ સંદેશો—એસ. એસ. 'ઇન્ડિયન' ઉપરથી—સીનિયર પાયલટ ચૌધરી મોકલાવે છે. સંદેશો પાછો કહી સંભળાવો...'

સિગ્નલ સ્ટેશનના ઑપરેટરે સંદેશાની પુનરાવૃત્તિ કરી. 'રાઇટ યૂ આર!' પાયલટ ચૌધરીએ કહ્યું: 'મેક ઈટ સ્નૅપ્પિ, સન' (બરાબર છે—તાકીદ કર, બેટા!—)

બરાબર સાત મિનિટ પછી 'નદીઆ' ઉપરનો રેડિયો ટેલિફોન ઝબકી ઊઠયો: 'સિરાંગ! હું કૅપ્ટન મોહન. સૅન્ડહેડ્સ પાસેનાં બોયાંનું કામ પડતું મૂકો અને ફુલસ્ટીમ રીફ લાઈટશિપ તરફ ઊપડો. ત્યાં સઢનું વહાણ જોખમમાં છે તેને મદદ કરો; અને કલાકે કલાકે મને વાકેફ કરતા રહો!'

અંધારું થઇ ગયું હતું. આખો દિવસ જ અંધારો રહ્યો હતો. આસો વદ છઠ્ઠ સાતમની રાત હતી. કાળાં વાદળ આડે તારા પણ નહોતા દેખાતા. તુફાનમાં ડહોળતાં સૅન્ડહેડ્સ—ગંગામુખ પાસેનાં કાલિન્દી બની ગએલાં પાણી ચીરતી 'નદીઆ' રીફ લાઇટશિપ તરફ ઊપડી.

એનો સિરાંગ ને ખલાસીઓ ચૂપચાપ ચોમેરના અંધારામાં તાકી રહ્યા હતા. રાતના દસેક વાગ્યે રીફ લાઇટશિપની બત્તી નજરાઇ રહી. સિરાંગે દૂર એકસો ને ત્રીસ માઈલ પરનાં સિગ્નલ સ્ટેશનને ખબર આપ્યા.

'ઈશાનમાં, વીસેક ખણ પાસે શોધો': કૅપ્ટન મોહને જવાબ દીધો.

લાઇટશિપ ચચ્ચાર લંગર ઉપર ભેરવઝોક ખાતું હતું. એની બત્તી ઉન્મત્ત બની હોય એમ કાળાં આકાશમાં ડોલતી હતી. 'નદીઆ'એ જોશદાર સર્ચલાઈટ ફેંકી, અને દૂરથી છુટકારાનો, હરખનો પોકાર ઊઠયો. 'નદીઆ'એ એ દિશામાં સર્ચલાઈટ નાખી, પાણીના ડુંગર ને ખાઈ વચ્ચે બેફામ બની ઝૂલતું વહાણ દેખાયું. 'નદીઆ' સંભાળથી ધીરેધીરે પાસે આવી. હવે વહાણ પરના બેડિયાતો સ્પષ્ટ દેખાયા. વીસેક જણ સથા પર ઊભા હતા. ચાર જણ સુકાનની ચરખી પકડી વહાણનો મોરો વહેણ સામે રાખી રહ્યા હતા. સુકાની તૂતક ઉપર એક જવાન એકલો ઊભો હતો અને એના હાથમાં એક મામૂલી ટૉર્ચ હતી. 'નદીઆ'એ વહાણનું નામ વાંચ્યું: 'ફતહ ઉલ બારી' અર્થાત્ 'ઈશ્વરનો વિજય'!

ઘડીભર 'નદીઆ' અને 'ફતહ ઉલ બારી'ના ખલાસી અને બેડિયાતો એકબીજા તરફ તાકી રહ્યા. એક મોતનાં જડબાં સુધી આવી રહ્યા હતા; બીજા એ જડબાંમાંથી એમને ઉગારવા આવ્યા હતા. કામ વિકટ હતું. આવા ધમસાણમાં વહાણને રસ્સો પહોંચાડવો એ સર્વથા અસંભવ હતું. છતાં 'સદાય અસંભવિતને સંભવિત બનાવવાની અથાક જહેમત એટલે જ દરિયાઇ જીવન!' આ બાજુ મહાલદ્દીવી હતા; આ બાજુ બંગાળીઓ હતા. પરંતુ અહીં મહાલદ્દીવ ને બંગાળ ન હતાં. આ તો દરિયાપરજ; બધા એકલોહિયા. એમની નસોમાં સાગરનું લાવણ્ય* વહેતું હતું. 'નદીઆ'એ રસ્સો ફેંકવાની રૅાકેટગન તૈયાર કરી.

તુફાન વધતું જ રહ્યું. 'નદીઆ' અને વહાણ પાસે ઢૂકડાય એમાં બેયનું જોખમ હતું. બે ય વહાણ એકબીજાથી વારંવાર ઓજલ થઈ જતાં હતાં, અને ફરી અરધા પોણા કલાકની ખોજ પછી નજરાતાં હતાં. સર્ચલાઇટના પહોળા તેજપટ આડે મૂશળધાર પાણીની નક્કરદીવાલો ખડી થઇ જતી હતી; છતાં 'નદીઆ' વારંવાર રસ્સો ફેંકતી હતી અને દરેક વખતે એ જોરાતા પવનને ધક્કે દૂર જઈ પડતો હતો. 'દરિયાના માનવી જહેમતની સફળતા ઉપર મુસ્તાક નથી રહેતા, એ તો જહેમત જો ફર્ઝ હોય તો જહેમત ઉપર જ મુસ્તાક હોય છે.' રાતના સાડા દસે લગભગ રૅાકેટગનમાંથી પહેલો રસ્સો સર્ચલાઈટના અજવાળામાં લાંબા શેષનાગ જેવો હવામાં ઊછળ્યો. સવારના ચાર વાગ્યા સુધીમાં અનેક વાર એ ઊડ્યો ને હેલે ચડેલા નિશાનને સર કર્યા વગર પાણીમાં પછડાયો! છતાં ઊગતો દિવસ વધારે યારી આપશે એ આશામાં કોશિશ બેથાક ચાલુ રહી.

આમ સોમવાર ઊગ્યો. તુફાન જાણે હવે જ રંગમાં આવ્યું! 'નદીઆ'ના ખલાસીઓના સાંધેસાંધા તૂટતા હતા, પણ સામેના બેડિયાતોના કેવા હાલ હશે એ ખયાલથી પોતાના થાકની એમને પરવાહ ન હતી. સવારના આઠ વાગે 'નદીઆ'ના સિરાંગે સિગ્નલ સ્ટેશનને ટેલિફોન કર્યો: 'રાત આખીની જહેમત નિષ્ફળ ગઇ છે; હવે દિવસના ઘેરા પ્રકાશમાં કદાચ સફળ થાઉં!'

'કેરી ઑન, સિરાંગ!' કૅપ્ટન મોહનનો અવાજ આવ્યો.

ફરી રૅાકેટગન પાસે ખલાસીઓ ખડા થઇ ગયા. દિવસના અંધારા ઉજાસમાં સિરાંગ 'નદીઆ'ને જરા ઢૂકડી લાવ્યો. હવે 'ફતહ ઉલ બારી' ઉપરનું બધું સ્પષ્ટ દેખાવા લાગ્યું હતું. પાણીના હિલોળા ભયંકર બન્યા હતા. વહાણની ઉપરાઉપરી પછાડ વધારે ભયંકર બની ગઈ હતી. એ પછાડ છતાં ડોલ ઢીલા નહોતા પડ્યા, એકે ય ખીલો નહોતો હાલ્યો. 'રંગ છે એને બાંધનાર વાડિયાને!'

'નદીઆ'ના એકેએક ખલાસીને આ અદ્ભુત વહાણ અને એના અદ્ભુત જવાનોની હિંમત જોઈ બેવડું જોર આવ્યું. ફરી એ જ શરૂ થયું: રૅાકેટગન રસ્સો છોડતી જાય, હવા એને ગમે તે દિશામાં ફેંકી દે!

આમ બપોર પડી ગયા. સૂરજ તો અસ્ત જ હતો. માત્ર 'નદીઆ'ની ઝાલર ઉપર આઠ ટકોરા થયા એટલે ખબર પડતી હતી કે મધ્યાહ્ન થયો છે! આજે આસો વદ અ.ઠમ હતી. મધ્યાહ્ને પૂરી ઓટ આવી હતી, પરંતુ ગાંડાતૂર દરિયાને આજે ઓટ ન હતી, ઝંઝાસુરે એને ખળભળાવી મૂક્યો હતો.

બપોરના ત્રણેક વાગ્યે રૅાકેટગન શાંત પડી. 'નદીઆ'ના સુકાન ઉપર બે ખલાસીઓ મૂકી, સિરાંગે એન્જિનરૂમમાં હુકમ આપ્યો 'પીછે, આસ્તે... એ...—સ્લૉ, ઍસ્ટર્ન!'

નદીઆ પાછળ હઠવા લાગી, અને સુકાનને ઇશારે ફતહ ઉલ બારીના મોરા તરફ વળાંક લેવા લાગી. સિરાંગની મકસદ સમજી ગયા હોય એમ ખલાસીઓએ મનીલાની મજબૂત પાતળી દોર સાથે મોટા રસ્સાનો છેડો મડાગાંઠે બાંધ્યો. દોરનો બીજો છેડો એક નાના બોયા સાથે બાંધ્યો. 'નદીઆ' વહાણના મોરા સામે આવી, કે બોયું દરિયામાં તરતું મૂક્યું. ભરતીની રેંકમાં બોયું વહાણ તરફ ધસડાવા લાગ્યું.

બેડિયાતો આંકડાવાળા લાંબા વાંસ લઇ પોતા તરફ નાચતા આવતા બોયા તરફ તાકી રહ્યા. એકએક પળ જુગ જેવડી થઇ પડી. આખરે બોયું ઢૂકડાઈ ગયું પણ દૂર પડખેથી વહેવા માંડ્યું!

'બાંયા ચિક્કાર!' મામદ માલમે હળવેથી કહ્યું. રખેને પડખે ઊભેલું મોત એની મકસદ સમજી જાય એ બીકે હોય, એમ એણે અવાજ દબાવી રાખ્યો! વહાણે જમણી તરફ મોરો ફેરવ્યો અને એક બેડિયાતે બોયાના કડામાં વાંસનો આંકડો ભેરવી દીધો; જોતજોતાંમાં બોયા સાથે દોર સથા ઉપર તાણી લીધી! અને હવે જ મોતને જાણે ડારતો હોય એવો હરખનો પોકાર ઊઠ્યો. 'નદીઆ'ના ખલાસીઓએ એ પોકારનો પડઘો પાડ્યો.

દોર પછવાડે રસ્સો આવ્યો અને વહાણના મોરા ઉપર બંધાઈ ગયો. રસ્સાની ઢીલ આસ્તે આસ્તે ઓછી કરવા, 'નદીઆ'નાં એન્જિન 'સ્લો ઍહેડ' ફરવા મડ્યાં. સિરાંગે સિગ્નલ સ્ટેશનને ટેલિફોન કર્યો. કૅપ્ટન મોહને કહ્યું: 'વેલ ડન સિરાંગ, કૅરી ઑન!' કલકત્તાનાં સાંજનાં અખબારોએ 'સ્ટૉપ પ્રેસ'માં ટૂંકાક્ષરી ખબર છાપ્યા: 'ફતહ ઉલ બારી' આવતી કાલે અહીં સલામત આવી પહોંચશે.'

પણ હજુ 'ફતહ ઉલ બારી' એકસો ને વીસ માઈલ દૂર હતું! અરધોએક કલાક, બહુ જ સાવધાનીથી, વહાણને ખેંચતી 'નદીઆ' કલકત્તાની દિશામાં વધી હતી, ત્યાં ઉપરાઉપરી બાણના લોઢ આવવા મંડ્યા.

ઉપરવાસમાં પ્રલયમેઘ વર્ષ્યા હતા એટલે ગંગાના પૂરે દરિયાની ભરતી સામે ટક્કર લેવા માંડી હતી. એ તો હૂગલીનો 'bore'—બાણ; એમાં ભરતી પણ ન ફાવે!

'ખુદ 'નદીઆ' હવે જોખમમાં હતી. બે ખલાસીઓ કુહાડી લઇ ખેંચકશ રસ્સા પાસે ઊભા થઇ ગયા. અણીની પળે રસ્સો કાપી, નિદાન એકનો જીવ તો બચાવાય! પણ ઘૂઘવતા બાણે કુહાડીની ગરજ સારી અને આશરે પાંચને શુમારે કડાકાભેર રસ્સો તૂટ્યો! ઓગણીસ કલાકની જહેમત ફોકટ ગઈ!

અને ત્યાર બાદના પાંચ કલાકમાં 'નદીઆ'એ ત્રણ વાર બોયા ઉપર રસ્સા તરાવ્યા, પણ એકે વાર ફતહ ઉલ બારીને બોયું ન પહોંચ્યું.

રાતના દસ વાગ્યે બાણનો વેગ પ્રચંડ બની ગયો. 'નદીઆ'એ સિગ્નલ સ્ટેશનને વિગતવાર ખબર આપી. -

*ખારાશ; ખારાંપાણી

'બહોત ખૂબ, સિરાંગ!' કૅપ્ટન મોહને કહ્યું, 'ફતહ ઉલ બારીના માલમને કહો કે વહાણને જતું કરો અને જીવ બચાવવા નદીઆ ઉપર આવી જાઓ!'

સિરાંગે 'લાઉડ હેલર' ઉપાડયું. ભાંગીતૂટી હિંદુસ્તાનીમાં તુફાનના ઘોંઘાટ સોંસરવો એનો અવાજ 'ફતહ ઉલ બારી' ઉપર પહોંચ્યો: 'હું બોયાં અને તરાપાઓ ફેંકું છું અને બને એટલો નજદીક આવું છું. તમે સૌ વહાણ છોડી કૂદી પડજો. ઇન્શાલ્લા બધાને જીવતા ઉપાડી લઈશ!'

થોડી વારે 'ફતહ ઉલ બારી' ઉપરથી અવાજ આવ્યો: 'શુક્રિયા, સિરાંગ! ફતહ ઉલ બારીને દરિયાને હવાલે કરી મારો એક પણ જવાન જીવ બચાવવા તૈયાર નથી!'


સિરાંગે બહુ વિનવણી કરી, પણ મામદ્ય માલમ અને એના જવાનો એકના બે ન થયા. જ્યાં સુધી બાણ વહે ત્યાં સુધી બધી કોશિશ નકામી હતી. છેવટે નિરાશ બની, સિરાંગે નિદાન 'નદીઆ'નો જીવ બચાવવા સૅન્ડહેડ્સનો આશ્રય લેવા સિગ્નલ સ્ટેશનની રજા માગી. વહેલી સવારે ફરી આવી પહોંચવાનો વાયદો આપી 'નદીઆ'એ ભારે હૈયે સૅન્ડહેડ્સ તરફ મોરો ફેરવ્યો. ચોવીસ કલાક પછી નદીઆ પર ચૂલો પેટયો.

મંગળવારે સવારના 'નદીઆ' રીફ લાઇટશિપ પાસે પહોંચી, ત્યારે તુફાન ન હતું. સાથે 'ફતહ ઉલબારી' પણ ન હતું! ત્રણ કલાક ખૂબ શોધ્યું. છેવટે સિરાંગે ભારે હૈયે રેડિયો ટેલિફોન ઉપાડયો...

'પૂઅર બૅગર્સ!' કૅપ્ટન મોહને કહ્યું. દરિયાની બાનીમાં માહેતમ કે મરશિયા નથી. 'પૂઅર બૅગર્સ', આ બે જ શબ્દોમાં સાગરની અકરુણ કરુણતા ઊભરાઇ રહી હોય છે. એનો અર્થ 'ગરીબ બિચારા' નથી; એનો ભાવ છે: 'શાબાશ જવાનો! મર્દ હો તો ઐસે હો!'

બુધવાર તારીખ નવમી ડિસેમ્બરે કલકત્તાનાં સવારનાં અખબારોએ પચ્ચીસ જવાનો અને એક બહાદુર વહાણના આવેલા કરુણ અંજામના ગમગીન સમાચાર આપ્યા. રીફ લાઇટશિપની આસપાસનાં અકરુણ પાણીમાં ખેલાઈ ગએલા જીવનમરણના જંગ વિષે એ કંઈ બહુ લખી શકે એમ ન હતું. છતાં 'નદીઆ'ની ચોવીશ કલાકની જહેમતનો જે ટૂંકાક્ષરી અહેવાલ કૅપ્ટન મોહન પાસેથી મળ્યો, એટલાથી છાપાના ખબરપત્રીઓને સંતોષ ન વળ્યો. એમને 'કટારો' ભરવી હતી; અને એ માટે 'કૉપી' જોઇતી હતી. ત્યાં એકને યાદ આવ્યું કે 'ફતહ ઉલ બારી સાથે જ મહાલદ્દીવથી એક જોડીદાર વહાણ, નામે 'અદ્રાનફાર', સાતમી સપ્ટેમ્બરે કલકત્તા આવવા ઊપડયું હતું, તે ગયે શુક્રવારે જ હાવડા સામે હૂધલી ઉપર નાંગર્યું હતું. 'અદ્રાનફાર' પાસેથી 'કૉપી' લેવાને ચબરાક ખબરપત્રીઓ પહોંચી ગયા.

'અદ્રાનફાર'; ટન ૨૩૦; નાખવો યાકૂબ; બાપ કચ્છનો કાળો માલમ; કદાવર બદન; હબસી જેવો કાળો; કચ્છમાં હબસીનિયાના ગુલામો આયાત થતા એ કાળની ઓલાદ. એણે ખબરપત્રીઓને 'મુલાકાત' આપી: 'ફતહ ઉલ બારી'; ટન ૧૩૮: નાખવો મામદ્ય અલી; વહાણ ગબ્બર, પણ હાલવે ધીમું. અમે બે ય મહાલદ્દીવથી ભેળા નીકળ્યા. મહાલદ્દીવ આમ તો લગભગ બે હજાર માઈલ કહેવાય, પણ અમે તો સઢથી હાલીએ અને પવન સામો થાય તો હેરિયાં કરીએ એટલે અઢી હજાર માઇલનો ગોસ ખરો. 'અદ્રાનફાર'એ બે મહિનામાં ગોસ પૂરો કર્યો, અને 'ફતહ ઉલ બારી'ને ચાર દી વધુ થયા. આ તુફાન સિતમ હતું; ભલભલી આગબોટો ધસડાઈ ગઇ છે તો 'ફતહ ઉલ બારી'ની શી બિસાત? પણ એ 'ડૂબી ગયું' એ વાત માનવાને યાકૂબ નાખવો તૈયાર ન હતો: 'મામદ્ય નાખવો! અને ફતહ ઉલ બારી જેવું મજબૂત વહાણ! મામદ્યની માલમાત અને ફતહ ઉલ બારીની તાકાત; ઇ બુડે નહિ!' યાકૂબનો ઇતબાર પાક્કો હતો; એનું યકીન અડગ હતું.



'ફતલ-ફલ-બારી'ની જ ઢબનું વહાણ 'અદ્રાનફાર': ટન ૨૩૦, નાખવો યાકૂબ કાળા. (Courtesy: 'The Statesman')

એણે ખબરપત્રીઓની ગમગીની દૂર કરવા એમને ચાની પ્યાલીઓ પાઇ; મહાલદ્દીવી ગીતો ગાઇ સંભળાવ્યાં; બેડિયાતોની ગરબી ખૂંદી દેખાડી. ખબરપત્રીઓ એને કૅપ્ટન મોહન પાસે ઉઠાવી ગયા; અને કૅપ્ટન મોહને એને મર્કેન્ટાઇલ મરીન ડિપાર્ટમૅન્ટના પ્રિન્સિપલ ઑફિસર કૅપ્ટન બોઝ પાસે મોકલ્યો.

દરમિયાન હિન્દી સરકારની મિનિસ્ટ્રી ઑવ ટ્રાન્સપોર્ટના દેશી વહાણોના ખાસ અફસર અને ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ ઑવ શિપિંગ વહેલી સવારે જ મુંબાઇથી આવી પહોંચ્યા હતા. તેમણે યાકૂબની વાત સાંભળી, અને તેમને પણ એમાં ઇતબાર મૂકવા જેવું લાગ્યું. તુરત જ ફરી કોશિશ ચાલુ કરવાનો નિર્ણય થયો. આ વખતે ઇન્ડિયન એરફોર્સના સ્ટેશન કમાન્ડરની મદદ માગવામાં આવી, અને પંદર મિનિટ પછી તો ચાર આઇ. એ. એફ. ડાકોટાઓ અકસ્માતની જગ્યાએથી ઠેઠ ઓરિસ્સાની કંઠાર સુધી પાણી ઉપર ચક્કર મારવા લાગ્યાં! બુધવારે સાંજના ડાકોટાઓ પાછાં ફર્યાં. આખા દિવસમાં એમણે કોઇએ કશું પણ જોયું ન હતું. બીજે દહાડે ફરી વિમાનો ઊપડયાં. મોડી બપોરે એક વિમાને સંદેશો આપ્યો: 'ફુલટા પૉઇન્ટ પાસે–પાણીમાં ઓળભંગાર જેવું જણાય છે—પાટિયાં તરતાં દેખાય છે-પાટિયાં મોટાં છે–એક તો લગભગ સોળ ફીટ લાંબું અને છ ફીટ પહોળું છે.'

જરૂર આ 'ફતહ ઉલ બારી'નાં હાડ! હવે કોઇને અંદેશો ન રહ્યો. સ્ટેશન કમાન્ડરે વિમાનોને અડ્ડા તરફ પાછાં ફરવાની રજા આપી.

અને એ રીતે આ કરુણ કિસ્સાનો આખરી અંજામ આવી ગયો.

નવેમ્બર મહિનો પૂરો થયો. 'ફતહ ઉલ બારી' શાયદ સાતમી નવેમ્બર, સોમવારની રાતે અથવા મંગળવારની પરોઢે ગયું હતું. હવે તો એના ફાતિહા પણ ભુલાઈ ગયા હતા.

આજના જગતમાં શાદી અને ગમી, એ પણ અખબારી વસ્તુ બની ગઇ છે. માણસની યાદદાસ્ત બીજી સવારના અખબારી સમાચાર સુધી પણ માંડ પહોંચે છે, જ્યારે 'ફતહ ઉલ બારી'ને તો આજે બાવીસ ત્રેવીસ દિવસ થઈ ગયા હતા. એ વિસારે પડયું હતું.

નવેમ્બર માસની ત્રીસમી તારીખ અને બુધવારે સવારના નવ વાગ્યાને આશરે લાઇબેરિયાની સ્ટીમર 'સૅફો' સૅન્ડહેડ્સ પાસે પાયલટ ઉતારવાની તૈયારીમાં હતી. સીનિયર પાયલટ કોલ્હૂન અને જુનિયર પાયલટ કપૂર, ઊની ઓવરકોટના કમરપટા તંગ કરતા હતા, ત્યાં કપૂરની નજર ઉગમણી નાળ તરફ ફરી, અને થંભી ગઈ! સૂર્યના પ્રકાશમાં ઝગમગતા મોટા તંગ સઢો ઉડાડતું, નાળ પાસેના દરિયાને ફીણ

ફીણુ કરતું, અને વાંઢાર પાછળ ઝગારા મારતા શિરોટાના ચાસ પાડતું, એક વહાણુ ધસ્યું આવતું હતું! એવાં વહાણો જોવાં એ કંઈ પાયલટ કપૂર માટે નવાઈની વાત ન હતી, પરંતુ ઉગમણી નાળ હાલ તુરત માટે બંધ ફરમાવવામાં આવી હતી અને આ માથાભારે વહાણુ એ ફરમાનનો ભંગ કરી રહ્યું હતું! શિસ્તપાલનના મજબૂર જુનિયર પાયલટે સીનિયર પાયલટનું ધ્યાન ખેંચ્યું; સીનિયર પાયલટે 'સ્પાર્ક્સ'ને (વાયરલેસ ઑપરેટરને) સંદેશો લખાવ્યો અને 'સૅફો'ના રેડિયોમાસ્ટર ઉપર તણુખા ઝરવા મંડ્યા: "સીનિયર પાયલટ કોલ્હૂન —એસ એસ 'સૅફો'—સૅન્ડહેડ્સ—પાયલટ વેસલ 'હૂઘલી'ના વડા અફસર કમાન્ડર ચૌધરીને સલામ સાથે—વહાણવટા માટે બંધ કરેલી ઉગમણી નાળમાં ત્રણ કાતરા સઢવાળું, બ્રિગૅન્ટાઈનઘાટનું—દેશી વહાણુ—બંદર તરફ જતું—દેખાય છે. ઘટતું પગલું લેવા વિનતિ છે—સંદેશો પૂરો થયો-મહેરબાની કરીને સંદેશાનું પુનરાવર્તન કરો."

જવાબમાં પાયલટ વેસલ 'હૂઘલી' એ કહેવડાવ્યું કે પોતે સૅન્ડહેડ્સ પાસે જ છે અને જરા વારમાં 'સૅફો' પાસે આવી પહોંચે છે.

પાયલટ વેસલે અરધાએક કલાક પછી કોલ્હૂન અને કપૂરને 'સૅફો' ઉપરથી સંભાળી લીધા અને ઉગમણી નાળ તરફ ઊપડ્યું.

થોડી વારે વહાણુ ઢૂકડાઈ ગયું. પાયલટ વેસલે કડકાઈથી એનું નામ પૂછ્યું. મેગાફોનમાં પૂછેલા સિરાંગના એ અવાજમાં, આ પવનના ખટારાઓ (દેશી વહાણો) પ્રત્યે તિરસ્કાર હતો! માળાઓ, બંદરના કાનૂન-કાયદા કંઈ ન જાણે. અને બાપનું બંદર હોય એમ હાલ્યા આવે!

સિરાંગની ત્રાડનો થોડી વારે જવાબ આવ્યો: "એએએ...... વહાણુ 'ફતહ ફલ બારી'—મહાલદીવથી કલકત્તા-માલ નાળિયેર અને કોડાં—નાખવો મામધ અલી માલમ—ટન એકસો અને આડત્રીશ!"

આ જવાબનો પડઘો શમે ત્યાં તો પાયલટ વેસલ પરનો એકેએક પાયલટ કઠેડા તરફ દોડ્યો! કમાન્ડર ચૌધરીએ માથેથી ટોપી ઉતારી હવામાં ઉડાડી અને 'હૂઘલી' ઉપરથી વધામણીના પોકાર ગાજી ઉઠ્યા!

ગુરુવારે સાંજે હાવડા પાસેના બોયા પાસે, 'ફતહ ઉલ બારી'ને પોર્ટ કમિશ્નર્સના ડિસ્પૅચ વેસલ 'નદીઆ'એ પોતે લાવીને બાંધ્યું.

અને અખબારનવેશો કઠેડા કુદાવી સથા ઉપર ઊતરી પડ્યા. ભયંકર તુફાનોને અનેક વાર આસાનીથી બરદાસ્ત કરી ચૂકેલો મામધ આ ધંધાદારી ખણુખોદુઓની પ્રશ્નધારાથી મૂંઝાઈ ગયો, પણ બીજી ક્ષણે રાંગ ઉપરથી યાકૂબ માલમને ઊતરતો જોઈ એને ધરપત આવી. યાકૂબમાલમ હવે વર્તમાનપત્રોને 'મુલાકાત' આપવાનો ભોંયો થઈ ગયો હતો!

ત્રેવીસ દહાડા ખપતા રહેલા 'ફતહ ઉલ બારી'ના અજ્ઞાતવાસનું પર્વ એણે બારેક વાક્યમાં પૂરું કર્યું. 'ઉ રાતનાં નદીઆ ગઈ—પછી જેમતેમ બાણુ સામે તરિયાં લંગર રાખ્યાં—પણુ આખરે રસ્સા તૂટ્યા—ને વહાણુ દરિયા તરફ ધસડાયું—પહેલાં દેઢસોએક મીલ નૈઋર્ત્યમાં—ઠેઠ ઉડિસ્સાની કંઠાર પાસે પછી ચારસોએક મીલ ઉગમણમાં—તે ઠેઠ અસ્કાનની કંઠાર પાસે—'ને પછી જે મઠાર થઈ, તે પૂછો મા!—ન આમ હાલે કે ન એમ હાલે—અમને થયો કે હયો, આ પણુ ઠીક થયો—અમે નવા સઢ સીવ્યા—'ને જેવો વાવડો નીકળ્યો કે કલકત્તા આવી પૂગા.'

'પણુ, માલમ,' ખબરપત્રીઓએ પૅડ પર પેન્સિલો તોળી પૂછ્યું, 'ખોરાકનું શું? ને પાણીનું?'

'ખોરાક તો માલદીવથી ત્રણેક મહિનાનો લીધો 'તો તે, હજી બે દિ હાલે એટલો છે. પાણી ખૂટવા આવ્યો કે જણુ દીઠ રોજની એક ટબૂડી બાંધી દીધો—ને કાલે વરી પાયલેટ ઇસ્ટીમરે થોડો પાણી દીધો.'

'પણુ માલમ! તમારા ભંડકમાં પચ્ચાસ હજાર નાળિયેર—પાણીવાળાં નાળિયેર—ભર્યાં છે તે?'

'ઘણે ભર્યાં છે; પણુ ઇ અમારાં નથી, જીબાવ; ઇ તો વેપારીનાં છે.' મામધે કહ્યું.

શનિવાર તારીખ ત્રીજી ડિસેમ્બરના 'સ્ટેટ્સમૅન'માં એક અગ્રલેખનું શીર્ષક છે: 'સીમૅનશિપ.' એ લેખમાં અંજલિ આપતાં કહ્યું છે:

"ધ સેફ અરાઇવલ, ઇન કલકત્તા, ઑવ ધ માલદીવ્ઝ વેસલ ફતહ ઉલ બારી વિલ એસ્પેશ્યલી પ્લીઝ ઑલ વિથ એ વૉર્મ પ્લેસ ઇન ધેર હાર્ટ્સ ફૉર ધ સેઇલિંગ શિપ.

હર ઑર્ડીઅલ ઇન ધ સ્ટૉર્મીએ ઑવ બૅન્ગૉલ વૉઝ ફેસ્ડ વિથ ઑલ ધ કરેજિયસ ઍન્ડ રિસોર્સફુલ સીમૅનશિપ, એક્સ્પેક્ટેડ ઑવ ઍન્ડ બિલોન્ગિન્ગ્ ટુ ધ ગૅલન્ટ રેઈસ ઑવ સેઈલર્સ. ધે આર ઑવ મૅની નૅશનાલિટીઝ—હૂ હૅવ લૉન્ગ સર્કમનૅવિગેટેડ ધ કોસ્ટ્સ ઑવ ઈન્ડિયા, ઍન્ડ સેઈલ્ડ ઓવર ધ એડ્જેસન્ટ ઓશન પૅસેજિસ.........

" ધ સ્ટર્ડી સર્વાઈવર્સ ઑવ ધી એઈજ ઑવ સેઈલ ડિઝર્વ એ સૅલ્યૂટ વ્હેન ધે ઓવરકમ (ધી ઓશન્સ) ટેમ્પેસ્ચ્યુઅસ મૂડ્સ."

સુભાષિત

·અનુષ્ટુપ·

विशिखव्यालयोरन्त्यवर्णाभ्यां यो विनिर्मितः।
परस्य हरति प्राणान्नैतच्चित्रं कुलोचितम्॥

(અનુવાદ)

વિશિખ-વ્યાલના અંત્ય વર્ણોથી જન્મ જેહનો,
પ્રાણો લે અન્યના એ ના આશ્ચર્ય, કુળયોગ્ય તો.

[વિવરણુ: 'બાપ એવા બેટા અને વડ એવા ટેટા' નામની કહેવતને ચરિતાર્થ કરતું આ સુભાષિત દુર્જનજન્મની તેમજ ધર્મની વાતને યુક્તિપૂર્વક રજૂ કરે છે. વિશિખ એટલે બાણુ અને વ્યાલ એટલે સાપ. એ બંનેના છેલ્લા અક્ષરોને અનુક્રમે લઇએ તો 'ખલ' શબ્દ થાય. આમ, જે 'ખલ'નો જન્મ બાણુ અને સાપના કુળમાં થયો હોય તે બીજાનો નાશ કરે તેમાં કોઈ જાતની નવાઈ ખરી? માણુસ તો પોતાના કુળને છાજતું જ કામ કરે ને?

—ચંદ્રશંકર પંડ્યા]

રાગ શૂલ છે, ત્યાગ ફૂલ!

પ્રયત્નનો અંત એટલે પરાજયનો આરંભ.

શ્રમસિંચન વડે કાળી માટી ય કંચન બને!

શ્વાસનો અંત એ જ મોત નથી, આશનો અંત પણ મોત જ છે.

આપનારને અભિમાની અને લેનારને ઓશિયાળો ન બનાવે એવું દાન કોઈ હોય તો એ છે નિષ્કામ પ્રેમનું દાન!

શક્તિએ જનતાને કહ્યું, 'હું તમારા પર શાસન ચલાવવા માગું છું.' અને જનતાએ એને સત્તાનું સિંહાસન સોંપ્યું.

સ્નેહે જનતાને કહ્યું, 'હું તમારી સેવા કરવા ચાહું છું.' અને જનતાએ એને પોતાના મન-મયૂરાસને સ્થાન સમર્પ્યું.

સિદ્ધિની સીતાને આરાધનાની અશોકવાટિકામાં પહોંચીને મળી શકે કેવળ અખંડ પુરુષાર્થરૂપી રામના હનુમાન સમાન પરમ ભક્ત જ.

નાથાલાલ દવાણી


કલેજાના રોગો

લેખક - ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

'કુમાર'ની લોકપ્રિય લેખમાળા 'માંદગીનાં મૂળ'નો ૧૭મો હપતો

કલેજું આપણા આખા શરીરમાં સૌથી વધુ કામગીરી ઉપાડતી મોટામાં મોટી અને મજબૂત ગ્રંથિ છે. અને સામાન્ય રીતે શરીરના બીજા કોઈ પણ અવયવ કરતાં રૂઝ આવવાની સૌથી વધુ શક્તિ ધરાવે છે.

આપણી જ બેદરકારીથી આપણે તેમાંથી કમળો, જલંદર, પિત્તની પથરી વગેરે જેવા ભયંકર રોગો જન્માવીએ છીએ.



પાંસળીઓના મજબૂત પિંજરમાં રક્ષાએલાં, શરીરનાં બે અગત્યનાં અંગ: (૧) કલેજું (કાળો ભાગ) અને (૨) હોજરી

કલેજું એ આપણા શરીરમાં સૌથી મોટી ગ્રંથિ છે. પુખ્ત માનવીમાં એનું વજન આશરે ત્રણ રતલ હોય છે, પેટના ઉપરના ભાગમાં જમણા પડખે પાંસળીઓ નીચે આવેલું કલેજું બે ભાગમાં, જમણા અને ડાબા પીંડ(Lobes)માં વહેંચાએલું છે.

શરીરની બીજી કોઈ ગ્રંથિ કરતાં કલેજું જુદાંજુદાં ઘણાં કામ ઉપાડે છે, ખાસ કરીને આંતરડાંમાંથી શોષાએલા ખોરાકના પરિપાકને રાસાયણિક ક્રિયાઓ દ્વારા શરીરની જુદીજુદી કામગીરીઓ માટે ઉપયોગી બનાવે છે. શક્તિ અને વૃદ્ધિનાં ખોરાકનાં ઘટકોને સંઘરે છે, જે જરૂરિયાત મુજબ શરીરમાં વહેંચાય છે. જૂના અને ઘસાએલ લાલ કણોમાંથી પિત્ત બનાવે છે, જે ખોરાકમાંના ચરબીના પાચન માટે આવશ્યક છે. કેટલાંક ઝેરી ને વ્યયદ્રવ્યોને ઓછાં હાનિકારક બનાવે છે. આથવણો અને હૉરમોનો બનાવે છે. વળી લોહીની બનાવટમાં પણ એ અગત્યનો ભાગ ભજવે છે. લોહી જામી જાય એવાં દ્રવ્યો પણ તે બનાવે છે.

પોતાની કામગીરીઓની કાંઈ પણ નિશાનીઓ બતાવ્યા વિના તે બધી ક્રિયાઓ દક્ષતાથી કરે છે; માત્ર જ્યારે તેમાં ઉગ્ર બગાડો થાય છે ત્યારે જ રોગનાં ચિહ્નો દેખા દે છે. બીજા અવયવોની જેમ કલેજું પણ ગંભીર રોગોનું ઘર છે. એમાં કમળાથી માંડી સિરૉસિસ સુધીના સાદા રોગો થઈ આવે છે. એમાં ગડ (tumor), ગૂમડાં (abcesses) ને કૅન્સર પણ થાય છે. સિફિલિસ, મૅલેરિયા, ટાઇફૉઇડ, બળિયા, ક્ષય ને કાલાઝારના રોગોમાં કલેજામાં સોજો આવે છે. જાણવા જેવું છે કે શરીરના બીજા અવયવો કરતાં કલેજામાં 'રૂઝ' આવવાની વધારે શક્તિ છે. કલેજું નવા કોષો ઉપજાવી, રોગને આંતરી લઈ એનો સામનો કરે છે. આથી સિરૉસિસ જેવા ઉગ્ર રોગોના વેળાસર ઉપચાર કરવાથી હવે તે મટે છે.

કલેજાના સોજાને હિપેટાઈટિસ (Hepatitis) કહેવામાં આવે છે. ઝેરી દ્રવ્યોના સેવનથી ટૉક્સિક હિપેટાઈટિસ થઇ આવે છે, તો મૅલેરિયા, મરડો વગેરે રોગોમાં પણ કલેજાનો સોજો આવે છે. આ બધા કરતાં ધ્યાનપાત્ર ઈન્ફેક્શ્યસ હિપેટાઇટિસ (Infectious Hepatitis)છે. ઘણાઓને એકી સાથે થઇ આવતા આ રોગનું કારણ વિષાણુઓ(viruses)છે. જીવાણુઓથી પણ સૂક્ષ્મ વિષાણુઓ સાધારણ માઇક્રોસ્કોપથી દેખાતા નથી. અને જીવાણુઓને પકડી રાખતા પોરસેલિન ફિલ્ટર(ગળણી)ની પણ આરપાર જતા રહે છે. રોગીના મળ અને લોહીમાં સમાએલા વિષાણુઓનો ફેલાવો માખો, પાણી, ખોરાક દૂધ દ્વારા થાય છે. બરાબર સાફ નહિ થએલી ઇન્જેક્શન આપવાની સિરિન્જો અને સોયો વતી એકીસાથે ઘણાને ઇન્જેક્શન આપવાની રીતથી પણ આ રોગનો લોહી વાટે ફેલાવો થાય છે.

રોગસંક્રમણ-કાળ થોડા દિવસથી માંડી થોડાંક અઠવાડિયાં સુધીનો છે. નાનાં બાળકો અને યુવાનોમાં વિશેષ થઈ આવતા આ રોગની શરૂઆતમાં થોડો તાવ, સુસ્તી, ટાઢ લાગવી, શરીરનો દુખાવો આદિ ચિહ્નો હોય છે. મૅલેરિયા તાવમાં પણ આવી નિશાનીઓ ક્યાં નથી હોતી? પણ હિપેટાઇટિસમાં થોડા દિવસો પછી ખાવાની અરુચિ, ઊબકાઊલટી ને કદીક ઝાડા થઇ આવે છે. અઠવાડિયું કે વધારે દિવસો સુધી ઊબકા ચાલુ રહે એ હિપેટાઇટિસની ખાસ નિશાની છે. કોઈક દાખલામાં વધારે તાવ હોય છે, તો કેટલાકમાં કમળો થતાં સુધી કોઈ ચિહ્નો નથી હોતાં.

આ પછી કમળાની શરૂઆત થાય છે. કોક રોગીઓને કમળો થતો પણ નથી. કમળાની શરૂઆતમાં લાલ ભૂખરા રંગનો પેશાબ થાય છે. પછી આંખના ડોળા ને ત્યાર બાદ ચામડીનો રંગ પીળો થાય છે. મળનો રંગ સફેદ હોય છે. ઊબકા અને થાક સતાવે છે. મોટું થએલું કલેજું પાંસળીની બહાર આવે છે. એમાં મંદ એવી સતત વેદના થયા કરે છે. આ સ્થિતિ ચાર અઠવાડિયાં સુધી રહે છે. મોટાંઓ કરતાં નાનાં છોકરાંમાં આ સ્થિતિ વહેલી સુધરે છે.

આ પછી આરામનો તબક્કો શરૂ થાય છે. ઘણા મહિનાઓ સુધી આ સ્થિતિ ચાલે છે. થાક અને ખોરાકની અરુચિ ચાલુ રહે છે. વધારે શારીરિક શ્રમથી કમળાનો ઊથલો થઈ આવે છે. મોટી ઉમરના રોગીઓમાં રોગ ચિરકારી (chronic) બને છે. થોડા દાખલામાં મૃત્યુ થાય છે. જેમ ઉમર વધુ તેમ કલેજાના સોજાની તીવ્રતા રહે છે. ચાલીસ વર્ષ ઉપરની સ્ત્રીઓમાં રોગ અસાધ્ય નીવડે છે.

આ રોગની કોઈ ખાસ દવા નથી. કમળો મટતાં સુધી પથારીમાં આરામ લેવાની આવશ્યક્તા છે. ખાવાનું ના ભાવે તો પણ બળેબળે પ્રોટીનથી ભરપૂર અને થોડી ચરબીવાળો ખોરાક લેવો જોઇએ. કમળો મટ્યા પછી મહિનો દોઢ મહિનો સાધારણ શારીરિક શ્રમવાળો ગાળવો જોઇએ. વિટામિનો, કોલાઈન અને મિથીઓનાઇન દવા રૂપે કે ખોરાક વાટે લેવાથી સારો ફાયદો થાય છે.

લિવર સિરૉસિસ (Liver Cirrhosis) થવાનાં કારણોમાં દારૂનું વ્યસન, સિફિલિસ, પિત્તની પથરી, હૃદયરોગ અને કાલાઝાર તાવ છે.

આ બધાંમાંથી આપણે દારૂના વ્યસનથી થતા સિરૉસિસ અંગે વિચારીશું. આ રોગ વ્યસનીને ધીમેધીમે વર્ષોના ગાળામાં લાગુ પડે છે. શરૂઆતનાં ચિહ્નોમાં સવારમાં ઊબકાઊલટી, પેટમાં ભાર કે દબદબો, ભારે માથું, ખોરાકની અરુચિ, જીભ પર ધોળો થર ને બંધકોષ હોય છે.

આવું લાંબો વખત ચાલ્યા બાદ ખાધા પછી પેટમાં મંદ દુખાવો, સવારમાં ચીકણી ઊલટી, તરસ, ભૂખ છતાં થોડું ખાવાથી સંતોષ, અશક્તિ અને શરીર નબળું પડયાનાં ચિહ્નો દેખાય છે. પણ આ સમયે થતી લોહીની ઉલટી (Haemetemesis) ખરેખર રોગસૂચક નીવડે છે. લોહીની ઊલટી થતાં રોગી દાક્તરી સલાહ–સારવાર માટે દોડી જાય છે. આ પછી પેટમાં પાણી (—જલંદર) ભરાય છે.

પુરુષમાં વધારે પ્રમાણમાં ને પાંત્રીસથી સાઠ વર્ષની વયમર્યાદામાં થતા આ રોગનું કારણ દારૂનું વ્યસન છે. દારૂથી કલેજા-કોષો નાશ પામતા નથી, પણ એનાથી વ્યસનીની ભૂખ નાશ પામવાથી તે અનિયમિતરીતે ફરસાણ અને તળેલા, તીખાતમતા ખોરાક ખાવા તરફ ઢળતો હોવાથી પ્રોટીન અને વિટામિનો વિહીન અયોગ્ય ને અપૂરતા પોષણવાળા ખોરાકને લીધે સિરૉસિસ થઈ આવે છે. બીજો સિદ્ધાંત એવો છે કે ભૂખ ઘટવા સાથે આંતરડાં નબળાં પડવાથી કલેજાને જોઇતાં પ્રોટીનો અને બીજાં પોષણ-દ્રવ્યો ન શોષાવાથી સિરોસિસ થઇ આવે છે.

બેમાંથી ફાવે તે કારણ હો, પણ ઝેરી દ્રવ્યોને પણ નિર્મળ બનાવનાર ખડતલ ને સશક્ત કલેજું દારૂ આગળ નબળું પડે છે. ખાલી પેટ વારંવાર થોડો દારૂ પીવાની ટેવને લીધે સિરૉસિસ થઇ આવે છે. થોડાક વ્યસનીઓ વર્ષો બાદ અગાઉ જેટલા પ્રમાણમાં દારૂ પી શકતા નથી, જ્યારે કેટલાક પી પણ શકે છે. પણ જે અગાઉના કરતાં વધારે પ્રમાણમાં દારૂ પીવા માંડે છે તે કલેજાના આ રોગના ખસૂસ ભોગ બને છે.

દારૂથી થતા કલેજાના બગાડમાં માણસે માણસે ફેર રહે છે. કોકને સાધારણ બગાડો થાય છે તો કોકને એવો ઉગ્ર થઇ આવે છે કે થોડા સમયમાં જીવનનો અંત આવે છે. મોટા ભાગના વ્યસનીઓને આ બને કક્ષાઓ વચ્ચેનું સિરૉસિસ થઇ આવે છે. આમાં અશક્તિથી માંડી લોહીની ઊલટી સુધીનાં ચિહ્નો થઇ આવે છે. કેટલાકને પેટમાં પાણી ભરાય છે, કોઈકોઇને કમળો થાય છે. કમળો અને જલંદર એ ઉગ્ર રોગની નિશાનીઓ છે. આ વખતે રોગી જવલ્લે જ સાજો થાય છે

સારવારમાં દવાઓ સાથે આરામ આવશ્યક છે. શ્રેષ્ઠ પોષણદાતા ખોરાક સાથે વિટામિનો અને ઈજા પામેલા કલેજાને સુધારનાર મીથિયોનાઇન, કોલાઈન આયનોસિટોલ જેવી દવાઓથી ફાયદો થાય છે.

બાળકોને થતા રોગ

ઈન્ફન્ટાઈલ લિવર સિરૉસિસ (Infantile-liver cirrhosis): નવ મહિનાથી માંડી ત્રણ વર્ષની ઉંમરવાળાં બાળકોને થતા આ રોગથી હિંદમા ઘણાં બાળકો મરણ પામે છે. બંગાળ, મદ્રાસ, મુંબાઇ, મધ્ય પ્રદેશનાં રાજ્યો, મ્હૈસૂર ને ત્રાવણકોરમાં આ રોગનું પ્રમાણ વધારે છે. હિંદુઓમાં એના કેસ વધારે થાય છે. પછીના ક્રમમાં મુસલમાનો અને ખ્રિસ્તીઓ છે. રોગીઓમાં છોકરીઓ કરતાં છોકરાઓ વધારે, અને એમને મોટા ભાગે એક વર્ષથી દોઢ વર્ષની ઉમરે રોગ થાય છે. ઉમરની મર્યાદા નવ મહિનાથી માંડી બે વર્ષની છે, પણ ત્રણ વર્ષથી માંડી વધારેમાં વધારે પાંચ વર્ષની વયે પણ આ રોગ થઇ આવે છે.

રોગ ધીમે ધીમે શરૂ થયા પછી જામી પડે છે. લક્ષણોમાં તાવ, કલેજા અને બરોળનો સોજો, કમળો, સખત બંધકોષ, સફેદ કે કાળો ઝાડો, જલંદર, અને શરીરે સોજા આવ્યા પછી રોગી બાળક ઘણુંખરું મરણ પામે છે. મટે તો થોડાં વરસો સુધી માંદલી જિંદગી વિતાવે છે.


શરૂઆતનાં ચિહ્નોમાં ચૂંક, ઝાડા, ઊબકા ને ઊલટી હોય છે. રોગી ચીડિયું બની વારંવાર રડે છે, બરાબર ઊંઘતું નથી, ખાવામાં તરંગીપણું દાખવે છે, પેટ ઉપર સૂઈ જાય છે, બંધકોષ કે ઝાડા હોય છે, દુર્ગંધ મારતા ઝાડામાં પચ્યા વિનાનો ખોરાક હોય છે, ઝાડાવાળાં કપડાં ધોવા છતાં ધોળા ડાઘ પડે છે, લાલાશપડતો દુર્ગંધભર્યો પેશાબ થાય છે જે સુકાયા પછી કપડાંમાં ડાઘા પડે છે. આ શરૂઆતનાં ચિહ્ન છે અને ચતુર માતાઓ આ ચિહ્ન જોઇ તરત દાક્તર પાસે દોડી જાય છે. અવારનવાર સાંજે થોડો કે વધુ તાવ રહે છે ને રાત્રે પસીનો થાય છે.

પછી રોગ વધતાં પેટ વધવા માંડે છે, પેટ પર લીલી નસો દેખાવા માંડે છે, શરીર ગળવા માંડે છે. મોટા ભાગે આ વખતે પેટમાં પાણી ભરાયા પછી માતા બાળકની દવા માટે વિચારે છે. શરીરનો રંગ અને આંખો માટી જેવા ફિક્કા રંગનાં બને છે. આખો દિવસ ને રાત તાવ કાયમ રહે છે. પેશાબ કમી થાય છે. બંધકોષ એટલો બધો રહે છે કે વારંવાર જુલાબ આપવો પડે છે. સફેદરંગી કે કાળો મળ દુર્ગંધયુક્ત હોય છે. આંખનાં પોપચાં ને ઘૂંટણમાં સોજા દેખા દે છે. પછી પેટમાં ને પગમાં પાણી ભરાય છે. પેશાબ થોડો ને પીળો થાય છે. ચામડી ને આંખો પીળાં બને છે. રોગના અંતભાગમાં કમળો થાય છે. આ દશામાં મરણ થાય છે. સુધરવા પર જાય તો ઝાડો પીળો ને ઓછી ગંધ મારતો બને છે. પેશાબનો રંગ બદલાઈ તે છૂટથી થાય છે. ભૂખમાં સુધારો થાય છે. તાવ અટકે છે. રોગી આનંદી બની રમતમાં ભળે છે. પેટ પોચું પડે છે. સુધરનારા કેસમાં કમળો થતો નથી. જલંદર ખરાબ નિશાની છે, પણ વધતો જતો કમળો વધારે ખરાબ નિશાની છે. બંધકોષ કરતાં ઝાડા થવા એ સારું લક્ષણ નથી. રોગીને ધીમે ધીમે લાંબા ગાળે મટે છે.

આ રોગ થવાનું કોઇ ચોક્કસ કારણ શોધાયું નથી. ઘણાં અનુમાનો દોરવામાં આવ્યાં છે. ધાવણાં કે બહારના દૂધ ઉપર ઊછરતાં બાળકોને આ રોગ થઈ આવે છે. બાળકને આપવામાં આવતા ખોરાકના દોષોને લીધે પણ આ રોગ થઈ આવવાનું મનાય છે. ખોરાકના દોષોમાં વધારેપડતી ખાંડ, ઓછાં પ્રોટીનો, ગાયના દૂધની વધારે ચરબી, વધારે પ્રમાણમાં દૂધ કે ખોરાક, તળેલો તેલના ભરપૂર કે ફરસાણનો ખોરાક વગેરેની ગણતરી છે. વારંવાર આપવામાં આવતો દિવેલનો જુલાબ પણ કારણરૂપ લેખવામાં આવે છે.

રોગ કુટુંબગત ઊતરી આવે છે. એક માતાનાં બધાં બાળકો આ રોગથી પીડાય છે. અપૂરતું પોષણ પામતી, ખરાબ દાંતવાળી કે પેટના રોગવાળી માતાનાં બાળકો આ રોગના ભોગ બને છે. વળી ઉપરાઉપરી આવતી સુવાવડો પણ એક કારણરૂપ છે. બાળકને ધાવણ છોડાવ્યા પહેલાં થએલા બીજા ગર્ભાધાનથી માતાના શરીર પર વધુ બોજો આવી પડે છે. ધાવણની જાત અને પ્રમાણમાં ફેર પડે છે. વળી બાળકને બહારનું પોષણ આપવું પડે છે. આ કારણોથી પણ બાળકને રોગ થઈ આવવાનું માનવામાં આવે છે. વધારેપડતા ચરબી કે સ્ટાર્ચવાળા ખોરાકથી માંડી ઓછો ખોરાક આપવાની ટેવ અને ખોરાકમાં વિટામિન 'સી'ની ઊણપને લીધે કલેજા પર વધારે બોજો પડતાં ચેપ(Infection)નો ભોગ બનવાથી તે રોગિષ્ઠ બને છે. જીવાણુઓ, જીવાણુઓનું ઝેર કે ખોરાક બરાબર ન પચવાથી પેદા થએલા ઝેરનો ચેપ, આ ત્રણમાંથી એક કે સામટાં કારણો મળવાથી કલેજું રોગી બને છે. આ રોગને માતાના આરોગ્ય સાથે ઘનિષ્ઠ સંબંધ હોઈ સગર્ભાવસ્થામાં માતાના દાંત, શરીરના કોઇ સ્થ'ના રોગસંચાર કે નબળાં આંતરડાંની યોગ્ય સારવાર થવી જોઇએ. કૉડલિવરઑઈલ, વિટામિનો, દૂધ, શાકભાજી ને પૌષ્ટિક ખોરાકથી માતાનું આરોગ્ય સુધરવું જોઇએ.

યોગ્ય દવા સાથે રોગી બાળકનો ખોરાક ખાસ જાળવવાનો છે. ચરબી ને સ્ટાર્ચવાળા પદાર્થો ઓછામાં ઓછા આપવા જોઇએ. શરૂમાં



રોગિષ્ઠ કલેજાને લીધે શરીરમાં વ્યાપતા વિવિધ વ્યાધિ: કમળો, શરીર પર લાલ ચાઠાં, વાળ ખરી પડવા, પેટમાં જલંદર, ફૂંટી ફૂલવી, પગે સોજા આવવા વગેરે.

મલાઈ કાઢી લીધેલું દૂધ, પછી ભૂખ ઊઘડે ત્યારે ચાલુ દૂધ, દહીં, છાશ, દૂધી ને ટામેટાંનો સૂપ, લીલોતરી શાકભાજી, ગ્લુકોઝ, ફળોનો રસ અને પુષ્કળ પાણી આપવાં જોઇએ. ચોખા કઠોળ અને તળેલો ખોરાક બંધ કરવાનો છે. ઉપર પ્રમાણે ત્રણ મહિના પર્યંત ખોરાક જાળવ્યા બાદ ચોખા આપી શકાય છે. મીથિયોનાઈન કોલાઈન ને વિટામિન બી કૉમ્પ્લૅક્સ દવા રૂપે આપવાનાં છે.'જમ્મીનું લિવર ક્યોર' નામની આયુર્વેદિક દવા સફળ ઉપચાર છે.

કમળો

કમળો (Jaundice) એ રોગ નથી, પણ કલેજાની કામગીરીના બગાડાની નિશાની છે. આ વખતે રોગીની ચામડી ને આંખના ડોળા પીળા રંગના થાય છે. પરસેવો ને પેશાબ પણ પીળા રંગનાં થાય છે. તે દરેક વસ્તુ પીળી જુએ છે. બંધકોષ, ઊબકા, ઊલટી, ખાવાની અરુચિ અને નબળાઈ આગળપડતાં ચિહ્નો છે. હૃદયના ધબકાર અનિયમિત અને નાડીના ધબકારા ધીમા હોય છે.

કમળો થવાનાં કારણો સાધારણથી માંડી ગંભીર સુધીનાં હોય છે: લાલ કણોના ભંગારમાંથી બનેલું પિત્ત પિત્તનલિકા વાટે આંતરડાંમાં જવું, પિત્તની પથરી, પિત્તાશયમાં કૃમિ, પિત્તનલિકાનો સોજો, ઇન્ફેક્ટિવ હિપેટાઇટિસ, કલેજાના ગડ કે કૅન્સરના દબાણને લીધે પિત્તનું વહન બંધ થતાં પિત્ત આંતરડામાં જવાને બદલે લોહીમાં ભળવું વગેરે. કમળો પ્રથમ આંખના ડોળામાં દેખા દે છે, પછી ચામડી પર.

મળનો ભૂખરો રંગ પિત્તને લીધે છે. કમળામાં આંતરડાંમાં પિત્તના આવવાથી ઝાડો સફેદ કે માટી રંગનો હોય છે. વળી પિત્તનો સારક ગુણ છે.એની ગેરહાજરીને લીધે રોગીને બંધકોષ રહે છે. ઊબકા, ભૂખની અરુચિ, પેટમાં વાયુનો દબદબો ને શરીરે ખજવાળનાં ચિહ્નો હોય છે. કૅન્સર અને પિત્તની પથરીને લીધે થએલા કમળા વખતે વારંવાર તીવ્ર વેદના થાય છે. કલેજાના ભરાવા કે પિત્તનલિકાના સોજા વખતે સતત કોતરાતું હોય એવા પ્રકારની વેદના થાય છે. તાવ સાધારણ રીતે નથી હોતો, પણ ઇન્ફેક્ટિવ હિપેટાઇટિસ વખતે કમળા સાથે તાવ હોય છે. લોહી જમાવી દેનારાં દ્રવ્યો ઓછાં થતાં હોઇ કમળા વખતે ઘા પડવાથી લાંબા વખત સુધી લોહી વહ્યા કરે છે. નવજાત શિશુને યે કમળો થાય છે. પણ આ કમળો મંદ પ્રકારનો હોઈ વગર દવાએ અઠવાડિયામાં મટી જાય છે. કોઈકને જ ઉગ્ર કમળો થઈ આવે છે, જે ઘણુંખરું પ્રાણઘાતક નીવડે છે.

ગયા ડિસેમ્બરમાં દિલ્હી ખાતે ભરાએલા ઔદ્યોગિક પ્રદર્શન અને મેળા વખતે કમળાનો રોગચાળો ફાટી નીકળ્યો હતો, જેમાં વીસ હજાર કેસ નોંધાયા હતા. મેળામાંથી વતન પાછા ફરેલા માણસો જ્યાંજ્યાં ગયા ત્યાંત્યાં પણ ચેપ ફેલાયો હતો. ચેપ ખોરાક અને પાણી વાટે ફેલાય છે. દિલ્હીના ચેપનું કારણ પમ્પિંગ સ્ટેશને પીવાના પાણીમાં ભળેલો બગાડો માનવામાં આવે છે. વિષાણુઓ એવાં તો જરઠ હોય છે કે જંતુઘ્ન દવાઓ કે બીજાં સાધનોથી મરતાં નથી. પાણી ને દૂધ પાંચ મિનિટ સુધી ઊકળ્યા વિના વિષાણુમુક્ત થતાં નથી. આ રોગસંચારનો સમય કમળો થતાં અગાઉ ત્રણથી આઠ દિવસ અને કમળો થયા પછી આઠથી પંદર દિવસનો છે. કેટલાક રોગીઓ વિષાણુઓને છ માસ પર્યંત શરીરમાં સંઘરતા હોય છે.

રોગ ધીમેધીમે શરૂ થાય છે. શરૂઆતમાં ભૂખનાશ, ઊબકા, ઊલટી, બંધકોશ અને શિરોવેદના હોય છે. પેટમાં પીડા તથા થોડો તાવ પણ હોય છે. કમળો થયા પછી આ ચિહ્ન અદૃશ્ય થાય છે. કેટલાક કેસોમાં રોગનું આક્રમણ ઉગ્ર ને અચાનક હોય છે. ત્રીસ ટકા રોગીઓમાં તો કોઈ ચિહ્નો હોતાં નથી. બીજાઓને ચેપ લાગવાની દૃષ્ટિએ જોઇએ તો આ હકીકત ભયાનક છે. જોકે આ રોગનું મરણ-પ્રમાણ એક કે બે ટકાનું છે, પણ પૂરો આરામ થયા વિના કામ ઉપર ચડનારને ઊથલો ખાય છે. પૂરો આરામ થતાં સુધી વધારે ખોરાક અને ઠંડકથી જાળવવાનું છે.

કમળા વખતે દસથી પંદર દિવસનો પથારીનો આરામ હોવો જોઇએ. ચરબીનું પાચન પિત્તથી થાય છે, પણ કમળા વખતે પિત્ત આંતરડાંમાં જવું ન હોઇ રોગીએ ખોરાકમાં બિલકુલે ચરબી લેવી નહિ. પ્રોટીન અને થોડા પ્રમાણમાં સ્ટાર્ચ લેવાની છૂટ છે. પ્રોટીનોમાં ચણા, ચોળા ને મગ તથા સ્ટાર્ચી પદાર્થોમાં બાજરી, કોદરી ને ગ્લુકોઝ લેવાં. લીંબુના રસમાં ગ્લુકોઝ નાખી બનાવેલું પીણું ઉત્તમ છે. દૂધ ને છાશ લેવાની છૂટ છે. ફળોમાં પોપૈયું મોસંબી ને ખજૂર લેવાય.

પિત્તની પથરી

પિત્તની પથરી (Gall Stones): પિત્તાશયનો ચિરકારી સોજો (ક્રૉનિક કોલિસિસ્ટાઈટિસ) એ પેટનો સામાન્ય વ્યાધિ છે. એ થવાનું એક કારણ પિત્તની પથરી છે. બીજાં કારણોમાં બેઠાડુ જીવનથી થતો પિત્તનો જમાવ, પિત્તાશયમાં કૃમિ, દાંત કે ચોળિયાનો ચેપ અને ન્યૂમોનિયા, ઈન્ફ્લ્યુએન્ઝા કે ટાઇફૉઇડ તાવની માઠી અસર છે.

ખાધા પછી બે કે ત્રણ કલાકે પેટના મધ્ય ભાગમાં ભાર કે દબાણ લાગે છે. આ પીડા અથાણાં, તળેલા કે ચરબીવાળા ખોરાક ને ફળો પછી વધારે થાય છે. ઓડકાર કે ઊલટી પછી પીડા શમે છે. પેટ ભણી નીચા નમવાથી પેટનો ફુગાવો ઓછો લાગે છે. (અનુ. પૃ. ૧૮૯મે)

નાગાર્જુનાચાર્ય

પ્રાચીન ભારતની એક અદ્વિતીય પ્રતિભા




બૌદ્ધ ધર્મની માધ્યમિક શાખા 'મહાયાન'ના પ્રવર્તક નાગાર્જુનાચાર્યની પ્રતિભાનાં મહર્ષિ વેદવ્યાસની માફક અનેક પાસાં છે. તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં તેઓ બૌદ્ધ દર્શનના સૌથી મહાન નિર્માતા અને 'શૂન્યતાવાદ' નામક તેની મહત્ત્વની વિચારધારાના આચાર્ય છે. વિજ્ઞાનના ક્ષેત્રમાં તેઓ આયુર્વેદના એક મહાન પ્રાણાચાર્ય, ધાતુવેત્તા, રસાયનશાસ્ત્રી, 'સુશ્રુત-સંહિતા'ના સંપાદક, અનેક યોગ, રસાયનો, રાસાયનિક વિધિઓ તથા યંત્રોના શોધનાર, તેમજ લોહશાસ્ત્ર વગેરે શાસ્ત્રો અને રસ-રત્નાકર આદિ ધાતુવિજ્ઞાન, જનનવિજ્ઞાન અને તંત્રસંબંધી મહત્ત્વપૂર્ણ ગ્રંથોના નિર્માતા હતા. પારાના યોગની વિધિ અને તિર્યકપાતન યંત્રની શોધ તેમણે જ કરી હોવાનું મનાય છે. આપણા તેઓ સૌથી પ્રાચીન રસાયનાચાર્ય હતા. તંત્રના ક્ષેત્રમાં તેઓ એક મહાન સિદ્ધ (૮૪ સિદ્ધોમાં ૧૬મા) હતા. બૌદ્ધોમાં તો તેઓ ભગવાન ગૌતમ બુદ્ધ પછી બીજા મહાપુરુષસત્તમ છે. ભારત ઉપરાંત તિબેટ, ચીન આદિ દેશોની વિચારધારા અને સંસ્કૃતિના સ્વરૂપનિર્માણમાં યે તેમનો ફાળો અતિમહત્ત્વનો છે.

આ મહાપુરુષ ક્યાં અને ક્યારે થઈ ગયા તે વિષે નિશ્ચિત માહિતી મળતી નથી; પરંતુ વિદ્વાન ઇતિહાસકારોના બહુમતપ્રમાણે તેઓ કુશાન સમ્રાટ કનિષ્કના સમકાલીન અને મૂળ કોશલ કે વિદર્ભના રહેવાસી હતા. તેઓ જન્મે બ્રાહ્મણ અને વેદવેદાન્તના પ્રકાંડ પંડિત હતા, પણ પાછળથી બૌદ્ધ બનેલા; તથા મહાબોધિસત્ત્વ અવલોકિતેશ્વરના આદેશથી નાલંદા વિદ્યાપીઠમાં જઇને ત્યાંના અધ્યક્ષ બન્યા હતા એમ કહેવાય છે. પણ આયુષ્યનાં વરસોનો મોટો ભાગ તેમણે કૃષ્ણા નદીને તીરે વસેલ વિદ્યાકળાસમૃદ્ધ નગરી શ્રીપર્વતની પાસેની એક ગુફામાં ચિંતનમાં ગાળેલો. બૌદ્ધ ધર્મનો વિખ્યાત મહાયાન સંપ્રદાય અહીંથી જ આખા એશિયામાં ફેલાયો હતો; અને એ ધર્મને દાર્શનિક સ્વરૂપ આપનાર આ નાગાર્જુનાચાર્ય મારફત તેનો જેટલો પ્રચાર થયો તેટલો બીજા કોઈ મારફત થયો નથી. છેલ્લેછેલ્લે ભોજભદ્ર નામના એક મોટા રાજાને દસ હજાર બ્રાહ્મણો સહિત તેઓ બૌદ્ધ ધર્મમાં લાવ્યા હતા. એક વાર ભયંકર દુકાળ પડતાં કોઈ સુદૂરના એક સિદ્ધ પાસેથી ધાતુમાંથી સુવર્ણ બનાવવાની વિદ્યા શીખી, તેની સહાયથી તેમણે લોકોને દુકાળના મોંમાંથી બચાવ્યા હતા. ઉપરાંત તેમણે અનેક ચૈત્ય અને વિહાર બંધાવ્યા હતા, તથા વૈદક, રસાયન આદિ વિષયો પર અનેક ગ્રંથો લખ્યા હતા. જીવનના શેષ ભાગમાં તેમણે પોતાની જગ્યાએ આર્યદેવ નામના એક બૌદ્ધ પંડિતની નિમણૂક કરી હતી. છેવટે વાદવિવાદ કરતાં હારેલા કોઇ પ્રતિસ્પર્ધીએ તેમનું ખૂન કર્યું હતું!

નાગાર્જુનાચાર્યના જ સમકાલીન અશ્વઘોષ નામના એક કવિ અને દાર્શનિક થઈ ગયા, જેઓ કનિષ્કના સમયમાં બૌદ્ધ સંઘના અધિનાયક બનેલા. કનિષ્કના યુગ સુધી ધીમેધીમે બૌદ્ધ ધર્મમાં એક નવી વિચારધારા મોખરે આવતી જતી હતી, જે આગળ ઉપર 'મહાયાન'ને નામે જાણીતી થઈ. વસ્તુતઃ ભગવાન બુદ્ધના નિર્વાણ પછી અનેક વાદો અને સંપ્રદાયો અસ્તિત્વમાં આવતા જતા હતા, જેમાંનો એક 'સર્વાસ્તિવાદ' પણ હતો. તેની એ શાખાનું ગાંધારમાં પ્રાબલ્ય હતું. કનિષ્કના સમયમાં બૌદ્ધ ધર્મની જે ચોથી સંગીતિ (અધિવેશન) બોલાવવામાં આવેલી, તેમાં 'ત્રિપિટક'નું 'મહાવિભાષા' નામનું મહાભાષ્ય તૈયાર કરાયું હતું, જેની એક પ્રત તામ્રપત્રો ઉપર કોતરાવીને એક સ્તૂપની નીચે દાટવામાં આવી હતી. આ જ ગ્રંથના નામ પરથી સર્વાસ્તિવાદીઓની તે શાખા 'વૈભાષિક' તરીકે ઓળખાવા લાગી અને 'મહાયાન' સંપ્રદાય આ વૈભાષિકસંપ્રદાયમાંથી જ વિકાસ પામ્યો. એ 'મહાયાન' સંપ્રદાયના આદિ પ્રવર્તક નાગાર્જુનાચાર્ય ગણાય છે. તેમણે બુદ્ધત્વ-પ્રાપ્તિના ત્રણ મુખ્ય માર્ગ—અર્હત્-યાન, પ્રત્યેકબુદ્ધ-યાન, અને સમ્માસબુદ્ધ કે સમ્યક્સંબુદ્ધ-યાનમાંથી ત્રીજાને જ પ્રધાનતા આપી અને અન્યને 'હીન' ઊતરતા કહ્યા. ત્યારથી 'હીનયાન' અને 'મહાયાન'ના રૂપમાં બૌદ્ધ ઉપાસકોના બે સંપ્રદાયો પડી ગયા. પરંતુ આ સંપ્રદાય-સ્થાપના કરતાં પણ અધિક મહત્ત્વપૂર્ણ તો નાગાર્જુનાચાર્ય દ્વારા બૌદ્ધ ધર્મમાં રજૂ કરાએલો 'દાર્શનિકવાદ' છે, જેનું સૂત્ર છે 'સર્વં શૂન્યમ્'. ભારતીય તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં આ વિચારધારા 'શૂન્યતાવાદ'ને નામે ઓળખાય છે. તેના દર્શનના બે ભાગ છે: સંવૃતિસત્ય અને પરમાર્થસત્ય. સંવૃતિસત્યમાં તેમણે માયાનું મૂળ તથ્ય નિરૂપિત કર્યું છે, અને પરમાર્થસત્યમાં એવું પ્રતિપાદિત કર્યું છે કે ચિંતન અને સમાધિ દ્વારા મહા આત્માને જાણી શકાય છે. મહા આત્માને જાણી લીધા પછી માયા દૂર થઈ જાય છે. માધ્યમિક દર્શનનો સિદ્ધાંત એવો છે કે સાધારણ નીતિધર્મના પાલનથી જ મનુષ્ય પુનર્જન્મથી રહિત થઇ શકતો નથી. નિર્વાણ મેળવવા માટે દાન, શીલ, શાંતિ, વીર્ય, સમાધિ અને પ્રજ્ઞા એટલા ગુણો વડે આત્માને પૂર્ણતાએ પહોંચાડવો જોઇએ. તેઓ કહેતા હતા કે વિષ્ણુ, શિવ, કાલી, તારા આદિ દેવદેવીઓની ઉપાસના સાંસારિક ઉન્નતિ માટે કરવી જોઇએ.

'માધ્યમિકકારિકા', 'યુક્તિષષ્ટિકારિકા', 'વિગ્રહવ્યવર્તનકારિકા', 'વિગ્રહવ્યાવર્તનીવૃત્તિ', 'દ્વાદશનિકાય' એ ગ્રંથોમાં તેમના માધ્યમિક તત્ત્વજ્ઞાનના વિચારો સંકલિત એલા છે. તેમણે કન્નડ અને સંસ્કૃત ભાષામાં



શ્રીપર્વતના સ્થાનેથી ખોદકામમાં મળી આવેલા શિલ્પખંડમાં નાગાર્જુનાચાર્યની પ્રાચીન મૂર્તિ

રસાયનશાસ્ત્ર ઉપર અનેક ગ્રંથો લખ્યા છે. 'માધ્યમિકકારિકા' પર તેમણે 'અકુતોભયા' નામની સંસ્કૃત ટીકા પણ લખી છે, પણ હાલ તે મળતી નથી. આ સિવાય 'મુક્તિષષ્ટિકા', 'શૂન્યતાસપ્તતિ', 'પ્રતીત્યસમુત્પાદહૃદય', 'મહાયાનવિંશક', 'ધર્મસંગ્રહ', 'સુહલ્લેખ' (અહીં 'સુહૃદ' એટલે સાતવાહન એમ ચીની પ્રવાસી ઇત્સિંગનું કહેવું છે.), 'પ્રજ્ઞાપારમિતાસૂત્રશાસ્ત્ર', 'દશભૂમિવિભાષાશાસ્ત્ર', 'એકશ્લોકશાસ્ત્ર' (આ ટીકા નિઃસંશય નાગાર્જુનાચાર્યની જ હોવી જોઇએ.), 'કક્ષપુટ', 'કૌતૂહલચિંતામણિ', 'યોગરત્નમાલા', 'યોગરત્નાવલિ', 'નાગાર્જુનીય ચિકિત્સા', 'પ્રજ્ઞાદંડ' (તિબેટી ભાષામાં લખાએલું આ પુસ્તક તેમનું જ છે એમ નિશ્ચિતપણે ન કહી શકાય) આદિ ગ્રંથોમાં તેમની પ્રગાઢ જ્ઞાનમત્તાનાં વિશદ દર્શન આપણને થાય છે. (સંપાદકીય)



હૈદરાબાદમાં કૃષ્ણા નદી ઉપર બંધ બાંધીને સ્થપાનાર
ભારતભરનો વિરાટ અને અસાધારણ જળાગાર

ભારતમાં માનવનિર્મિત(નદીઓ પર બંધ બાંધીને ઉપજાવેલ) સૌથી મોટા સાગર નાગાર્જુનસાગરનો શિલારોપણવિધિ વડા પ્રધાન શ્રી જવાહરલાલ નેહરુને હાથે ગઈ દસમી ડિસેમ્બરે થયો હતો. તેનું નિર્માણ ભારત, આંધ્ર અને હૈદરાબાદની સરકારના સંયુક્ત સહકારથી કરવામાં આવશે. તેને માટે ૩૦ ગામોને બીજે ખસેડીને ફરી વસાવવાં પડશે. તેનું ક્ષેત્રફળ ૧૧૦ ચોરસ માઈલ થશે, અને તેમાં ભાકરા અને હીરાકુડ બંધ કરતાં યે વધુ પ્રમાણમાં—૯૩ લાખ એકર સુધી પાણી એકઠું થઈ શકશે. બંધની ઊંચાઈ ૩૭૫ ફૂટ હશે ને ૫૧૦ ફૂટ ઊંચા ભાકરા નંગલ બંધ પછી તે ભારતનો બીજો સર્વોચ્ચ બંધ હશે.

નાગાર્જુનસાગરનાં પાણીથી ૩૪ લાખ એકર જમીનની સિંચાઇ થશે અને તેનાથી ૧૨ લાખ ટન કરતાં વધુ અનાજ ઉત્પન્ન થઈ શકશે. તેને દક્ષિણ કિનારેથી જે નહેર કાઢવામાં આવશે તે જગતભરમાં સૌથી મોટી એટલે કે ૨૭૬ માઈલ લાંબી હશે અને તેમાં ૨૧ હજાર ક્યુસેક પાણી વહેશે. ઉપરાંત તેનાથી ૭૫ હજાર કિલોવૉટ વીજળી ઉત્પન્ન થશે. તેના નિર્માણનું ખર્ચ ૧૨૨ કરોડ રૂપિયા થશે. આમ નાગાર્જુનસાગરબંધનો આકાર-પ્રકાર અને તેની અન્ય સર્વ બાબતો અસાધારણ છે.

આ સાગરનું નામ બૌદ્ધ ધર્મના મહાન આચાર્ય અને મહાયાન સંપ્રદાયના સંસ્થાપક નાગાર્જુનાચાર્યના નામ પરથી પાડવામાં આવ્યું છે; જોકે પહેલાં તેનું નામ 'નંદીકોંડા' રાખવાની વિચારણા ચાલતી હતી, જેમની પૂજા આજ પણ તિબેટ, ચીન, જાપાન, સિલોન, બ્રહ્મદેશ આદિ બૌદ્ધધર્મી દેશોમાં કરવામાં આવે છે. આ સ્થાન તે વખતે 'શ્રીપર્વત'ને નામે ઓળખાતું, અને ત્યાં એક વિખ્યાત વિદ્યાપીઠ પણ હતી. દેશદેશાવરથી લોકો વિદ્યાધ્યયન અને જ્ઞાનવિજ્ઞાનના શિક્ષણ માટે અહીં આવતા હતા. જ્ઞાનવિજ્ઞાન, સુખસમૃદ્ધિ અને વૈભવનું ત્યારે આ સ્થળ સમસ્ત એશિયામાં ધામ ગણાતું.

ભારતમાં નાગાર્જુનાચાર્યનું સાહિત્ય આજે મળતું નથી, પરંતુ તિબેટ અને ચીનમાં તો ભૂટિયા તથા ચીની ભાષામાં તેના ગ્રંથોનું ભાષાંતર જ નહિ, પરંતુ મૂળ સંસ્કૃતના ગ્રંથો પણ મળે છે. ચીની ભાષામાં તેમને 'લુંગ શુ' અથવા 'લુંગ મિંગ' કહે છે. ભૂટિયા સૂત્રો અનુસાર તેમનો જન્મ વિદર્ભમાં એક બ્રાહ્મણ કુળમાં થયો હતો અને વેદ તથા શાસ્ત્રોના તેઓ પ્રકાંડ પંડિત હતા. પછી તેમણે બૌદ્ધ ધર્મનો અંગીકાર કર્યો અને નાલંદા વિદ્યાપીઠના અધ્યક્ષ નિમાયા. કહેવાય છે કે તેમણે પૂરનિવારણાર્થે બૌદ્ધગયા નજીક એક બંધ બંધાવ્યો હતો. પછી તેઓ શ્રીપર્વત આવી રહ્યા, જે સ્થાન એ વેળા એશિયાભરનું સંસ્કૃતિકેન્દ્ર બની ગયું હતું. મહાયાન સંપ્રદાય અહીંથી જ આખા એશિયામાં ફેલાયો.

કહે છે કે એક જ નામના બે નાગાર્જુનાચાર્ય થઈ ગયા છે, જે બંનેમાં બસો-ત્રણસો વર્ષોનું અંતર છે; પરંતુ એમના કાર્યમાં એટલી બધી એકરૂપતા છે કે બંનેને એકબીજાથી અલગ ઓળખવા અસંભવિત છે.


તે સમયે આ સ્થાન ઇક્ષ્વાકુ રાજવંશની રાજધાની હતી. દક્ષિણી ઇક્ષ્વાકુ વંશના સ્થાપક સત્તમુલા પ્રથમ હતા. તે પોતાને ઋગ્વેદ, અથર્વવેદ અને શતપથ બ્રાહ્મણના આધારે સુપ્રસિદ્ધ ઇક્ષ્વાકુ વંશના વંશજ તરીકે ઓળખાવતા. ઇક્ષ્વાકુ રાજપુરુષ તો બ્રાહ્મણધર્મ પાળતા હતા, પરંતુ તેમણે પોતાની સ્ત્રીઓને બૌદ્ધધર્મ અપનાવવાની રજા આપી હતી. ઇતિહાસકાર એમને મહાન નિર્માતાઓ તરીકે યાદ કરે છે.



હૈદરાબાદ તરફનો આ સ્થાનનો સ્મૃતિસ્તંભ, જેનું અનાવરણ પંડિત નેહરુએ કર્યું.

ગાઢ જંગલથી ઘેરાએલા અહીંના ટેકરાને ઈ. ૧૯૨૬માં ખોદતાં આ મહાનગરીના અવશેષો મળી આવેલા, જેમાં બૌદ્ધ પુરાતત્ત્વના અમૂલ્ય ભંડાર સમા સ્તૂપ, ચૈત્ય, વિહાર આદિનો સમાવેશ થાય છે. મધ્યમાં એક રાજમહેલના અવશેષો પણ મળ્યા છે, જેમાં પણ એક મહાસ્તૂપ છે. ઉપરાંત મુદ્રાઓ, અસ્થિઓ, ચીનાઈ માટીનાં વાસણ, મૂર્તિઓ અને ઇસવી સનની બીજી સદીના ઇક્ષ્વાકુ કાલના પાંચ શિલાલેખો પણ મળી આવ્યા છે. આ સૌમાં મહત્ત્વપૂર્ણ છે મહાચૈત્યમાંથી મળેલાં અસ્થિ,

જે ભગવાન ગૌતમ બુદ્ધનાં હોવા સંભવ છે. હાલ આ અસ્થિ સારનાથમાં મૂલગંધકુટિર વિહારમાં છે, જ્યાં તેની પૂજા કરવામાં આવે છે. વળી જ્યાં નાગાર્જુનાચાર્યનાં ચરણે બેસી દેશ-દેશાવરનાં નરનારીઓ જ્ઞાનામૃતનું પાન કરતાં તે વિદ્યાપીઠના અવશેષો પણ મળ્યા છે. શ્રીપર્વત પછી આ સ્થાન વિજયપુરીને નામે પ્રસિદ્ધ થયું હતું, અને પં. નેહરુએ નાગાર્જુનસાગરને કિનારે વસનારા નગરને માટે પણ એ જ નામ સૂચવ્યું છે. (હિંદી 'ધર્મયુગ' ઉપરથી) **બંકટલાલ ઓઝા**



શ્રીપર્વતના સ્થાનેથી મળી આવેલા શિલ્પાવશેષો સાથે એક શિલાખંડ એવો પણ મળી આવેલો છે, જેના પર નિર્ધારિત શિલ્પની રૂપરેખા અંકિત કરેલી છે. આ એક વિશિષ્ટ પ્રાપ્તિ ગણાય. ઉપર્યુક્ત શિલાખંડમાં, કોઈ દ્વારદેશ આગળ ઊભેલી શાલભંજિકાનું આલેખન છે, જે જમણો હાથ કમરે મૂકી ડાબા હાથે વૃક્ષશાખા પકડી ઊભેલી છે. તેને પડખે પ્રસાધનનો દાબડો ધરીને પરિચારિકા ઊભી છે. થાંભલાને મથાળે આવેલા સિરદલના પાટડાને છેડે મકરમુખમાંથી નીકળતી સિહણ દર્શાવી છે, અને મથાળે મકરના ખુલ્લા મુખના ઉપલા જડબાને પકડી રાખતી એક વામનમૂર્તિનું સુશોભન છે.

કલેજાના રોગો (અનુસંધાન પૃષ્ઠ ૧૮૬થી) ગળામાં ગરબાઈ બળે છે કે મોઢામાં થૂકના કોગળા આવે છે. શ્રમ પછી ટાઢ વાઇ થોડો તાવ આવે છે. સાથે ઊબકા-ઊલટી હોય છે. પીડા છેક જમણા ખભામાં કે બરડામાં ખભાના હાડકાના ભાગ સુધી પણ વરતાય છે. મોટા ભાગે આ રોગ ચાળીસ વર્ષની (forty), બહુ છોકરાંવાળી (fertile), જાડી (fat), સુંદર (fair) સ્ત્રીને (female) થઈ આવે છે!

શરીરના ત્રણ અવયવોમાં પથરી થાય છે: પિત્તાશય, મૂત્રાશય અને મૂત્રપિંડ (Kidney ગુરદા). આ ઉપરાંત જીભ નીચેની લાળગ્રંથિમાં અને પુરુષની પ્રોસ્ટેટ ગ્રંથિમાં પણ તે થાય છે.

પિત્તાશયમાં પથરી થવાનાં બે કારણો છે: પહેલું છે ગળાના ચોળિયા સાઈનસ કે એપેન્ડિક્સના રોગસંચાર વખતે લોહી વાટે જીવાણુઓ પિત્તાશયમાં જઈ ચડે છે તે. એનાથી પિત્તાશયમાં દાહ ઊપજવાથી પથરીઓ થાય છે. ટાઇફૉઇડ તાવ મટ્યા પછી પણ વર્ષો બાદ પિત્તની પથરીઓ થઈ આવે છે. બીજું કારણ ખાવાની કુટેવો છે: વધારેપડતું ખાવું, અતિ પૌષ્ટિક અને દાહક ખોરાક ખાવો, વારંવાર કે ઉતાવળે ખાવું, વધુ તળેલો ખોરાક કે માખણ-મલાઈ ખાવાં વગેરે.

પચેલો ખોરાક આંતરડાંમાથી કલેજામાં જાય છે. અહીં ખોરાકના બિનઉપયોગી પરિપાકને રાસાયનિક ક્રિયાઓ વતી દેહની પેશીઓ માટે ઓછા હાનિકારક બનાવાય છે. કલેજાની આ રક્ષણાત્મક કામગીરી વધારેપડતા બોજાને લીધે કોક વાર નિષ્ફળ જાય છે. આમ થતાં પિત્તાશય કે મૂત્રાશયમાંથી પસાર થતાં વ્યયદ્રવ્યો એ અવયવોમાં દાહ ઉપજાવે છે. દાહને લીધે અવયવોમાં પુષ્કળ શ્લેષ્મ(mucus) સ્રવે છે. આ શ્લેષ્મ પથરીની બનાવટ માટે પહેલું પગથિયું નીવડે છે. શ્લેષ્મ ગુંદર જેવું હોઈ, એમાં ખોરાકના ક્ષારો એકઠા થવાથી ધીમે ધીમે પથરી બંધાવા માંડે છે. પથરી ઘઉંના દાણાથી માંડી કબૂતરના ઈંડા જેવડી હોય છે। એના વિવિધ કદ અને ઘાટ હોય છે. સંખ્યા એકથી માંડી અનેકની હોય છે. પીળા રંગથી માંડી ઘેરા ભૂખરા સુધીના રંગોવાળી તે હોય છે.

દક્ષિણ હિન્દની સરકારી ન્યૂટ્રિશનલ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટમાં કયા ખોરાકથી પથરી થઈ આવે છે એનું સંશોધન કરવામાં આવ્યું હતું. ઉંદરોના જૂથને બાર જાતના ખોરાક ખવડાવવામાં આવ્યા હતા. ફક્ત બે જાતના ખોરાક સિવાયના બીજા ખોરાકથી પથરી થઇ આવી હતી. આ બે જાતના ખોરાકમાં વધારાના ખાદ્યમાં દૂધની જોગવાઈ હતી. આ ઉપરથી સાબિત થયું છે કે પૂરતા પ્રમાણમાં દૂધનો ખોરાક હોય તો પથરી થવાની સંભાવના રહેતી નથી.

કોલેસ્ટેરોલ અને યૂરિક ઍસિડવાળો આહાર લેવાથી પથરી થઇ આવે છે. આવા આહારમાં માંસ, મચ્છી, ઇંડાં ને પ્રાણીઓનાં આંતરિક અવયવો, પનીર, તળેલો ખોરાક, તેજાના, દારૂ અને વધારેપડતાં શિંબી-ધાન્યો (cereals) છે. સમતોલ આહારમાં શાકભાજી, ફળો, દૂધ અને શિંબી-ધાન્યો સાથે માખણ અને તેલનો સમાવેશ થાય છે. વિટામિન 'એ'નું ઓછું પ્રમાણ લેવાથી આંતરિક અવયવોની આંતરત્વચાનો દાહ થઈ આવે છે, જે પથરીની બનાવટ માટે અનુકૂળતા સર્જે છે. વિટામિન 'એ' લીલાં પાંદડાંવાળી શાકભાજી અને ફળોમાંથી મળી રહે છે.

પિત્તાશયમાં પડી રહેલી પથરીનાં કોઈ ચિહ્નો નથી હોતાં. પણ જ્યારે તે ખસીને પિત્તનલિકામાં આવે ત્યારે ચૂંક(colic)ની અતિશય વેદના થાય છે. આ વખતે હોજરીના ભાગમાં માનવી સહી ન શકે એટલી તીવ્ર વેદના થાય છે. જમણા ખભામાં પીડા અનુભવાય છે. ઠંડી, તાવ, ઊબકા, ઊલટી, કમળો ને પરસેવો વગેરે ચિહ્નો થઈ આવે છે.

આ ચૂંકની વેદના વખતે દાક્તર આવતાં સુધી પેટ અને બરડા ઉપર ગરમ પાણીનો શેક વેદનામાં રાહત આપનાર નીવડે છે.



ખંડ ૨૬: રમ્યાણિ વીક્ષ્ય[૧]

અંજતેંગુ બંદરેથી અત્તિંગળનાં મહારાણી કોલાચલ સુધી 'રાવળનાથ' ઉપર સફર કરવાનાં હતાં. અહીં વર્દ્ધમાન શેઠની ધીકતી પેઢી હતી. શેઠિયાઓ રાજના મહેમાન બની અત્તિંગળ ગયા. 'રાવળનાથે' પાંચસો ભાર માલ ઉપાડવા માંડ્યો. એ માલ મહાલદીવ ઉતારવાનું હતું. ચોથે દહાડે શેઠિયાઓ બપોરે પાછા જુંગ ઉપર આવ્યા. સંધ્યા ટાણે મહાદેવી ચડવાનાં હતાં. એમને માટે રાણીવાસ તૈયાર થયો.

વહેલી સાંજે ખાટલિયાએ અત્તિંગળના ઢોળાવ ઉપરથી સવારી આવતી જોઇ. શેઠિયાઓ અને માલમો સથા ઉપર સ્વાગત માટે તૈયાર થઇ ઊભા. નેમચંદ અને કસ્તુરચંદ મુઘલ સરદાર જેવા લાગતા હતા. પેની સુધીનો, વચમાં સંકોરેલો, મલમલનો જામો, લાંબી ચૂડીદાર બાંહ્ય, માથે સોનેરી પટ્ટાની લાલ બીડી ખંભાતી પાઘડી, પગમાં જરીદાર મોજડી, ગળામાં મોતીનો હાર, કપાળે ચંદનનો ચાંદલો અને અત્તરનો મઘમઘાટ. પડખે શેઠાણી ઊભાં હતાં. સોનાની ઝાકળમાંથી વણેલું મોટા પટ્ટાનું શેલું, સોનેરી જરીના ખણનો કમખો, રૂપાળા પગમાં રત્નજડિત મોજડી, હાથમાં હીરાનાં કંકણ, વચ્ચે રાતીચોળ ચૂડીઓ અને ગળામાં જડાવ હીરાનો હારઃ અને સૌથી કીમતી આભૂષણ, તે ત્રણેનાં મોં ઉપર અભિજાત નમણાઇ. વાણિયા નમીનમીને ઉન્નતિ સાધે છે; નમણાઇ એ એની કીમતીમાં કીમતી મૂડી છે.

બીજે પડખે દેવરાજ નાખવો અને રામસિંહ માલમ ઊભા હતા. વચલા મજલાની સીડીને મથાળે, આવાસ પાસે અજો સુકાની ઊભો હતો. જરીદાર મેવાડી બંડી, પહોળા રાતા પટ્ટાનું પંચકચ્છ ધોતિયું, ઉપર શેલાનું કેડિયું, માથે લ્હેરિયાં ફેંટો અને બગલમાં તલવાર.

શેઠિયાઓ સમૃદ્ધિનો અવતાર લાગતા હતા; નાખવાઓ નિતજવાન મર્દાનગીનો!

સવારી કાંઠાના રસ્તામાં દાખલ થઈ. આગળ ઝૂલવાળી હાથણી પર નાદસ્વરમ્ અને મૃદંગમ્ વાગતાં હતાં. સંગીતના રસિયા અજા સુકાનીને એ સુરાવટ પરિચિત લાગી, પણ સ્વરધારામાં આટલી મૂર્ચ્છના એણે કદી નહોતી સાંભળી. શંકરાભરણમ્ રાગ હતો, પણ આજ સુધી આ રીતે એણે નહોતો સાંભળ્યો. તબલાં અને પખાજના હેવાયા કાન, મૃદંગમથી મસ્ત બની ગયા. આ વાદન જાણે કાનથી નહિ, પણ હૈયાથી સંભળાતું હતું.

હાથી પછવાડે, નાજુક રેંકડીમાં નાજુક બળદો–લગભગ કચ્છના વાછડા જેવડા; રેંકડી વચ્ચે જબ્બર ત્રાંબાકૂંડી; અંદર બળતા સુખડ અને અગર હવાને સુગંધિત ધૂમથી ભરી રહ્યાં હતાં. સવારીના માર્ગમાંથી અપગંધ દૂર થઇ રહી હતી. રેંકડી પાછળ નાયરોની ટુકડી ચાલતી હતી: ઉઘાડા પગ, ગોળ વેષ્ટિ, ઉઘાડાં શરીર ઉપર જનોઇ પેઠે પહેરેલું ઉપરણું, કાંધે લાંબી બંદૂક, કમ્મરે વાંકડી તલવાર ને માથે અંબોડા.

[૧] કવિ કાલિદાસના આ જાણીતા શ્લોકની પંક્તિનો ઉત્તરાર્ધ ખંડ ૨૭માના મથાળે જોશો.

અત્તિંગળ

અત્તિંગળમાં પહેલેથી જ સ્ત્રિયારાજ ચાલતું આવ્યું છે. આજના અત્તિંગળની પડોશમાં શ્રી અયાનેશ્વર મહાદેવનું મંદિર છે. એના જીર્ણોદ્ધાર સંબંધી સંવત ૧૬૩૨નો એક શિલાલેખ છે. એ મુજબ–અને અન્ય લેખો મુજબ–અત્તિંગળનું પ્રાચીન નામ કૂપકદેશ હોવાનું સમજાય છે. એ જીર્ણોદ્ધાર અત્તિંગળની મહારાણીએ કર્યો હતો અને શિલાલેખમાં એને 'કૂપકેશ્વરી' નામે બિરદાવી છે. (જુઓ: સુન્દરમ્ પિલ્લૈ: Some Early Sovereigns of Travancore, I 35-37.)

સંવત ૧૮૨૦-૨૧માં, 'રાવળનાથ' અંજતેંગુ બંદરે નાંગર્યું એમ કલ્પના છે. સંવત ૧૭૮૨થી આ બંદરમાં અંગ્રેજો સ્થિર થયા હતા. (એમના અપભ્રંશમાં 'અન્જતેંગુ' 'આન્જેન્ગો' બની ગયું.) એ પહેલાં અંગ્રેજો અહીં વસ્યા હતા ને વેપાર કરતા હતા.

"તમે જાણો જ છો કે અંગ્રેજો બહુ જ મગરૂર, નબળા ઉપર શૂરા અને સ્વાર્થી, સાથેસાથે ક્રૂર પણ છે; અને અહીં હિંદુસ્તાનમાં, એમને હાથે, અનેક ન બનવાના બનાવ બન્યા કરે છે. દાખલા તરીકે આન્જેન્ગોમાં એક દિવસ કોઇ અંગ્રેજે એક દેશી વૈદ્યને ઝાલ્યો. અહીં વૈદ્ય બ્રાહ્મણ જ હોય છે અને પંડિત (Pandyt) કહેવાય છે. મલબારમાં બ્રાહ્મણ દેવ જેવા પૂજાય છે. આ કશાનો વિચાર કર્યા વગર એ અંગ્રેજે એને અસ્તરો આપી પોતાની હજામત કરવાની બળાત્કારે ફરજ પાડી! જ્યારે અત્તિંગળનાં મહારાણીને આની ખબર પડી કે તુરત જ આન્જેન્ગોને ઘેરી લીધું અને અંગ્રેજી કોઠીમાં ખાધખોરાકી આવતી બંધ કરી. અંગ્રેજો તુમાખ ઉપર ચડયા. દરિયારસ્તો ખુલ્લો હતો. કોચીંથી અંગ્રેજી વહાણો ખાધખોરાકી લાવવા મંડયાં. પરન્તુ આખરની મોસમમાં વહાણો આવતાં બંધ થયાં ત્યારે જ મહારાણીની માફી માગવા ચાલ્યા. અંગ્રેજી કિલ્લામાં રહેતા લશ્કરનો કમાન્ડન્ટ પોતે અનેક જાતની કીમતી ભેટસોગાદ લઈ અત્તિંગળ ગયો; સાથે પોતાનું બળ દેખાડવા ૧૪૦ સૈનિકોની ટુકડી પણ લેતો ગયો! મહારાણીએ નજરાણું સ્વીકારવાની ના પાડી અને સલામ પણ ન સ્વીકારી. મહારાણીના નાયરોએ એકેએક અંગ્રેજને કાપી નાખ્યો.

અત્તિંગળની મહારાણી, એ રાજાઓની જનેતા છે. એના પુત્રને જ ત્રાવણકોરની ગાદી મળે છે, અને ત્રાવણકોરનો રાજા પોતાને અત્તિંગળનો દીવાન કહેવડાવે છે." (Letters from Malabar: Letter VIII, by Rev. Jacobus Canter Visscher, Chaplain of Cochin 1717-1723.).

પછી બે શણગારેલા ઘોડા ઉપર બે સશસ્ત્ર યુવતીઓ હતી. ગોળ વેષ્ટિ, શરીર ઉપર કબજો, ગળામાં બારીક અંગ વસ્ત્ર, માથામાં ભારોભાર ફૂલ, રત્નજડિત આભૂષણો અને કમ્મરે નાજુક તલવારો. વચમાં પાલખીમાં મહાદેવી. પાલખી પાછળ બે બીજી ઘોડેસવાર યુવતીઓ હતી. ફરી પાછી હતી એક નાયરોની ટુકડી. આ હતી રાજસવારી. એની પાછળ વળી બીજી એક અદ્ભુત સવારી આવી રહી હતી.

બે બળતી મશાલ લઈ બ્રહ્મકુમારો ચાલતા હતા; પાછળ બીજા છ બ્રાહ્મણો ઘન જટાથી વેદઘોષ કરતા હતા; વચમાં લાકડાની પાલખીમાં દલુવા (અમાત્ય) શ્રી નમ્બુદ્રિપાદ વૈધનાથસ્વામી; અને પાછળ ફરી વેદપાઠી બ્રાહ્મણો. આ સવારીને મોખરે ઝાલર વાગતી હતી.

કેરળસુન્દરી

कुमार ! पश्यत्वेमां

निर्जितबर्हिचामरावलेपकुन्तलकलायाम्
वसनमिव प्रसूनमण्डितावयवाम् , मान्मथ-
कार्मुकभ्रुवाम् , विद्युद्विलसितापाङ्गकटाक्ष-
निगडितयुवाम्, चन्दनाङ्कितदेहाम् , परिमलबहुलाम् ,
वलयमेखलानूपुररणद्धंसगामिनीम्.........

चतुष्षष्टिकलापारावारपारमिताम् , नाट्यनन्दिनीम् , वीणाप्रवीणाम् , किन्नरीस्वराम् ....

सुमनाम् , सुव्रताम् , सुसमाहिताम् , शीलवतीम् , सागरसलिलमिव व्रीडावेलावरुद्धाम् ....

कुसुमपेशलामपि धारातीर्थावतीर्णा वज्रप्रहाराम् , कटिन्यस्तकरवालिकाम् , ज्योत्स्नेव नयनाह्लादिनीमपि अमित्रम् भीषयन्तीम् , मदकारिणीम् सुरेव, रतिसरसामपि साक्षाद् वीरश्रीम् केरलदारिकाम् मलयवतीम्

—मोदस्व च नयनोत्सवे।

[શ્રી અલ્લાડિ સંસ્કૃત પાઠશાળાના હસ્તલિખિત સામયિક **शारदा**ના એક જૂના અંકમાં, એક વિદ્યાર્થી એ.સી. શંકરન્ ઐય્યરે લખેલી अभिजातकेरलीयम् નામની નાટિકામાં આવેલું, 'મલયવતી', એટલે મલબાર-કેરળ-યુવતીનું આ વર્ણન, આજે પણ દક્ષિણાપથમાં સંસ્કૃત કેટલું સુગમ લખાય છે એનું ઉદાહરણ છે. એનુ ભાષાન્તર ન હોય. જિજ્ઞાસુ એકાદ સંસ્કૃતજ્ઞ રસિક મિત્ર પાસેથી સમજી લે, એમાં ખરો રસ છે. —'સુકાની']

વિક્રમના બારમા સૈકાથી વિન્ધ્યોત્તર ભારત મુસ્લિમ અદબ, માનસ અને સંસ્કારોથી રંગાવા લાગ્યું હતું. વિન્ધ્યની દક્ષિણે પુરાણું ભારત જીવંત હતું. ઓગણીસમી સદીમાં, કેવળ શોળ, પાન્ડ્ય અને કેરળ દેશમાં હજુ વિક્રમયુગ પ્રવર્તતો હતો. આજે પણ આર્ય સમૃદ્ધિનાં દર્શન કરવાં હોય તો સાત સૈકાની સફર કરવા કરતાં પાંચસોએક કોશ દક્ષિણ તરફ જવાથી એ દર્શન સાક્ષાત્ થાય છે.

અજાની નજરને આ સંસ્કૃતયુગની સવારી કૈં નવલ ન લાગી. માત્ર એની સ્થૂલ આંખો સામેથી પરિચિત દૃશ્યો સરી ગયાં અને તેને સ્થાને મૌર્ય, નન્દ અને ગુપ્ત યુગનું ભારત ખડું થઈ ગયું.

અસ્ત પામતા સૂર્યનાં રતુંબડાં કિરણો યુવતીઓના શણગાર અને મુખમંડળ ઉપર સોનેરી આભા ઝબકાવી રહ્યાં હતાં. એની દૂરબીનના કાચમાં વિક્રમની ઓગણીસમી સદી નહિ, પરન્તુ ઉજ્જયિનીના વિક્રમની વર્તમાન સદી દેખાઈ રહી હતી.

મછવામાં મહાદેવીની આગળ બે યુવતીઓ બેઠી અને બે પાછળ ચામર ઢોળવા લાગી. રામસિંહ માલમે ઓચિંતા અજયપાળના હોઠ ફડફડતા જોયા. એ સમજ્યો નહિ, પણ અજયપાળ ગણગણતો હતો: 'અગ્રે લીલાવલયરણિતં, ચામરગ્રાહિણીનામ્!' (ભર્તૃહરિ) રામસિંહે અજા સામે એક ભમર જરા ઊંચી કરી. અજો ઓગણીસ સૈકા સરતો, ફરી 'રાવળનાથ'ના તૂતક ઉપર આવી ગયો. એની આંખો તો દૂરબીન ઉપર જ ચોંટી ગઈ હતી. મોં ખુલ્લાં રાખનાર લાટ સુંદરીઓને જોઇ જે અજયપાળ, થોડા દિવસ પહેલાં જ વ્યાકુળ બની ગયો હતો, તે જાણે નિઃશંકપણે આ અલ્પ વસ્ત્રમાં દીપતી યૌવનજ્યોતિઓને આંખોથી પી રહ્યો હતો. આ માનવ સ્ત્રીઓ ન હતી; આ તો કાલિદાસ, ભવભૂતિ, ભારવિ, દણ્ડી, માઘ, બિલ્હણ અને બાણનાં નિર્જીવ માનેલાં પાનાંઓને જીવંત બનાવતી સ્ત્રીસૃષ્ટિ હતી.

સથા ઉપર પગ મૂકતાં જ કંચુકીએ કૂપકેશ્વરીની નેકી પોકારી, શેઠિયાઓએ પ્રણિપાત કર્યો, શેઠાણીએ સુવર્ણમહોરોથી ચોળ ઉતારી, દેવરાજે કુર્નિશ બજાવી અને જાણે નન્દનવન સીડી ચડવા લાગ્યું! સીડીને માથે અજો સુકાની પાણી જેવો થઈ ગયો હતો. મહાદેવીએ એની સામે આંખ ઊંચી કરી અને ઓચિન્તાં પોતાની હડપચીએ હાથ મૂકી બોલ્યાં: 'અઇઓ! વાત્તુંગળ નડવિલ, પાર્ર! અદ્દ? અન્નોં!' (અરે, આ બતકડાં વચ્ચે, જો તો! આ રાજહંસ!) ચારે યુવતીએ અજા સામે જોઈ ખિલખિલાટ કરી મૂક્યો. જાણે સોનાની ઘુઘરીઓ રણકી ઊઠી! અજાને થયું કે એમાંની સૌથી નાનીએ એની સામે એકાદ ક્ષણ વધારે જોયા કર્યું. તૂતક માર્ગ આપે, તો ફાલકામાં શમાઇ જવા જેવું એને થઇ ગયું! પાછળ દેવરાજ આવ્યો. એણે મહાદેવીના ઉદ્ગાર સાંભળ્યા હતા. અજાજીનું રાજબીજ ઢાંકી રાખવું મુશ્કેલ હતું. એણે અજાને મોરા ઉપર લંગર ઉપાડવા મોકલી દીધો. જુંગ જરા દરિયા ઉપર ગયું ત્યાં વાવડો પડી ગયો. મધરાત સુધી સુકાન ઉપર અજાની પાળી હતી.

ખંડ ૨૭: મધુરાંશ્ચ નિશમ્ય શબ્દાન્

કિનારા ઉપરના દરિયામાં પ્રહર દોઢ પ્રહર રાત્રિ વીતે એટલે જમીન તરફનો પવન શરૂ થાય છે. બંદર પરનાં વહાણો તેથી જ રાતના બહાર પડે છે. એ પવનની વાટ જોતું 'રાવળનાથ' થિર ઊભું હતું. આકાશ ને પાણી ઉપર અંધારાં ઊતરી આવ્યાં હતાં. અંધા ગોલની વચ્ચે જુંગ જાણે અદ્ધર ટીંગાઈ રહ્યું હતું. પરમીલ પાસે ફીણની ધાર ન હતી, સુકાન પાછળ શિરોટો ન હતો, વીણો થિર પડ્યો હતો અને અજો સુકાની સ્વપ્નમાં સરી રહ્યો હતો. આજ સાંજે જોએલા દૃશ્યની રમ્યતા એના અંગેઅંગમાં વ્યાપી ગઈ હતી. શાસ્ત્રીજીને વાડે ઘડાએલા સંસ્કૃતિમય જીવનને આજે એકાએક વાસ્તવિકતા અર્પાઈ ગઈ હતી. એના માનસમાં પ્રાચીન કાવ્ય, ઇતિહાસ ને કાદમ્બરીની મૂર્તિઓ જીવતી થઇ રહી હતી. સુદક્ષિણાનો દિલીપ, ઇન્દુમતીનો અજ, વાસવદત્તાનો વત્સરાજ, મહાશ્વેતાનો ચન્દ્રાપીડ, શકુન્તલાનો દુષ્યન્ત, માલવિકાનો અગ્નિમિત્ર; –એના અંતરમાં ઊપડેલી હળવી વેદનામાં સમભાગી બનવા એ પ્રણયવીરો સાક્ષાત્ આવ્યા હતા. સાથે જ એવી મીઠી વેદનાને જન્મ દેનારી મૂર્તિઓ પણ એની સામે પ્રત્યક્ષ થઈ રહી હતી: ઇન્દુમતી, વાસવદત્તા, મહાશ્વેતા, શકુન્તલા, માલવિકા, ઇરાવતી, વસન્તસેના—યુગો યુગો દૂર છતાં અતિ નિકટ, અદૃશ્ય છતાં વાસ્તવિક લાગી; અને એનું હૈયું અગાધ સુખથી અને અગાધ અસુખથી, વિહ્વળ બની ગયું.

આ દક્ષિણ ભારતનો રૂપક દેશ. અહીં હજુ એ પ્રાચીન યુગ અર્વાચીન છે; અહીં 'ઇતિ હ આસ' નહિ, પણ 'ઇતિ ઇહ અસ્તિ' છે! સંસ્કૃત કાવ્યોએ ઊંડા રંગે રંગેલા અજયપાળના હૈયાને, આ વાતે મુગ્ધ, અને જીવનમાં પહેલી વાર સજીવ બનાવી દીધો. અંધારામાં તાકી રહેલી એની આંખો સ્પષ્ટ દેખી રહી હતી; મુગ્ધ બનેલું એનું દિલ એકદમ જીવવા માંડ્યું હતું. આજે એના હૈયામાં સંસ્કૃત યુગના ઝબકાર અને નંદનવનની સૌરભ ઊભરાઈ ગયાં હતાં. ખરેખર, કોઈ મધુર અને માદક ઝણત્કાર તૂતકને ભરી રહ્યો હતો. સાથે કોઈ મધુર કંઠ કંઈ કહી રહ્યો હતો:

ભૃઙ્ગાઙ્ગનાજનમનોહરહારિગીતામ્,
પીલીનરેણુકણકીર્ણપિશઙ્ગતોયામ્,
રમ્યાં હિમાચલનદીં પ્રવિહાય, હંસ!
હે, હે, હતાશ! વદ, કાં દિશમુત્સુકોઽસિ?

રાણીવાસમાંથી વીણાનો ઝણકાર આવતો હતો. સાથે કિન્નરકણ્ઠીની કર્ણરસાયન જેવી સુરાવટ પમરી રહી હતી. ગીર્વાણ સંગીત એ તો

દ્રવિદ લલનાઓને કણ્ઠે જ શોભે છે; કારણ એ એક જ ભારતનારી હજુ સંસ્કારયુગની પ્રતીક રહી છે.

'વો તન્ગમ્માળ ગાતી હય!' તેલ વગરની કપ્પી જેવો ખોખરો અવાજ પડખેથી ઊઠચો... અજો ચમકી ગયો. એણે નજર નીચે આણી. વૃદ્ધ કંચુકી, પગ પહોળા કરી, કઠેડાને અઢેલીને તૂતક ઉપર બેઠો હતો. એક પડખે એની પાઘ પડી હતી, બીજે પડખે હોકો: એ તો ક્યારનો અજયપાળને પૂતળા જેવો બનેલો જોઈ રહ્યો હતો. એના વાતોડિયા જીવને એથી અસુખ થઈ આવ્યું હતું.

સ્વપ્નસૃષ્ટિમાં ઘસી આવનાર આ ખોખરા અવાજથી અજયપાળને વાંકુન પડયું. અહીં કોઈ 'ભાખા' બોલનાર છે, એ વાત તો ડૂબતાને તરણા જેવી લાગી. એણે કંચુકીને અનેક સવાલો પૂછી નાખ્યા. કંચુકીને એ જ જોઇતું હતું. એણે પગ ફેલાવ્યા અને વધારે આરામથી બેઠો.

મહાદેવીનું નામ હતું ઇન્દીવરાક્ષી અમ્માળ. એ રાજની રાણી ન હતી, પણ તિરૂવનકોડી(ત્રાવણકોર)ના રાજાની મા હતી. એની દીકરીનું નામ પાર્વતીઅક્કા. લોકો એને પારૂકુટ્ટી કહેતા હતા. બીજી ત્રણ યુવતીઓ? એ તો કલ્પકમ્, ચમ્પકમ્ ને તન્ગમ્. સૌથી નાની પણ સૌથી સુંદર તે તન્ગમ્. 'હાં, વો બહુત અચ્છા ગાતી હૈ.' પણ એ નાટચમ્ કરે ત્યારે તો સ્વતઃ ભગવાન ચિદમ્બરમ્ સાક્ષાત પ્રકટે છે. કંચુકીની કેરલીય 'ભાખા' પણ અજા સુકાનીના કાનમાં દેવવાણી જેવી લાગતી.

નીચેના આવાસમાંથી સુરાવટ અને ઝણકાર વિરમી ગયાં. કંચુકીનો અવાજ પણ લહેરાઇને બંધ થઈ ગયો. અજયપાળે ફરી એક સવાલ પૂછયો. જવાબમાં ભયંકર ઘોરણ સંભળાયું. કંચુકીએ તૂતક ઉપર જ લંબાવી દીધું હતું.

'સુકાઆ...ન સાવધાઆ...ન!' ખાટલીમાંથી સાદ પડયો. પૂર્વમાંથી પવન ક્યારનો ય વાવા માંડયો હતો. સઢના કત ફડફડતા હતા. વીણો સજીવ થઈ ગયો હતો. અજાએ સુકાન સંભાળ્યું. પરમીલ પાસે અંધારામાં ફીણની બે ધાર ચમકવા લાગી. સુકાને શિરોટો પાડયો. સુકાની-તૂતક ઉપર પાળી સંભાળવા રામસિંહ માલમ આવ્યો. અજો આવાસ તરફ ચાલ્યો. જતે જતે એણે સહજ પૂછયું: 'રામુભા! તમને તો અહીંની ભાષા આવડે છે, નહિ?'

'ઘણે આવડે છે! આમ તો બબ્બી માંયલા કાંકરા જેવી છે, પણ એક વાર આવડી જાય પછી સાવ સહેલી છે.'

'તો પછી આવાસ પાસે મહાદેવીએ શું કહ્યું?'

'કોણે, રાણીબાએ? એણે કહ્યું કે આ જાુસાં બતકડાં વચ્ચે હંસ ક્યાંથી? અમે બતકા, તેમાં અજુભા જેવો હંસ જોઈ એને નવાઈ લાગી આ!'

અજોજી હજી ઊભો જ હતો. એણે થોડી વારે પૂછી નાખ્યું: 'અને રામુભા! તન્ગમ્ એટલે શું?'

'તન્ગમ્? તન્ગમ્ એટલે સોનું. તુંને વળી ઈયાં સોનાનું શું કામ પડયું, અજુભા?' જવાબ આપ્યા વગર અજો સીડી ઊતરી ગયો.

ખંડ ૨૮: રામસિંહનો તર્ક

તૂતકના એકાંતમાં કેટલીય વારે રામસિંહ માલમને સૂઝયું કે આ દેશમાં 'છોકરિયું'માં પણ તન્ગમ્ નામ પાડે છે. તન્ગમ્ એટલે સોનલ! ઈ અજાને કે'વાનું રહી ગયું! પછી થોડી વારે વહેમ પડયો, કે રાણીબા સાથે 'છોકરિયું' છે એમાં કદાચ કોઈનું નામ તન્ગમ્ હશે! ત્યાર બાદ થોડી વાર તૂતક ઉપર આમતેમ એણે આંટા માર્યા અને ઓચિંતો બોલ્યો, 'માળો! ક્યાંક લપસી પડયો લાગે છે!' અજોજી લપસી પડવાની વાત બહુ રમૂજી હોય એમ રામસિંહ ખડખડાટ હસી પડયો. મોટા માલમને અંધારા સામે ખડખડ હસતો જોઈ, લખુ સુકાની પહેલાં તો તાજ્જુબ થયો, પણ જ્યારે થોડીથોડી વારે માલમ અમસ્તો હસવા મંડયો ત્યારે લખુ સુકાનીને ખાતરી થઈ ગઈ કે માલમની ડાગળી ચસકી ગઈ છે. આ ભયંકર વિચારે એના હાથ જરા ચાતરી ગયા. માલમ ત્રાડૂકયો: 'વીણો ખબરદાઆ.........ર!'

લખુ સાવધાન થઈ ગયો. ના, હજુ તો ઠેકાણે છે! પણ રામસિંહ હવે અવાજ કર્યા વગર અવારનવાર હસતો હતો એમાં શક ન હતો. લખુએ મોટા માલમની આવી દશા, નવતર માણસ ઊંઘમાં પણ જોઈ જાય એ ગેરવાજબી માની, ઊંઘમાં પડખાં ફેરવતા કંચુકીને જગાડી નીચલે સથે મોકલાવી દીધો.

ખંડ ૨૯: ઝબકતી વીજળી

સૂર્યોદય વખતે કિનારો ઢૂકડાઈ રહ્યો. એ જ નાળિયેરીનાં વન; પાછળ ઉત્તુંગ પહાડ. દણ્ડકારણ્યના બ્રહ્મગિરિથી માંડી, છ સો કોશ સુધી ઉત્તુંગ શિખરો ઉલાળતો સહ્યાદ્રિ અહીં ભૂમિસાત્ થાય છે. એના અંતિમ શિખર ઉપર અગસ્ત્ય ઋષિ રહે છે. કન્યાકુમારીથી હેઠ નિપોન (જાપાન) સુધી મહર્ષિ અગસ્ત્યનું આધ્યાત્મિક સામ્રાજ્ય એક વાર પથરાઈ રહ્યું હતું. આ અંતિમ પહાડ તે અગસ્ત્ય-મલય.

સુકાન ઉપર ફરી અજોજી આવ્યો હતો. 'રાવળનાથ'ની 'સંસાર-ચોપડી'માં આ પહાડ ઓળખાવ્યો હતો. અજાએ એનું નામ વાંચ્યું અને એને ખાતરી થઇ ગઈ કે ખરેખર આ દેશ તે અમર ભૂમિ છે. અહીં અપ્સરાઓ, નંદનવન અને ઋષિઓ પણ વસે છે. અરૂણની રતાશને સ્થાને ઊગતાં કિરણોની પીળાશ પથરાવા માંડી. મોરાની ડાબી બાજુએ સુવર્ણકળશો ચમકવા લાગ્યા. 'સંસાર-ચોપડી'એ એની પણ ઓળખાણ આપી. એ શુચીન્દ્રમ્નું મંદિર હતું. 'રાવળનાથ' જેમજેમ આગળ વધતું ગયું, તેમતેમ ક્ષેત્ર ઢૂકડાતું ગયું. અહીં ગૌતમ ઋષિના શાપથી ઈન્દ્રે મુક્તિ મેળવી હતી. દક્ષિણ ભારતનાં અનેક પ્રખ્યાત મંદિરોમાં પણ શુચીન્દ્રમ્નું કોવિલ (મંદિર) વિશેષ ગણાય છે. આસ્તે આસ્તે મંદિર પાસે આવવા લાગ્યું.

રાજસેવક સુકાની-તૂતક ઉપર બેઠક બિછાવવા લાગ્યો. બેઠક પાસે નાનકડા ધૂપદાનમાં અગર છાંટયો. દાસીએ આવી વીણા મૂકી. અજાએ આજ સુધી વીણા જોઇ ન હતી. નહિ સિતાર, નહિ બીન: વીણા બહુ જ સુંદર હોય છે. એનો ઝણકાર આ લોકનો નથી. ઉત્તર ભારતમાં નારદમુનિ હવે ટીખળની મૂર્તિ રૂપે જીવે છે; દક્ષિણાપથમાં એ હજુ પણ વીણાના ઝણકારમાં સાક્ષાત્ થાય છે.

કંચુકીએ શંખ ફૂંકયો. શુચીન્દ્રમ્નું મન્દિર પૂર્વમાં પડખે ઝળહળી રહ્યું હતું. દેવરાજ પાયલ સુકાની-તૂતક ઉપર આવ્યો. પાછળ શેઠિયાઓ આવ્યા. પછી શેઠાણી સાથે મહાદેવી અને એનું યુવતીવૃન્દ આવ્યું. મહાદેવીએ અજાને જોયો ને સ્મિત કર્યું. યુવતીઓએ જરા પાસે આવી નમસ્કાર કર્યા. અજાના હાથમાં વીણો હતો. એણે સહજ માથું નમાવ્યું. એના ગોરા મુખ ઉપર રતાશ ચડી આવી. એનું મન કહેતું હતું: સહુથી નાની અને સહુથી સુન્દર તે તન્ગમ્. કિન્નરકણ્ઠી તે તન્ગમ્. નાટ્યનિપુણ તે તન્ગમ્! આ ચારે ય એકએકથી ચડિયાતી રૂપરાશિ હતી; પણ જરૂર જે વીજળી જેવી ઝબકે છે એ જ તન્ગમ્.

ગાલીચા વચ્ચે મહાદેવી વીરાસન વાળી બેઠાં. એક યુવતીએ વીણા ઉપાડી અને ખોળામાં લીધી; અને એ જ દિવ્ય રણકાર ફરી વહેવા માંડયો, જે ગઇ રાતે અજયપાળને શ્રુતિમુગ્ધ બનાવી ગયો હતો. વીણાના રણકા સાથે શુચીન્દ્રમ્ની માનસપૂજાની સ્રગ્ધરાની સુરાવટ ભળી. એ જ કિન્નરી જેની સાથે અજયપાળને ગઈ રાતથી કર્ણમૈત્રક બંધાઇ ગયું હતું; ને એ જ કિન્નરી જેની સાથે ક્ષણ પહેલાં જ તારામૈત્રક થયું હતું. 'યે ગાતી હય વો તન્ગમ્માળ,' કંચુકીએ કહ્યું હતું. અજયપાળે તો ક્યારની ય ઓળખી લીધી હતી! એ તો ક્યારની ય

એના હૈયામાં જડાઇ ગઇ હતી.

'વ્યતિષજતિ પદાર્થાન્ આન્તરઃ કોઽપિ હેતુઃ'—એ પદાર્થોને, જીવનને, હૈયાને, કોઇ ઊંડો—આન્તરહેતુ સાથે જડી દે છે. એ આન્તરહેતુ અજયપાળના હૈયાસોસરો ઝબકતી વીજ જેવો ઓતપ્રોત વહી ગયો. એ મુખ, એ સ્મિત, એ આંખો, એ સ્વર એને અંગેઅંગ વ્યાપી ગયો.

અજયપાળ બાળક મટી યુવાભાવને પામ્યો.

ખંડ ૩૦ : ન યયૌ ન તસ્થૌ

કોલાચલ બંદર નજદીક આવવા લાગ્યું. અજો સુકાની પોતાના આવાસ બહારના કઠેડા ઉપરથી ઢૂકડાતા બંદરને જોઇ રહ્યો હતો. સામે રેતાળ કિનારા ઉપર જબ્બર મોજાંઓ પછડાતાં હતાં. હવે એ એટલી માહિતી શીખ્યો હતો કે આવાં મોજાંઓ હોય ત્યાં કિનારેથી મછવા બહાર નહિ પડે. એનો અર્થ એ હતો કે મોડા બપોર સુધી મહાદેવીને 'રાવળનાથ' પર જ રોકાવું પડશે. નિદાન એટલો વખત પોતાના વહાણ ઉપર તન્ગમની હાજરી રહેશે એ વિચારથી એને રોમહર્ષણ થઈ ગયું.

ઓચિંતી એને પડખે ફૂલોની સુવાસ ફેલાઈ ગઈ; રૂપાની બંસી જેવો અવાજ એના કાન સમીપ ગુંજ્યો : અપિ કુમારઃ કાવ્યસાહિત્યગીર્વાણપટુરિતિ મહાશ્ચર્યમ્ પ્રમોદશ્ચ મહાદેવીનામ્! (કુમાર કાવ્યસાહિત્ય અને સંસ્કૃત ભાષામાં નિપુણ છે એથી મહાદેવીને ખૂબ આશ્ચર્ય અને આહ્લાદ થયો છે.) એને પડખે તન્ગમ ઊભી હતી!

પછી તો યુવાસુલભ ગોષ્ઠિ શરૂ થઇ. કાવ્ય, સાહિત્ય, કૂપક, કચ્છ, સાગર, 'રાવળનાથ', નાખવો, નાવિક, બંદર... વિષયનો પાર ન હતો. વાર્તાલાપનો ખાસ ઢંગ ન હતો. વાર્તાલાપને વિષયની જરૂર ન હતી; વિષયને અનુષંગની જરૂર ન હતી. બે જણ પાસેપાસે હતાં; બે ય જણ એકબીજાંને સંબોધતાં હતાં. જીભ કૈંક બોલતી હતી, કાન કૈંક સાંભળતા હતા, હૈયાંની ધડક કૈંક ત્રીજું જ કહી રહી હતી. બે ય જણનાં સર્વાણ્યઙ્ગાનિ પ્રાપ્તાનિ નેત્રતા મુત કર્ણતામ્! આ મર્મ કોઈ કવિના શબ્દોમાં ઊતરી નથી શક્યો. પરિણય પછીની ગોષ્ઠિને એક કવિએ વર્ણવી છે, અને કહ્યું છે કે 'રાત્રિરેવ વ્યરંસીત્!' આ તો અપૂર્વ સંવનનની ગોષ્ઠિ; એણે કવિઓને પણ મૂક કરી દીધા છે.

સૂર્ય મધ્ય તરફ ચડતો રહ્યો. 'રાવળનાથ' હળવાં ઝોલાં ખાતું હતું. પાંવડા ક્યારે પડ્યા એ પણ એમને ખબર ન રહી. કિનારે મોજાંની અફાળ વધતી જતી હતી. અજાને એ મોજાં શાંત પડે તેની બીક હતી. તન્ગમને બીજા જ તરંગો હલમલાવી રહ્યા હતા. એને લાગતું હતું કે આ પશ્ચિમ ધરા કેવી હશે, જ્યાં આવા દિવ્ય કુમારો જન્મતા હશે?

અધૂરામાં પૂરું બપોરે મહાદેવીએ અજયપાળને બોલાવ્યો. એના શાસ્ત્રાભ્યાસની ચર્ચા કરી, એની શસ્ત્રવિદ્યાની ચર્ચા કરી, એના પ્રથમ યુદ્ધની ચર્ચા કરી, વાંકલદેની વાતો કરી. શાસ્ત્રનિરત રાજપુત્ર, વીર ક્ષત્રિય, સતીમાનો જાયો: મહાદેવીને પણ અજયપાળ ઉપર ભાવ બંધાઈ ગયો. પારૂકુટ્ટી, કલ્પકમ્ અને ચમ્પકમ્‌ને તો અજયપાળ, એ તન્ગમને ચીડવવાનું સાધન મળી ગયું! દેવરાજને આમાં કંઈ નવલ ન લાગ્યું. રામસિંહ ગંભીર થઈ ગયો. બેડિયાતોએ એને વારંવાર કારણ વગર માથું ધુણાવતો જોયો. લખુ સુકાનીની વાત સાચી લાગી. મોટા માલમની ડાગળી ચસકી ગઈ હતી. બેડિયાતોને પણ આટલી બધી છોકરીઓ 'રાવળનાથ' ઉપર છૂટથી ખાખા ખીખી કરતી ફરે એ વાત જરા ય પસંદ ન હતી. એમને મોટા માલમની દયા આવી. આ 'બલા'ઓ ઊતરશે પછી મોટા માલમને સુવાણ થશે એવો એમનો મત પડ્યો.

મહાદેવી વામકુક્ષી માટે ગયાં એટલે ચારે છોકરીઓ અજયપાળને વીંટળાઇ વળી. તન્ગમ્ હવે ચૂપ થઇ ગઇ હતી. એનું હૈયું શા માટે હવે રિસાવા માંડ્યું? એને પણ સમજ ન પડી.

સંધ્યા સમયે મોરા પાસેના એકાંતમાં અજયપાળ એને રંગવિરંગી સૂર્યાસ્ત દેખાડતો હતો ત્યારે એ હૈયું ફરી કેમ થનગની રહ્યું હતું? એને એની પણ સમજ ન પડી.

રાત્રે ફરી સંગીત જામ્યું. તન્ગમ્ આજે વીણાને ન અડી. એણે ગાવાનું નકારી દીધું. આજે બેઠકમાં અજયપાળ પણ હતો. આજે વીણાનો ઝણકાર પાર્થિવ લાગ્યો. આજે મંજુલ કંઠ માનુષી લાગ્યો. એ સુરાવટ કિન્નરીની ન હતી. આજે અજયપાળ અને તન્ગમ્ બંને સ્વપ્નમાં પડ્યાં હતાં. બંનેનાં સ્વપ્નો કોઈ અગમરીતે એક જ હતાં. બેયના સ્વપ્નમાં બે ય જણ ભેળાં થઇ ગયાં હતાં.

સવારમાં વહેલાવહેલા મછવાઓ આવી પડ્યા. મહાદેવી સથા ઉપર આવ્યાં. 'રાવળનાથે' વિનયથી વિદાય આપી. અજો સુકાની પડખાની સીડીને માથે ઊભો હતો. મહાદેવીએ એને ઉદ્દેશીને કહ્યું : 'વત્સ! યાવત્ પુનર્દર્શનમ્!' પારૂકુટ્ટી, કલ્પકમ્ અને ચમ્પકમ્ આંખો નચાવીને હસી. તન્ગમ્ સહુથી પાછળ રહી હતી. સીડીને માથે એનો પગ થંભી ગયો. એ સુસ્થિત વસ્ત્રોને વ્યવસ્થિત કરતી હતી. ચમ્પકમ્ એને લેવા બે ચાર પગથી પાછી ચડી. એણે ચિડાઇને કહ્યું : 'કોણ જાણે આટલી વારમાં લોકો 'ન યયૌ ન તસ્થૌ' કેમ થઈ જતાં હશે?'

ખંડ ૩૧ : વિસાવેલા દીવા

તે રાતે રામસિંહ માલમ તૂતક ઉપર આવ્યો ત્યારે એ ઠરાવ કરીને આવ્યો હતો. અજા ઉપર જાદુ થયું હતું. અજાના હાથમાંથી લખુભાએ વીણો છોડાવ્યો. અજો ગુપચુપ સીડી ઊતરવા લાગ્યો. એને રોકી રામસિંહે કહ્યું : 'અજુભા! આ કંઠારની છોકરિયું પડખે ચડવા જેવી નથી. એવા તો કામણટુમણ જાણે કે માણસને આખો દિવસ પીંજરામાં પોપટ બનાવીને પૂરી રાખે,'ન રાતના જ માણસ બનાવે!'

અજાએ જવાબ ન આપ્યો. એ સીડી ઊતરી ગયો. રામસિંહ ખડખડ હસવા મંડ્યો. લખુકાકાએ વીણા ઉપર મુઠ્ઠી વાળી દીધી. પહેરાવાળાએ તૂતક ઉપર રાળનો ધૂપ કર્યો!

પ્રહરેક રાત વીતી હતી. 'રાવળનાથ' દક્ષિણ ઉપર જરાક અગ્નિ મૂકી વધી રહ્યું હતું. ઓચિંતો ખાટલીમાંથી સાદ પડ્યો. 'રાવળનાથ'ની વાંઢારે, પાકી ઇશાન નોંધી, એક આકાર પસાર થતો હતો. માલમે દૂરબીન ઉપાડી. પહેરાવાળાને નાખવાને બોલાવવા મોકલ્યો. પખ્તું પડખું, ચંદર ઢળતી રાંગ, ઊંચા ડોલ, ગાભિયા સઢ, પાણી બહાર ઊંચી દીવાલ : વલંદો બરછો હતો. નવાઈ એ હતી કે એણે બધા દીવાઓ બુઝાવી નાખ્યા હતા, ને રાત વચ્ચે ચોરટાની પેઠે સર્યો જતો હતો.

ધાબલે નેમચંદ શેઠને જગાડ્યા : 'શેઠ, આ બાજુ કન્યાકુમારીમાં જગન મંડાણો છે અને તારો મહેમાન ત્યાં જવા નીકળ્યો છે. આ ચોરટો ત્યાં જતો લાગે છે. નક્કી વલંદો છે અને અરમાર જેવો લાગે છે. વલંદાઓ અને તિરૂવનકોડી વચ્ચે દુશ્મનાવટ હાલે છે.'

'એ તો અમને ખબર છે, ધાબલ! બસ આટલું જ કહેવા માટે અમને ઉઠાડ્યા?' નેમચંદ શેઠે વ્યંગમાં પૂછ્યું.

'ઇ તુંને તો ખબર હોય જ, શેઠિયા! પણ આ ત્યાં ગયો છે 'ને રાણીબાને કાંઈ થ્યું તો? અમને એમ કે ઈયાં પણ તારી પેઢિયું છે!'


'ધાબલ, અમારી નેગુંબુ(કોલંબો)માં પણ પેઢી છે. ત્યાં તો વલંદાનું રાજ છે. અમારે રાજરજવાડાંની ખટપટમાં પડવું ન પોષાય. અમે તો વેપારી છિયે, ગરાસિયા નથી.' નેમચંદ બહુ ઠાવકાઈથી બોલ્યા. એના અવાજમાં રુખસદ હતી. ધાબલ તૂતક ઉપર આવ્યો. એની આંખમાં અંગારા ઝરતા હતા. રામસિંહે પૂછ્યું : 'શુ કયો?'

'કયો કે અમે વેપારી છિયે, ગિરાસિયા નથી.'

'ઈ જ દખ છે ને!' રામસિંહે કહ્યું. (ચાલુ)



પચ્ચીસ વર્ષ પહેલાં



ભારતનાં શિલ્પ સ્થાપત્યની લેખમાળામાં ડૉ. હરિપ્રસાદ દેસાઈ તેના અનુષંગી વિષયોનો પણ સાથોસાથ પરિચય આપતા. એવો એક પરિચય, ભારતની આજથી પાંચ હજાર વર્ષ પહેલાંની સંસ્કૃતિના 'મોહેં-જો-ડેરો'ના જગવિખ્યાત અવશેષોના શોધક રાખાલદાસ બૅનરજીનો એમણે આ અંકમાં આપેલો. ઘણાને તે નવો લાગશે :

"પુરાણવિદ્યાવિશારદ સ્વ. રાખાલદાસ બૅનરજી એ સરકારી શોધખોળ–આર્કીઑલૉજી ખાતાના એક મોટા વિદ્વાન અને પ્રતિષ્ઠિત અમલદાર હતા. અમદાવાદમાં એ પોતાના કામને અંગે રહી ગયા છે અને ધોળકાના મલાવ તળાવના ગોખની નૃત્ય કરતી મૂર્તિઓ, વીરમગામના મુનસર તળાવ તથા એના ઉપરની દહેરીઓ અને આકૃતિઓ, ને અડાલજની વાવ વગેરેનાં પુષ્કળ વખાણ કરતા હતા. કલાવિવેચનને હિસાબે આખું હિંદુસ્તાન એમને એક ઘર જેવું હોય એ રીતે જ એ વાતો કરતા. સ્થાપત્ય અને શિલ્પકલાની નજરે આ વિશાળ દેશની નાનીમોટી તમામ જગ્યાઓ એમણે એટલી ઊંડી દૃષ્ટિથી જોઈ હતી કે એ બધી એમની આંગળીને વેઢે હતી; અને આપણે જેમ 'ઘરના અમુક ગોખલામાં અમુક વસ્તુ પડી છે, પેલી પેટીમાં ફલાણી વસ્તુ છે' એમ કહીએ, તેમ એ હિંદના કોઇ પણ સ્થાપત્ય વિષે કહી શકતા! મોહેં-જો-ડેરો ને હરપ્પાનાં કિન્નાઇન જેવાં કડવાં પાણી પીને અને જિંદગીને જોખમે એમણે એ અપૂર્વ શોધો કરી હતી.

શિલ્પકળા પરના પ્રેમથી એમના સંસ્કાર બહુ ઉચ્ચ પ્રકારના થયા હતા. અતિ કપરી ઐતિહાસિક શોધખોળોમાં ફતેહ મળ્યાથી એમને જે સંતોષ થયો હતો તેવો સંતોષ મેળવવાનું કોઈ હિંદીના ભાગ્યમાં ભાગ્યે જ લખ્યું હોય છે. જે બેચાર કલાક એમની સાથે ગાળવાનું સુભાગ્ય અમને પ્રાપ્ત થયું હતું તે દરમિયાન જાણે કોઇ પાઠશાળામાં ઉચ્ચ કેળવણી લેતા હોઇએ અથવા કોઈ સ્નાતકો માટે યોજાએલી વ્યાખ્યાનમાળા સાંભળતા હોઇએ એવું લાગ્યું હતું. અતિશય મહેનત ને સિંધના એ ભાગનાં હવાપાણીથી એ નરમ થઈ ગયા હતા, અને આપણા ઘણા વિદ્વાનોનો કટ્ટો શત્રુ મધુપ્રમેહનો રોગ એમને લાગુ પડ્યો હતો. પાછળથી તો સરકારી નોકરી છોડી એ બનારસ યુનિવર્સિટીમાં પ્રોફેસર નિમાયા હતા. થોડા જ સમય પહેલાં નબળાઇને કારણે એ દેવલોક પામ્યા. એમના જેવી વિદ્વત્તા ને કલાપ્રીતિ બીજા કોઈ હિંદી કે અંગ્રેજમાં મેં જોઈ નથી."

એવો જ અનુષંગી બીજો વિષય એમણે દેવીમૂર્તિઓની ચર્ચા કરતાં આપણી 'શક્તિપૂજા' વિષે ચર્ચેલો. એ વિચારો પણ નોંધપાત્ર છે :

"શક્તિપૂજા એ મૂળ તો અહીંની આદિવાસી અનાર્ય પ્રજાઓની કુળપૂજા હતી. મેલડી, કાળી જેવા ભયંકર રૂપે એ પૂજાતી હતી. એને પાડા અને બકરાંના ભોગ આપવામાં આવતા અને નવરાત્રિમાં ઉત્સવો થતા. પરંતુ આર્ય પ્રજાએ એ દેવીપૂજક લોકોને પોતાનામાં ભેળવી લીધા અને શક્તિપૂજાને કવિત્વ તથા તત્ત્વજ્ઞાનથી અને કલા તથા સાત્ત્વિક વૈભવથી ભરી દીધી. એમના મંત્રતંત્રને યોગની ક્રિયાઓથી શુદ્ધ કર્યાં અને દેવીના ભયંકર રૂપને સુંદર, સૌમ્ય અને મોહક બનાવ્યું. આપણી અંદર રહેલા પશુને એ મારનારી ગણવામાં આવી ને એને મારીને એ આપણું કલ્યાણ કરનારી એટલે જગદંબા કહેવામાં આવી. એને 'ચિન્મયી', 'આનંદમયી' એવાં પણ નામ આપવામાં આવ્યાં ને શ્રી શંકરાચાર્યે જેવા મહાન આચાર્યે 'આનંદલહરી' જેવાં એનાં સ્તોત્રો રચ્યાં.

ગુજરાતે એ કાળીને ભદ્રકાળીનું રૂપ આપ્યું ને મહાકાળી, મહાલક્ષ્મી તથા મહાસરસ્વતી રૂપે પાવાગઢ પર એને સ્થાપ્યાં. દિક્-કાળની સ્વામિની રૂપે એને 'કાળી' કહી. એ સંહારક શક્તિ મહેશ્વરની પત્ની હતાં. મહાલક્ષ્મી રૂપે એ રક્ષણ અને પોષણ આપનાર વિષ્ણુની પત્ની બન્યાં. ધનધાન્ય, આરોગ્ય અને સંપત્તિ આપનાર કુદરતમાં વિષ્ણુ ભગવાનની શક્તિ રૂપે એ વિરાજે છે. સરસ્વતી એટલે વિદ્યા. એ બ્રહ્માની પુત્રી. એના વડે જ મનુષ્યો જીવનનું સાર્થક્ય કરે છે, પશુમાંથી દેવ બને છે અને સંગીત સાહિત્ય તથા કલાના લાભ લઇ શકે



પચ્ચીસ વર્ષ પરનો એક નુસખો : નકશ ઉતારવાના કાગળ ઉપરની મદદ વડે આ ચિત્રને મરજીમુજબ નાના કાગળ કે નકશામાં પોસ્ટ કાર્ડ પર ઉતારી લઈ, પછી બારદાર ચપ્પુ વડે તેમાંના કાળા ભાગો કાપી કાઢશો, એટલે એક સ્ટેન્સિલ (જાળીચિત્ર) તૈયાર થશે. પછી પીંછા બ્રશ કે ઝીણી કૂચડાવાળા દાતણથી જુદાજુદા રંગ અથવા શાહી એ કાતરેલા ભાગો સોંસરાં પૂરીને કાગળ કે ભીંતો પર, જ્યાં ધારશો ત્યાં, ટપોટપ આની જ ભાતની અનેક ભાત પાડી શકશો. ઓશીકાં કે ઘરો ધોળાયા પછી ભીંતો પર કિનારે-પટ્ટા છાપવામાં પણ આ જાળી ઉપયોગી થશે.

છે. ગુજરાતને જૈનોની પાસે 'અહિંસા પરમો ધર્મ' શીખવો પડ્યો. દેવીઓના યજ્ઞમાં પાડા કે બકરાંને બદલે કોળાં કે નાળિયેર વધેરવામાં આવ્યાં. ઘોર ડાકલાં વાગતાં દેવીને ભૂતપ્રેત ધૂણતાંએને બદલે સુંદર સંગીત સાથે નવરાત્રિના સંસ્કારીગરબાગોઠવ્યા,નેઆમ,અસલની ક્રૂર દેવીપૂજાનું ઝેર ગુજરાતે કાઢી નાખ્યું."

સંજોગવશાત્ આ અંકમાં કલાવિષયકચારેક લેખ હતા, જે પૈકી એક, વિખ્યાત કલાકાર નંદલાલ વસુનો 'ચિત્રની પરખ' વિષે હતો. એનો શરૂનો ભાગ જ કેટલો બોધક છે,જુઓ :

"ચિત્રકારે એકવસ્તુનું દોરેલું ચિત્ર અને તે જ વસ્તુનો ફોટોગ્રાફ, એ બે વચ્ચે મોટો તફાવત છે. ચિત્રકારની કૃતિમાં વસ્તુના રૂપ ઉપરાંત એ વસ્તુ જોઇ ચિત્રકારને થએલો આનંદ પણ ખાસ કરીને પ્રગટ થાય છે. ફોટોમાં મૂળ વસ્તુ જ જડ રૂપે જણાય છે, પરંતુ ચિત્રકારનો આનંદ વ્યક્ત થતો નથી.

અમુક એક દૃશ્ય જોતાં સામાન્ય માણસને કાંઇ ભાવ ન જાગે, પણ કોઈ કવિ કે ચિત્રકારનું મન નાચી ઊઠે.એટલે ચિત્રમાં તેના દોરનારનાં જે ખાસ પ્રાણ ને પ્રેરણા મળે છે તે ફોટોમાં હોય નહિ. આથી સમજાશે કે ચિત્ર એ ચિત્રકારની ભાવભરતીનું સ્થૂલ સ્વરૂપ છે, તેણે અનુભવેલા અનહદ આનંદની મૂર્તિ છે.

ઈશ્વરની સૃષ્ટિમાં બે દુનિયા છે : એક બહારની ને બીજી અંતરની. બહારની દુનિયામાં સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, નક્ષત્રો વગેરે પદાર્થો છે. એ મનની દુનિયાનો—અંતરના જગતનો આનંદ પ્રગટ કરવા માટે માણસજાતે ૬૪ કળાની ઉત્પત્તિ કરી છે. કોઈ ગાઇને, કોઈ નાચીને, કોઈ મૂર્તિ ઘડીને, કોઇ ચીતરીને એમ જુદીજુદી રીતે સૌ પોતપોતાનો આનંદ બીજા આગળ મૂકવાને આતુર રહે છે.

પણ આ આતુરતા બીજાઓ પાસે વ્યક્ત કરવાની શી જરૂર, એમ કોઈ પૂછે. ખુલાસો એ કેઆનંદનો સ્વભાવ જ બહારઆવવાનો–પ્રગટ થવાનો છે. દીવો પ્રગટ્યો કે પ્રકાશ થાય છે, ફૂલ ખીલ્યું કે એનો સુવાસ ચોમેર ફેલાય છે; પછી ભલેને બીજાને એ પ્રકાશ કે સુવાસની જરૂર હોય વા ન હોય. કોઈ કહેશે કે ચિત્રમાં વસ્તુનું રૂપ હોય છે તેમજ ચિત્રકારના આનંદનો પ્રકાશ પણ મળે છે; તો એ બંને વસ્તુઓ સાથે કેવી રીતે બને.

ચક્ષુમાંથી જે બધું જુએ છે તે કોણ છે તે તમે જાણો છો? એનું નામ મન. કેવળ આંખ જાતે કોઈ વસ્તુ જોઇ શકતી નથી, પણ મન જ આંખ વડે બધી વસ્તુઓ જુએ છે. જો આંખ જ જોઈ શકતી હોય, તો તો,ઘણી વાર, આપણે કોઈ વિચારમાં મગ્ન હોઇએ ને આંખ ખુલ્લી હોયછતાં સામે પડેલી વસ્તુ કેમ દેખાતી નથી? કેટલીક વાર તો વસ્તુને અરધીપરધી જ જોઇએ છીએતેનું કેમ? એટલે સાબિત થાય છે કે જોનાર આંખ નહિ પણ મન જ છે.


ઘણાં જાણે છે કે આપણી પ્રાચીન ચિત્રકળામાં 'વાસ્તવિક યથાદર્શન' (જેવું દેખાય તેવું ચીતરવાનું) જેવું ક્યાંય દેખાતું નથી. એ ચિત્રપદ્ધતિ જો કોઈ પણ ઠેકાણે હોય તો તે માત્ર ભૂમિતિશાસ્ત્રમાં છે. ઉપર કહ્યું તે પ્રમાણે ચિત્રકારનું મન—નહિ કે ચક્ષુ—જે રીતે એ વસ્તુ જુએ તે તેનું 'માનસિક યથાદર્શન' કહેવાય."


અનંત પંડ્યાના નામથી તો હવે 'કુમાર'-ના વાચકો સુપરિચિત છે. જેમના સ્મરણમાં 'કુમારે' ખાસ અંક કાઢેલો તે, એ અસાધારણ પ્રતિભાશાળી ઇજનેર, પોતાના અભ્યાસ માટે આજથી પચ્ચીસ વર્ષ પહેલાં અમેરિકા ગએલા. ત્યાંથી લખેલા એક પત્રમાંના, અમેરિકન માનસનું વિશ્લેષણ કરતા, આ અંકમાંના એમના થોડા વિચારોનો નમૂનો :

"નવાઅમેરિકનમાનસનાંબદલાતાંલક્ષણો ગણાવું? સ્વનિયમનની જગ્યાએ સ્વપ્રકાશન આવે છે, સ્વાતંત્ર્યનું સ્થાન સમૃદ્ધિ લે છે, આરામને બદલે તનમનાટ આવે છે,કરકસરની જગ્યા ઉડાઉગીરી લે છે, દૃઢતાની જગ્યાએ બાહ્ય પ્રદર્શન, પુરાણો માટે પ્રેમને બદલે અભિનવ માટેની ભૂખ, સ્વાશ્રયને બદલે પરવશતા,એકાંતને બદલે બમાલિયાપણું,સાદાઈની જગ્યાએ એશઆરામ, સંપૂર્ણતાને બદલે સફળતા,રાષ્ટ્રીયતાનીજગ્યાએસ્થાનિક,વિચારને બદલે છાપ, આદર્શને બદલે હકીકત અને કુલીનતાને બદલે સમાનતા આવે છે."

અને છેલ્લે 'માધુકરી'માંનો એક ફકરો :

સંખ્યા ગણવાની બે રીત પ્રચલિત છે. એક આંકડાઓનેફરીફરી મૂકવાની રીત;અનેબીજી રીત અક્ષરોમાં લખી બતાવવાની. પહેલીરીતમાં સંખ્યા વધી જાય ત્યારે વિસ્તારના ભયે તેની ગુણસંખ્યા બતાવનારું નવું ચિહ્ન મુકાય છે. દુનિયાના સર્વ દેશોમાં અતિ પ્રાચીન કાળથી વ્યવહાર અને હિસાબની ખાતર આવાં ચિહ્નો વપરાતાં આવ્યાં છે. યુરોપમાં બારમા સૈકા સુધી રોમન ચિહ્નો વપરાતાં—આપણાં ઘડિયાળોના ચંદા પર હોય છે તેવાં. (આ પ્રમાણે : I II III IV V VI VII VIII IX X XI XII વગેરે. પછી L એટલે પચાસ, C એટલે સો અને M એટલે હજાર.) પછીથી દરેક સંખ્યાને બદલે દસ સુધીના આંકડાઓ વપરાવા લાગ્યા જે યુરોપમાં 'ઍરેબિક' નામથી ઓળખાય છે; પરંતુ તેનું મૂળ સ્થાન અરબસ્તાન નહિ પણ હિંદુસ્તાન છે.





આ ઉપરના ચિત્રમાં નં. ૧ના કોઠામાં આસીરિયનો અને મિસરવાસીઓ કેવી રીતે અંક લખતા તે બતાવ્યું છે. પ્રાચીન ગ્રીક લખાણમાં ગણતરી બતાવવાને આંકને બદલે અક્ષરોનો પ્રયોગ થયો છે. તેમાં પણ કેટલાક ફિનિશિયન અપ્રચલિત અક્ષરો ઘુસાડ્યા છે.

એકમ, દશક, સો વગેરે મૂલ્ય માટે જુદાંજુદાં સ્થાન રાખવાનું આ લોકોને તે વખતે સૂઝ્યું નહોતું, કારણ કે શૂન્યના આંકડા(૦)-ની શોધ તો ત્યાર પછી બહુ મોડેથી થઈ!

દશક પદ્ધતિ અરબ વેપારીઓએ હિંદુસ્તાન પાસેથી શીખીને સ્પેનમાં દાખલ કરી, અને ત્યાંથી પછી તે આખા યુરોપમાં પ્રસરી. આ ઉપરથી તે 'ઍરેબિક' આંકડા કહેવાયા.

આ આંકડાનો ઉપયોગ માત્ર ગણિતશાસ્ત્રનાં પુસ્તકોમાં થતો હતો, પણ સંખ્યા બતાવવા માટે અક્ષરો કરતાં આંકડા વાપરવામાં સગવડ રહેલી જોઈ આંકડાનો પ્રચાર છેવટે સામાન્ય વ્યવહારમાં પણ થયો. નં. ૨ના કોઠામાં આંકડાઓના આકારનો વિકાસ ધીરધીરે કેમ થયો તે બતાવ્યું છે."

ચિત્ર-સંયોજન

કોઈ પણ ચિત્રનું આકર્ષણ તથા કલાતત્ત્વ મુખ્યત્વે તેની સંયોજના (composition) ઉપર આધાર રાખે છે. જોકે ચિત્રનાં જેવાં કે રંગ,રેખા,વસ્તુ વગેરે બીજાં તત્ત્વો પણ તેના આકર્ષણમાં કારણભૂત હોય છે ખરાં. આ સર્વ તત્ત્વોના સુમેળમાંથી જ ઉત્તમ ચિત્ર નીપજે છે. ઉત્તમ સંયોજના માટે છબિકારે પાંચ મુખ્ય વસ્તુઓ પર ધ્યાન આપવું ઘટે: ૧ રચના, ૨ દૃષ્ટિકોણ, ૩ પ્રકાશ, ૪ વેતરણ અને ૫ છાપ.

રચના: ચિત્રવિષયની સુરુચિકર રચના એ ચિત્ર-સંયોજનનો પાયો છે. કોઈ ફૂલોનું સ્ટિલ લાઈફ બનાવતાં છબિકાર ફૂલોના વિવિધ આકાર, તેની પાંદડીઓ, ડાળીઓ, તેના વળાંક વગેરે બારીકાઈથી એવી પ્રમાણબદ્ધ રીતે ગોઠવે કે જેથી તે તે વસ્તુઓના આકારો ચિત્ર-સંદેશને મદદરૂપ બને. કોઈ રૂપવતીની તસવીર ઉતારવામાં, પાત્રની આંખ, નાક, કાન, હોઠ, કપાળ, દાઢી વગેરે એકેએક અવયવ તેના સ્વાભાવિક સુંદર સ્વરૂપમાં ઊતરી આવે તે રીતે પાત્રના ચહેરાને જમણી,ડાબી,ઉપર, નીચે એમ જુદીજુદી દિશામાં ફેરવી તેના સૌન્દર્યને ઉઠાવવું જોઈએ. પાત્રના અવયવોની લાક્ષણિકતા પ્રત્યે બેદરકાર રહેવાથી તેના રૂપતત્ત્વને અજાણતાં અન્યાય થઈ બેસવાનો, અને તસવીર બેડોળ તથા કઢંગી બની જવાની.

દૃષ્ટિકોણ: કૅમેરાના જુદાજુદા દૃષ્ટિકોણ એક જ વસ્તુના અંગ-સ્વરૂપમાં અકલ્પિત ફેરફાર ઉપજાવે છે. માટે જ દૃષ્ટિકોણની પસંદગી ચિત્રસંયોજનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. કોઈ અતિપરિચિત વસ્તુનો કે બહુ પ્રસિદ્ધ સ્થળનો ફોટોગ્રાફ પણ નવા જ દૃષ્ટિકોણથી લેવાએલો હોય તો અનુપમ ચિત્ર બની જતો આપણે જોયો છે. એક જ વિષયને વિવિધ દૃષ્ટિકોણથી એક્સ્પોઝ કરીને અવનવું ચિત્રસંયોજન થઈ શકે.

પ્રકાશ: ચિત્રસંયોજનમાં પ્રકાશ પણ છબિકારને ખૂબ મદદરૂપ નીવડે છે એ તો જાણીતી વાત છે. ચિત્રવસ્તુના આકારો તથા વિગતોને તેના સાચા સ્વરૂપમાં ઉઠાવી આપતા છાયાપ્રકાશના જથ્થાનો પણ કલાતત્ત્વના મૂળમાં સારો ફાળો હોય છે.


ચિત્ર-વેતરણ: ઉપર્યુક્ત વસ્તુઓ ધ્યાનમાં રાખીને ચિત્રનો મુખ્ય વિષય ફિલ્મ ઉપર ઝડપાય છે, પરંતુ તેની સાથે તેનાં અનુષંગી અન્ય અંગો પણ ઓછાવત્તા પ્રમાણમાં ચિત્રવિસ્તારમાં આવે જ છે. આથી ચિત્રની પ્રધાન તથા ગૌણ વસ્તુઓનો આંતરસંબંધ પાછળથી નક્કી કરવાનો રહે જ છે. આ છેવટનો સુમેળ ચિત્રવેતરણની મદદથી બેસાડાય છે.

છાપ: ચિત્રમાં કાળા, ધોળા ને ભૂખરા એવા વિવિધ વર્ણભેદ હોય છે. ચિત્રવિસ્તારમાં એ કાળા-ધોળા વર્ણભેદના સમૂહમાં પણ અમુક પ્રકારનું સમતોલન આણવું પડે છે. ઘણી વાર બિનજરૂરી રીતે પ્રકાશિત થએલી વસ્તુઓ પણ ચિત્રમાં આવી જાય છે. કાગળના ગ્રેડની પસંદગીથી તેમજ જુદાંજુદાં ફિલ્ટરોના ઉપયોગથી આ વર્ણભેદનો આંતરસંબંધ બદલાવી શકાય છે.

ઉપરના પાંચ મુદ્દાઓમાંથી આપણે અગાઉ 'પ્રકાશ' તથા 'વેતરણ' વિષે વિચારી ગયા છીએ. અહીં 'દૃષ્ટિકોણ' ઉપર થોડો વિચાર કરીએ.

ચિત્ર લેતી વેળા કૅમેરાને ઊંચો કે નીચો, જમણી યા ડાબી તરફ ફેરવી શકાય છે અને એવા પ્રત્યેક દૃષ્ટિકોણ (angle of view)માંથી જુદાંજુદાં ચિત્રો જન્મે છે. ઉત્તમ ચિત્રસર્જન માટે છબિકારના હાથમાં દૃષ્ટિકોણ આમ શક્તિશાળી તથા અસરકારક સાધન છે. ચિત્રવિષયને દૃષ્ટિકોણની મદદથી પામર યા રાક્ષસી સ્વરૂપમાં રજૂ કરી શકે; એક સામાન્ય અને નીરસ લાગતી ઘટનાને હૃદયને હચમચાવતા આવેશવાળી બનાવી શકે; ચિત્રવિસ્તારમાં ઝડપાતી અનેક વસ્તુઓના નવીન તથા આકર્ષક સંબંધ ઉપજાવી શકે. આમ, દૃષ્ટિકોણનો સમજપૂર્વકનો ઉપયોગ કરીને છબિકાર ઉત્તમ ચિત્રો સર્જી શકે છે. પરંતુ એ શક્તિને નહિ પીછનાર અણજાણમાં સારી ચિત્રસામગ્રી પણ વેડફી નાખે છે. દૃષ્ટિકોણ આમ ચિત્ર સુધારે યા બગાડે. માટે પ્રત્યેક છબિકારે ચિત્રસંદેશને અનુરૂપ દૃષ્ટિકોણની વિવેકપૂર્વક પસંદગી કરવી જોઈએ. આ માસની હરીફાઈના 'ચલો સંગ ચલે હમ', 'સ્મિત' તથા 'અસ્થિ' ચિત્રો સુયોગ્ય દૃષ્ટિકોણથી લેવાએલાં છે.

બલવંત ભટ્ટ



'અસ્થિ' (જયંત કણઝારિયા) નોંધપાત્ર-૧

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ (પાછલા પૂઠાથી ચાલુ) ક્લિષ્ટતા ઓછી થાય છે ને ચિત્રનું વસ્તુ જોર પકડે છે. ડાબી તરફના પાત્રના માથા પાછળના સફેદ ભાગને ઘેરો કરવાની જરૂર છે. તે કરવાની બે રીત છે: એન્લાર્જિંગ વખતે, અગર તે પછી. પહેલી રીતમાં એન્લાર્જિંગ કરતી વેળા એક કાર્ડબોર્ડમાં ઝીણું કાણું પાડી, તેમાંથી એટલા ભાગ પર વધારે એક્સ્પોઝ કરવાથી એટલો ભાગ કાળો બનશે. આને અંગ્રેજીમાં 'બર્નિંગ' કહે છે. જોકે આ રીત થોડા અખતરા માગી લે છે ને એમાં ફાવટ આવે તો જ સારું પરિણામ આવે છે, નહિ તો છાપ બગડી જવાનો ખતરો છે.

બીજી રીતમાં એન્લાર્જમેન્ટ કર્યા બાદ છાપ ઉપર તેટલા ભાગને પોચી પેન્સિલ, ક્રૅયૉન અગર જલરંગથી ઝાંખો કરવાનો હોય છે. પરંતુ આ પ્રકારનું કામ ચમકતા (glossy) કાગળ ઉપર થતું નથી. એને માટે ખરબચડી (matt) સપાટીનો કાગળ વાપરવો ઘટે.

શ્રી મર્ચન્ટના 'ચલો સંગ ચલેં હમ'માં બાળકોની એકાગ્રતા સારી રજૂ થઈ છે. જાણે કોઈ અગમ્ય ભાવિ તરફ મીટ માંડી ધ્યેયને પહોંચવાની ખ્વાહેશ ચહેરા ઉપર રમી રહી ન હોય! બાલસહજ કુતૂહલ



'પ્રતિબિંબ' (ભાનુ પટેલ) નોંધપાત્ર-૨

અને નિર્દોષતા ચિત્રને પ્રિય બનાવે છે. નેગેટિવની પારદર્શકતાને અનુરૂપ કાગળનો ગ્રેઈડ વાપરવાની જરૂર હતી. હાલ જે ગ્રેઈડનો પેપર વાપર્યો છે એનાથી એક ડિગ્રી સૉફ્ટ કાગળ ઉપર વધારે સારી છાપ નીકળશે. તેમ કરવાથી કાળો ટોન પણ જોર પકડશે અને પ્રકાશવાળા ભાગોની વિગતો સ્પષ્ટ બનશે.

શ્રી ઝવેરીમાં ચિત્ર 'સ્મિત'માં એક અભિનવ વિષય અરૂઢ રૂપમાં અને નવા દૃષ્ટિકોણથી લેવાયો છે. આ પ્રિન્ટ પણ ઉચિત કાગળ ઉપર નથી. ફિક્સિંગ કાચું હોવાથી પ્રિન્ટ ડાબે ખૂણેથી પીળો પડચો છે. ચિત્રને ડાબી-જમણી બંને બાજુએથી અનુક્રમે સવા અને એક ઇંચ કાપવાથી ચિત્રરચના જોરદાર બનશે.

શ્રી કણઝારિયાએ કુતુબ-મિનાર ઉપરથી નીચેનાં 'કુવત અલ ઈસ્લામ' મસ્જિદનાં ખંડિયેર તથા લોહસ્તંભનું ફોટો-ચિત્ર 'અસ્થિ' રૂપે રજૂ કર્યું છે. પણ આ ચિત્રનું આકર્ષણ માત્ર દૃષ્ટિકોણને જ આભારી છે.મસ્જિદના ખુલ્લા ચોકમાં યોગ્ય સ્થળે કોઇ માનવઆકૃતિને ગ્રે ઝડપી હોત તો મસ્જિદના વિશાળ વિસ્તારનો સાચો ખયાલ રજૂ થાત.

અંદર, બહાર અને ચારેકોરથી 'ગરમાવો' માણતા વૃદ્ધના ગિરીન મોદીના ચિત્રમાં ભાવનો અતિરેક થયો લાગે છે. ચિત્રરચના પણ જરા કઢંગી છે. જોકે હુક્કો પીતા વૃદ્ધનું એક ઘણું આકર્ષક સુંદર તસ્વીરચિત્ર બની શકે તેટલી સામગ્રી અહીં પડી છે. આ પ્રિન્ટને પણ ચારે બાજુથી ઉચિત રીતે વેતરીને કંઇક ઠીક ચિત્ર નીપજાવી શકાય.

શ્રી ભાનુ પટેલના ચિત્રમાં પાત્ર કરતાં 'પ્રતિબિંબ' સંપૂર્ણ રૂપમાં



'ગરમાવો' (ગિરીન્ મોદી) નોંધપાત્ર-૩

રજૂ થયું હોવા છતાં તેને જોઇતું પ્રાધાન્ય મળ્યું નથી. ચિત્રને ડાબી, જમણી તથા ઉપરની બાજુથી અનુક્રમે પોણો, અર્ધો તથા પા ઇંચ કાપવાથી તેમ થઈ શકે.

ભાઈ ગિરીશ ત્રિવેદીએ પ્રકાશની 'હાઈ કી' પદ્ધતિમાં તસ્વીર ઉતારવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે; પણ તસ્વીરોમાં પાત્રની લાક્ષણિકતાનું પણ નિરૂપણ થવું જોઈએ અને તેનાં આકર્ષક અંગોને ઉચિત ન્યાય મળવો જોઈએ. વળી એમણે ચિત્રનું નામ ગુજરાતીમાં આપ્યું નથી એ ખામી તરફ એમનું ધ્યાન દોરીએ છીએ. **બલવન્ત ભટ્ટ**

પ્રભાત-સ્નાન

(પાછલા પૂઠામાં છાપેલું ચિત્ર)

માનવીને જળનું અગમ્ય આકર્ષણ હોય છે. તૃષાતુર કંઠની તૃષા છિપાવનાર પાણી બળતા હૃદયને ઠંડક આપે છે તેમ પ્રેમીના પ્રેમમાં ઉન્માદ પણ આણે છે. કલાકાર માનસ પણ એના તરફ સ્વાભાવિકરીતે ખેંચાય છે. ચિત્રસર્જનમાં જળને અનેરું સ્થાન છે. તુફાની સમુદ્રનાં ઉછાળા મારતાં ભરતીઓટનાં મોજાં, ધીમા સમીરના તાલે નાચતી સરોવરની જળલહરો, નદીઓનાં સર્પાકાર વહેણ અને બાળ ઝરણાનાં ખળખળતાં નીર ફોટોકલાકાર માટે વિશાળ ક્ષેત્ર પૂરું પાડે છે. એમાં જળસ્થળના આકારો અવનવા સ્વરૂપમાં દૃષ્ટિગોચાર થાય છે. સ્વરૂપભેદ ઉપરાંત જળશક્તિના વિભિન્ન પ્રકારો પણ આંખ સામે અવનવાં રૂપ રચે છે, અને તે રૂપલીલામાં સૂર્યકિરણો અદ્ભુત રમણીયતા ઉમેરે છે. ભાઈ ઈબ્રાહીમ ડી. પટેલના 'પ્રભાત-સ્નાન' ફોટોમાં, અછતા સૂર્યના તેજથી રસાએલા જળમાં સ્નાન કરતાં ત્રણ માનવીઓનું ચિત્ર સર્જાયું છે. ત્રણે વ્યક્તિ પોતપોતાની પ્રવૃત્તિમાં નિમગ્ન છતાં ચિત્રમાં એકતારે ગૂંથાએલી જણાય છે. તેમનામાં આ એકતા આણનાર તેજ અને ચેતનથી રસાએલું વાતાવરણ છે. ડાબી-જમણી વ્યક્તિઓને તેમની ચોમેર ફેલાએલાં પાણીનાં કૂંડાળાં એકબીજા સાથે જોડે છે, જ્યારે પ્રકાશકણો બંનેને ત્રીજી સાથે મેળમાં આણેછે. આ છાયાચિત્રમાંથી યોગ્ય ચિત્રવેતરણ કરવાથી ચાર વિવિધ ચિત્રો ઉપજાવી શકાય તેમ છે. કલારસિક વાચકો ૩૮૬મા અંકમાં પ્રસિદ્ધ થએલો ચિત્ર-વેતરણ ઉપરનો લેખ વાંચીને સમજપૂર્વક આ ચિત્રમાંથી એવી વેતરણો યોજી શકે. જેની વેતરણ પરીક્ષકના નિર્ણયને મળતી આવશે તેનાં નામ હવે પછીના અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. **બલવન્ત ભટ્ટ**




શ્રદ્ધાંજલિ

શ્રદ્ધા ને સાધનાથી જીવન સાર પામશે,
શંકા જ ફક્ત પામશે તર્કો કરી કરી.
મારી સૂરત ન જોઇ મેં નિજને ન ઓળખ્યો,
થાકી ગયું જગત મને દર્પણ ધરી ધરી.
મારા જીવનનું શિલ્પ ઘડાયું નહીં અનિલ,
જીવન વિતાવ્યું કોઈની મૂર્તિ ઘડીઘડી.
(ડમરો અને તુલસી) —રતિલાલ અનિલ

સ્વ. આચાર્ય શ્રી રતિલાલ મોહનલાલ ત્રિવેદી

જાતજાહેરાતની ખેવના વિના, ગુજરાતનાં શિક્ષણ ને સાહિત્યનાં ક્ષેત્રમાં, ઉપરથી અણપીછ્યો લાગતો પણ સતત ને સંગીન ફાળો આપ્યે જતા ગણ્યાગાંઠ્યા પુરુષોમાં ગણનાપાત્ર, એવા અમારા એક બીજા મહાનુભાવ મિત્ર શ્રી રતિલાલ મોહનલાલ ત્રિવેદીના, ગઇ તા. ૨૪મી એપ્રિલે થએલા અણધાર્યા અવસાનની નોંધ અમે દુઃખના ઊંડા આઘાત સાથે લઇએ છીએ. એમના જવાથી ગુજરાતને એક નિષ્ઠાવાન સાહિત્યસેવી, સમતુલ વિવેચક, તત્ત્વદર્શી વિચારક, સાહિત્યરસના શિષ્ટ મીમાંસક, પ્રાચીન સંસ્કૃતિના અભ્યાસી પુરસ્કર્તા ને શિક્ષણક્ષેત્રના સફળ ઘડવૈયાની ખોટ પડી છે. ગુજરાતના જ્ઞાનપુરોહિત આચાર્ય આનંદશંકર ધ્રુવ પાસે સાહિત્ય-નિદિધ્યાસન કરવા મહાભાગ બનેલા સદ્ગત શ્રી ત્રિવેદીએ તેમનો જ્ઞાનવારસો યથાર્થ રીતે પચાવ્યો હતો, અને તે દ્વારા તથા પોતાના વ્યક્તિત્વના પ્રેરણાબલે ગુજરાતને તેમણે બહુલ સેવાઓથી યથાશક્તિ સમૃદ્ધ કર્યું છે.

તેમનો જન્મ સૌરાષ્ટ્રના રાણપુર ગામમાં ઇ. ૧૮૯૪ની ૨૨મી માર્ચે વિદ્યાસંસ્કારપૂત શ્રીમાળી બ્રાહ્મણ કુટુમ્બમાં થયો હતો. તેમના પિતાનું નામ મોહનલાલ લક્ષ્મીશંકર અને માતાનું નામ માણેકબાઈ હતું. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ પોતાના મોસાળ ધ્રાંગધ્રામાં લેતા હતા ત્યારથી જ તેમનામાં અદમ્ય વાચનભૂખ જાગી હતી, અને અંગ્રેજી પાંચમા ધોરણથી તો તેઓ આચાર્ય આનંદશંકર ધ્રુવ સંપાદિત, સાહિત્ય-સંસ્કારના પ્રમુખ ગુજરાતી માસિક 'વસન્ત'નું નિયમિત વાચન મનન કરતા. અભ્યાસનિષ્ઠા, ખંત અને તેજસ્વિતા ભરેલું માધ્યમિક શિક્ષણ પૂરું કરી તેઓ અમદાવાદની ગુજરાત કૉલેજમાં ઉચ્ચ અભ્યાસ માટે દાખલ થયા, જ્યાં વિખ્યાત પ્રિન્સિપલ રૉબર્ટસન અને આનંદશંકર ધ્રુવ જેવા પ્રાધ્યાપકોએ જમાવેલું વાતાવરણ તેમની જ્ઞાનપિપાસાને તૃપ્તિપદ નીવડ્યું. અંગ્રેજી, સંસ્કૃત અને તર્કશાસ્ત્રમાં



ઉચ્ચ ગુણ મેળવી તેઓ બી.એ.માં આવ્યા ત્યારથી આચાર્ય આનંદશંકર ધ્રુવના નિકટ પરિચયમાં આવ્યા ને તેમની પ્રેરણાથી તેઓ સંસ્કૃત સાહિત્યના અભ્યાસી બન્યા, જેનું સુફલ, ગુજરાતી સાહિત્યને તેમણે આપેલાં સંસ્કૃત સાહિત્ય તથા જ્ઞાન-વિજ્ઞાન શાખાઓને લગતાં તલસ્પર્શી ને તટસ્થ વિવેચનો ને માહિતી-લેખો દ્વારા મળ્યું. ઈ. ૧૯૧૫માં તેઓ મહાત્મા ગાંધીજીના સંપર્કમાં આવેલા ત્યારે તેમની કાર્યચીવટ ને તેજસ્વી બુદ્ધિમત્તા જોઇને મહાત્માજીએ પોતાના અંગત મંત્રી તરીકે લેવા ઈચ્છા પ્રકટ કરેલી, પરંતુ પ્રતિકૂળ કૌટુંબિક સંયોગોને કારણે તેમને તે તક જતી કરવી પડેલી.

ગ્રૅજ્યુએટ થઇને તેમણે કેળવણીના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો. સિદ્ધપુરની માધ્યમિક શાળાના અને લીંબડી નરેશના રાજકુમારના શિક્ષક તરીકેની કામગીરી બાદ અમદાવાદમાં પ્રોપ્રાએટરી હાઈસ્કૂલના તથા શેઠ શ્રી

ચામાચીડિયાં -(૨) વનવાગળ



લોંકડીના જેવાં લાંબાં મોં ને મોટા દેહવાળાં ફળાહારી વનવાગળ કે વડવાગળ (Mega cheiroptera–Flying Foxes) આપણે ત્યાંની એક જ Pteropolidate જાતની ચારછ પેટાજાતિઓમાં મોખરે છે, ખાસ્સો એક ફૂટનો દેહ અને ચાર ફૂટ લાંબી પાંખ ધરાવતી 'વાગળ'(Pteropus Medius). ચામાચીડિયાંના આખા વર્ગમાં સૌથી મોટું પશુ આ જ છે. દુનિયામાં સૌથી મોટી વાગળ Kalang મલાયામાં થાય છે.

તેના શરીરનો રંગ કાળાશપડતો કે ઘેરા છીંકણી રંગનો. માથું-ગરદન જુદી છાયાવાળાં. બોચી, ખભા, છાતી, પેટનો ઉપલો ભાગ રતાશપડતા પીળા કે પરાળના જેવા આછા સોનેરી રંગનાં–રૂવાંથી ઢંકાએલાં. કાન રુવાંટી વિનાના –છેડેથી અણીદાર. પાંખની ચામડી ઘેરા તપખીરિયા રંગની. એના નીચેના ભાગમાં શરીરની અડોઅડ વાળ ઊગ્યા હોય છે.

શરીરની રચના સાદી. તેને પૂંછડી હોતી નથી, તેમ નાકને ટેરવે 'ચર્મપત્ર' પણ ન મળે. કાન સીધાસાદા. બે પગની વચ્ચેની પાનીને સાંધતી ચામડીનો પડદો નહિ જેવો. પગ ચપટા સપાટ. હાથનો છૂટો અંગૂઠો લાંબો. છેડે તીક્ષ્ણ વાંકડિયા નહોર. પહેલી આંગળી પણ નહોરવાળી. મુખ્યત્વે આમલીના ઝાડ પર રહે, અને રહે ત્યાં વર્ષોનાં વર્ષો કાઢી નાખે. જ્યારે જુઓ ત્યારે પચીસપચીસ સોબસોનાં ટોળાંમાં જ દેખાય. ખાવાની વસ્તુનાં માત્ર રસ જ તે ચૂસે છે. સૂએ ત્યારે એક પગે ડાળ પકડી ઊંધાં લટકે અને પછી બીજા પગે તથા હાથે પાંખની ચામડીથી આખું શરીર લપેટી ઢાંકી દે! ગંદાં બહુ. વળી નરનાક્વચિત માદાના-શરીરમાં અસહ્ય વાસવાળી એક દુર્ગંધગ્રંથિ હોય છે. ઊડે પગ પાછળ લાંબા-પહોળા કરીને, કેમકે તેના પગ અન્ય જીવાતખાઉ ચામાચીડિયાં પેઠે ચામડીથી સંધાએલા નથી હોતા, પણ છૂટા હોય છે. તે માર્ચ–એપ્રિલમાં બચ્ચાં જણે છે. વનવાગળાં સહેલાઇથી પાળી શકાય છે.('વનેચર'ના લેખ પરથી)

અંબાલાલ સારાભાઈની ખાનગી શાળાના અધ્યાપક તરીકેની તેમની કારકિર્દી પ્રશસ્ત નીવડી. તે પછી અમદાવાદની ફેલોશિપ હાઈસ્કૂલના આચાર્ય તરીકે બે વર્ષ ગાળીને ઈ. ૧૯૩૭માં તેમણે પોતાની સ્વતંત્ર શિક્ષણસંસ્થા 'ન્યૂ એજ્યુકેશન હાઈસ્કૂલ'ની સ્થાપના કરી, જેના આચાર્યપદે તેઓ જીવનની છેલ્લી ઘડી સુધી હતા. તેમની શીખવવાની શૈલી માહિતીભરપૂર હોવા સાથે એટલી જ વિશદ, આકર્ષક અને રસાવહ હતી. ગઈ પચ્ચીસીમાં અમદાવાદે જોએલા ઉત્તમ શિક્ષકોમાં તેમનું નામ નિઃસંકોચ પ્રથમ શ્રેણીમાં આવે. સાહિત્ય અને કેળવણી એ બંને તત્ત્વોને એકબીજાથી ભિન્ન નહિ પણ પરસ્પરનાં પૂરક ગણીને તેમણે તેમના સુમેળથી બેવડી સિદ્ધિ સાધી હતી.

એક અગ્રણી કેળવણીકાર તરીકે માધ્યમિક શિક્ષણ ઉપરાંત ઉચ્ચ શિક્ષણમાં પણ મુંબાઈ તેમજ ગુજરાત યુનિવર્સિટીઓ સાથે તેઓ સક્રિય રીતે જોડાએલા હતા. દસ વર્ષ સુધી તેઓ મુંબાઈ યુનિવર્સિટીની સેનેટ, ઍકેડેમિક કાઉન્સિલ તેમજ ગુજરાતી, સંસ્કૃત વગેરે ભાષાઓની અભ્યાસ-સમિતિઓના સભ્ય હતા; અને ગુજરાત યુનિવર્સિટીમાં પણ સેનેટ તથા સિન્ડિકેટના સભ્ય હોવા ઉપરાંત તેઓ અનેક વિષયોની અભ્યાસ-સમિતિઓના સભ્ય હતા. આ ઉપરાંત અમદાવાદ એડ્યુકેશન સોસાએટી, ગુજરાત વિદ્યાસભા, ભો. જે. વિદ્યાભવન, ગુજરાત સાહિત્ય સભા, ગુજરાત સ્ત્રીશિક્ષણમંડળ, રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ વગેરે સંસ્થાઓના સલાહકાર તરીકે તેમણે કામ કરેલું.

એમની સાહિત્યસેવા સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં યશદાયી બની રહી છે. ચિંતન એ એમના પ્રત્યેક લખાણનો વિશિષ્ટ ગુણ છે, પછી એ લખાણ વિવેચનાત્મક હોય, સંસ્મરણાત્મક હોય કે મૌલિક અર્થઘટન હોય. 'હિંદની પ્રાચીન વિદ્યાપીઠો' (૧૯૩૨) એ તેમનો ભારતની પ્રાચીન અને અર્વાચીન વિદ્યાપીઠો વિષેની તલસ્પર્શી અને સર્વલક્ષી માહિતીઓથી પૂર્ણ, ગુજરાતી સાહિત્યમાં એ વિષયનો પહેલો ગ્રંથ છે. 'પ્રવાસનાં સંસ્મરણો'(૧૯૩૩)માં તેમણે પ્રસન્ન, મધુર અને ગૌરવપૂર્ણ ભાષામાં હિમાચલ-પ્રદેશનાં મનોરમ વર્ણનો છટાદાર અને હૃદયસ્પર્શી રીતે આપ્યાં છે. 'વાલ્મીકિનું આર્ષદર્શન'(૧૯૩૪)માં તેમણે રામાયણના રહસ્યનું કલ્પના અને ભાવનાભર્યું હૃદયંગમ અનન્ય ચિત્ર ઉપસાવ્યું છે. 'સ્મૃતિ અને દર્શન'(૧૯૩૮)માં પ્રકૃતિનાં ભિન્નભિન્ન સ્વરૂપોનાં કવિત્વશક્તિથી ભરપૂર વર્ણનોની સાથે તેના હાર્દમાં ઊંડુ તત્ત્વદર્શન છે. 'આચાર્ય આનંદશંકરભાઈ: જીવનરેખા અને સંસ્મરણો'(૧૯૪૧)નું તેમનું પુસ્તક તો, આચાર્ય આનંદશંકર ધ્રુવનું જીવન ઊંડાણથી સમજવા માટેના સાધનરૂપ ગણાય. 'થોડાંક અર્થદર્શનો'(૧૯૪૯)માં સાહિત્યનો રસાસ્વાદ માણવાની અને અર્થદર્શન કરાવવાની નવીન દૃષ્ટિ વ્યક્ત થઈ છે. તેમાં સાહિત્ય, ઇતિહાસ, ભાષા, શિક્ષણ વગેરે વિષયો પરના સંશોધનાત્મક લેખો સંગ્રહાયા છે, જેમાં ક્યાંક ક્યાંક આપણી સંસ્કૃતિનાં પ્રધાન તત્ત્વો વિષે પણ મૌલિક વિચારણા નિરૂપાઈ છે. 'મીરાં' વિષેનું તેમનું અભ્યાસપૂર્ણ વ્યાખ્યાન ટૂંક સમયમાં પુસ્તકરૂપે બહાર પડનાર છે.

ગુજરાતી અને અંગ્રેજીના તેઓ પ્રભાવશાળી વક્તા હતા. વિશદતા, વિગતપૂર્ણતા અને તલસ્પર્શિતા એ તેમના વક્તવ્યના પ્રધાન ગુણો હતા. જીવનની આટલી ઉજ્જ્વળ કારકિર્દી છતાં તેમનું હૃદય અભિમાન-દ્વેષથી અસ્પૃષ્ટ, અને આર્જવ-માધુર્યથી પરિપૂર્ણ રહેતું, જેનો અનુભવ તેમના સંસર્ગમાં આવનાર દરેક વ્યક્તિને ચિરસ્મરણીય રહેશે. તેમના વ્યક્તિત્વમાં વિદ્વેષ કે કટુતાનો એટલો તો અભાવ હતો કે ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી હરિસિદ્ધભાઈ દિવેટિયાએ તેમને 'અજાતશત્રુ' કહીને અંજલિ આપી છે.

સિલોનના નવા વડા પ્રધાન શ્રી બંદરનાયક

જાગતિક સહકાર અને સમભાવની ભાવનાના ઉદ્‌બોધક, સિલોનના તથા 'મહાજન એકસાથ પેરામ્યુના (એમ.ઈ.પી.)' પક્ષના સ્થાપક



સૉલોમન વેસ્ટરિજવે ડાયસ બંદરનાયક ત્યાંની છેલ્લી ચૂંટણીમાં સત્તા પરના યુનાઈટેડ નૅશનાલિસ્ટ પાર્ટી(યુ.એન.પી.)પક્ષના નેતા સર જ્હૉન કોટલાવાલાને હરાવી સિલોનના વડા પ્રધાનપદે આવ્યા છે.

બૌદ્ધ ધર્મમાં અટલ શ્રદ્ધા ધરાવતા ને સાદા-સંયમી જીવનના આગ્રહી બંદરનાયક, એ સિલોનના એક વખતના મહામુદલિયાર, પૂર્ણપણે પાશ્ચાત્ય રહેણીકરણી અપનાવી ચૂકેલા, રાજરજવાડાંઓ સાથે ગાઢ પરિચય ધરાવતા, પ્રભાવશાળી વ્યક્તિત્વસંપન્ન ને ચુસ્ત ખ્રિસ્તી પિતા સૉલોમન ડાયસનું એકમાત્ર સંતાન છે. તેમણે પ્રાથમિક શિક્ષણ કોલંબોની સેન્ટ ટૉમસ કૉલેજમાંથી લીધેલું. શરૂમાં તેઓ અભ્યાસમાં બહુ પાછળ હતા. કહે છે કે આઠ વર્ષ સુધી તો તેમને કક્કો પણ આવડતો નહિ. પરંતુ પછી પિતાએ ઈંગ્લંડથી બોલાવેલા અંગ્રેજ શિક્ષક રૅડફર્ડની દેખરેખ નીચે તેમણે અભ્યાસમાં એટલી તો પ્રગતિ સાધી કે 'સીનિયર કૅમ્બ્રિજ'ની પરીક્ષા ઉચ્ચતમ શ્રેણી સાથે પાસ કરીને તેઓ એ કાળના સમસ્ત બ્રિટિશ સામ્રાજ્યમાં પ્રથમ ત્રણમાં આવ્યા. પુત્રની આ અસામાન્ય પ્રગતિ જોઈ પિતાએ તેમને સરકારી ઉચ્ચ હોદ્દો મળે તે માટે ત્યારના ગવર્નર વેસ્ટ રિજવે ચામર્સ પાસે મોકલ્યા. બંદરનાયકનાં જ્ઞાન અને બુદ્ધિપ્રતિભાથી ગવર્નર ખુશખુશ થઈ ગયો, અને ત્યારથી તેઓ વચ્ચે એટલો તો એકાત્મભાવ બંધાયો, કે બંદરનાયકે પોતાના નામમાં તે ગવર્નરનું નામ સ્વીકારી લીધું. ગવર્નરે તેમને પણ મહામુદલિયારનો હોદ્દો આપવા માંડ્યો, પરંતુ દેશમુક્તિવાંચ્છુ તેમણે તે સ્વીકારવાની સાભાર ના પાડતાં કહ્યું: 'સાહેબ, હું મારા દેશ માટે કામ કરીશ.' ઇ. ૧૯૧૯માં તેઓ ઑક્સફર્ડ ગયા, જ્યાં ઇંગ્લંડના આજના વડા પ્રધાન ઍન્થની ઇડન અને સંસ્થાનોના પ્રધાન માલ્કમ મૅકડોનલ્ડ તેમના સહપાઠીઓ હતા. ત્યાંના અન્ડરગ્રૅડ્યુએટ તરીકે તેમની વક્તૃતા એટલી તીવ્ર અને ધારદાર હતી કે તેમના મિત્રવર્તુળમાં તેઓ 'તલવાર' તરીકે ઓળખાતા. જ્યારે તેઓ 'ઑક્સફર્ડ યુનિયન'ના મંત્રી હતા ત્યારે તેમણે 'હિંદ-સ્વરાજ' વિષે આપેલું ભાષણ ઘણું અસરકારક નીવડેલું.

ઈ. ૧૯૨૫માં સિલોન પાછા ફરી તેમણે બૅરિસ્ટરી શરૂ કરી અને પછી ઇ. ૧૯૨૭થી સિલોન નૅશનલ કૉંગ્રેસ દ્વારા આરંભાએલા સ્વાતંત્ર્ય-યજ્ઞમાં તેમણે ઝંપલાવ્યું. દેશસ્વાતંત્ર્યના ધ્યેયને સિદ્ધ કરવાના હેતુસર 'સિંહલ મહાસભા'ની પણ તેમણે સ્થાપના કરેલી.

તેમનો સૌ પહેલો હોદ્દો તે 'ટાઉન-કાઉન્સિલર'નો. પછી તો તેઓ રાજ્યસભાના સભ્ય બની પ્રધાનમંડળમાં જોડાએલા. ઉપરાંત સભાગૃહના નેતા, સ્થાનિક સ્વરાજ અને આરોગ્ય ખાતાના પ્રધાન અને છેલ્લે સરકારી હોદ્દા છોડી દીધા બાદ વિરોધ પક્ષના આગેવાન તરીકે અનેકમુખી મહત્ત્વની કામગીરી તેમણે બજાવી છે. ઈ. ૧૯૪૭માં નવી

દિલ્હી ખાતે પં. જવાહરલાલ નેહરુએ બોલાવેલી એશિયાઈ પરિષદમાં સિલોનના પ્રતિનિધિ તરીકે તેમણે હાજરી આપી હતી અને એશિયાઈ સંગઠન તથા એકતા માટે જોરદાર દરખાસ્ત રજૂ કરી હતી. અહીંથી જગતસમભાવની અનિવાર્ય આવશ્યકતાનું તેમને જે દર્શન થયું તેને તેમણે ચાર વર્ષ બાદ 'કોલંબો પાવર્સ કૉન્ફરન્સ'માં સ્પષ્ટ સ્વરૂપે વ્યક્ત કર્યું તથા છેલ્લી બાંડુંગ પરિષદમાં પણ તેનો જ પુરસ્કાર કર્યો.

કૅન્ડીઅન કન્યા શ્રીમાવો રતવત્તે સાથેના તેમના લગ્ને શરૂમાં તો રૂઢિચુસ્તોમાં સારો એવો ઉહાપોહ જગાવેલો; પરંતુ પછી તેમના આ જ પગલાએ રૂઢિચુસ્ત કૅન્ડીઅનો ને મેદાનવાસી દેશીઓ વચ્ચેના સામાજિક ભેદો ભૂંસવામાં મોટી મદદ કરી. સામાજિક સેવાઓ તથા પછાત જાતિઓનો ઉદ્ધાર એ શ્રીમતી બંદરનાયકના પ્રિય વિષયો છે. તેમના પતિની માફક તેમને પણ શહેરના ભભકદાર જીવન કરતાં ગામડાનું સાદું જીવન વધુ પસંદ છે. કોલંબોથી ૨૫ માઇલ દૂર આવેલા હૅરોયૅલ્લો ગામમાંના બાપીકા ઘરમાં બે પુત્રીઓ અને એક પુત્રથી ભર્યાભાદર્યા સંસાર સાથે બંદરનાયક દંપતી સાદાઈ ને સુખથી રહે છે.

ભારત-સિલોની પ્રશ્ન વિષે બંદરનાયક ઉદારપણે માને છે કે 'જેમને સિલોનનાં આર્થિક, સામાજિક તેમજ અન્ય ક્ષેત્રોમાં સમાવી શકાય તેવા ભારતીઓને વધુમાં વધુ સંખ્યામાં સર્વ હક સાથે સિલોનના રાજકારણમાં પણ લેવામાં આવવા જોઇએ, જેથી બંને દેશો વચ્ચે સમજૂતી અને સહકારનું વાતાવરણ જન્મે.' તેઓ પં. નેહરુની માફક વિશ્વબંધુત્વમાં માને છે અને 'પંચશીલ'ને તેમનો દૃઢ ટેકો છે. એક અદના સમાજવાદી તરીકે તેઓ વર્ગપ્રથા નહિ પરંતુ સમૂહપ્રથામાં માને છે. સિલોનને તેઓ 'પૂર્વનું સ્વિટ્ઝરલૅન્ડ' અને ગરમ તથા ઠંડાં બેઉ પ્રકારનાં યુદ્ધોથી વિમુક્ત એવું એક અપૂર્વ દરિયાઈ બારું બનાવવા માગે છે.

ડુંગળી : ગરીબની કસ્તૂરી

ડુંગળીની ઉપયોગિતા તો દરેક ઋતુમાં એકસરખી હોય છે, પરંતુ ઉનાળામાં ડુંગળી સવિશેષ ગુણકારી છે. તેનામાં એક ચમત્કારી ગુણ એ છે કે ગ્રીષ્મમાં એ મનુષ્યને લૂ લાગવા દેતી નથી. ડુંગળી બળ અને વીર્યની વર્ધક, સ્નિગ્ધ ને પાચક છે. તેનો રસ તીખો તથા તીક્ષ્ણ છે. તેનું નિયમિત સેવન કરવાથી આંખની જોવાની શક્તિ વધે છે, કારણ તે આલોચક પિત્તને વધારે છે, ને હમેશાં ડુંગળી સેવન કરનારની આંખ, મળગૂગળી, મેલી ને નિસ્તેજ મટી ચમકારા મારતી જણાય છે.

ડુંગળીનો બીજો ગુણ ગળાને સાફ રાખવાનો છે. તે સ્મરણશક્તિને વધારે છે, રસ તથા પાકમાં મધુર છે અને વાતવ્યાધિ માટે રામબાણ છે. શરીરનાં તૂટેલાં અંગોને જોડનારી ને નિર્બલ બનેલા સ્નાયુમંડળને શક્તિપ્રદાન કરનારી તે મહાશક્તિ છે. લોકવાયકામાં એને 'ગરીબની કસ્તૂરી' કહી છે તે ખરેખર સત્ય છે.

ડુંગળીનો ઉપયોગ આમ તો આપણે અનેક રૂપે કરીએ છીએ. માત્ર તેલ-ઘીમાં ભૂંજીને તેનું શાક પણ થાય છે. એનો વઘાર હરકોઈ શાકમાં અપાય છે. ઘણાં શાક સાથે એને મેળ આવે છે. એની ચટણી સુંદર બને છે. કાચી ડુંગળી સાથે કાચી કેરી મેળવી, ગોળ અને બીજા હવેજ ઉમેરી કચુંબરના રૂપમાં એનો ઉપયોગ થાય છે. કેરી અને ડુંગળીનું કચુંબર ખાનારને લૂ નથી લાગતી.

કાચી ડુંગળીના ટુકડા મીઠા સાથે મેળવી ભોજનમાં ખાનારનાં હોઠ અને મોઢું ચિકાશરહિત અને સાફ થઇ જાય છે, અવાજ સ્વચ્છ બની જાય છે અને મળશુદ્ધિ થાય છે. જેઓ પાનતમાકુ ખાઇને ઇરાદાપૂર્વક દાંત ન બગાડતા હોય તેના દાંત રોજ ડુંગળીના ચર્વણથી વધુ સફેદ રહે છે. ડુંગળી વિષનાશક છે. આંતરડાંના કેટલાક મળ તથા વિષકીટાણુ ડુંગળીના સેવનથી નાશ પામે છે, અને શુક્ર-વૃદ્ધિ થાય છે.


સાત્ત્વિક સાધુજીવન જીવવા માટે જેમણે તમોગુણી આહાર ત્યાગ્યો હોય તેવાને ડુંગળી ખવડાવવાનો આગ્રહ નથી. પણ જેઓ ટિંચરવાળી અંગ્રેજી દવાઓ પી શકે છે, સ્પિરિટમાં તૈયાર થતી દવાઓ લેવાનો જેમને વાંધો નથી, લીવર સત્ત્વનાં ઇન્જેક્શનો જે લઈ શકે છે અને પરદેશમાં બનેલા મુરઘીના સૂપ કે સિરપ પી શકે છે, તેવાઓ ડુંગળી ખાવાથી ધર્મભ્રષ્ટ થવાય એવું કહેતા હોય તો તે અજ્ઞાન-અંધતા છે.

ડુંગળી તમોગુણી છે. તે ભલે હોય; ગુજરાતી નવજુવાનોએ તો તે ખાવી જ જોઇએ, જેથી આત્મરક્ષા તથા આત્મીયજનોની રક્ષા કરવા જેટલી એમનામાં ખુમારી પ્રગટે. આજે ગુજરાતી ભાગી છૂટવા ને માર ખાવાનો ખિતાબ લઇને નિંદાય છે, એમનામાં ડુંગળી-લસણ ખાઇને પણ પ્રતિકાર કરવાની શક્તિ જાગ્રત થતી હોય તો તમોગુણી થવાનો દોષ વહોરીને પણ તે ભલે થાઓ. એ શક્તિ ડુંગળી જાગ્રત કરે છે.

(ગુજરાત સમાચાર) —વૈદ્યશાસ્ત્રી જાદવજી નરભેરામ

ધ્રુવમત્સ્ય પરથી સમય જાણવાની રીત

ઉત્તર દિશામાં સપ્તર્ષિ અને ધ્રુવ તારાની વચ્ચે સપ્તર્ષિની જ બીજી નાની આવૃત્તિ જેવું ધ્રુવ સાથે જોડાએલું તારકમંડળ 'ધ્રુવમત્સ્ય' આવેલું છે, તેના પરથી રાતના કોઇ પણ વખતે સમય જાણી શકાય છે. ધ્રુવમત્સ્ય ધ્રુવના તારાને કેન્દ્રમાં રાખીને ઉત્તર દિશામાં અપસવ્ય (એટલે કે ઘડિયાળના કાંટાથી ઊલટી) બાજુએ ફરતાં એક રાતમાં અર્ધું વર્તુળ પૂરું કરે છે. અમુક માસની અમુક તારીખે સાંજના છ વાગ્યે ધ્રુવમત્સ્ય જ્યાં હોય તે જગ્યા, તે તે માસ-તારીખના ઉલ્લેખ સાથે નિશાની દ્વારા આકૃતિમાં દર્શાવી છે.



ત્યાંથી ૧૫°ને અપસવ્ય ખૂણે (કાટખૂણાને બરાબર છઠ્ઠે ભાગે) જ્યારે ધ્રુવમત્સ્ય આવે ત્યારે સાંજના છ વાગ્યાને એક કલાક ગયો, એટલે કે સાત વાગ્યા ગણાય. ઉપરની આકૃતિમાં ૧૫મી મેએ સાંજના સાત વાગ્યે ધ્રુવમત્સ્યે પોતાની મૂળ—છ વાગ્યાની સ્થિતિ સાથે બનાવેલો ૧૫°નો અપસવ્ય ખૂણો કાંગરિયાળી લીટી દ્વારા દર્શાવ્યો છે. તે પ્રમાણે ધ્રુવમત્સ્ય કાટખૂણે પહોંચતાં રાતના બાર, તથા ૧૮૦°ને ખૂણે—મૂળ જગ્યાથી બરાબર સામે પહોંચતાં સવારના છ વાગ્યા ગણાય. આમ દરેક કલાક કે કલાક-ભાગ માટે, ધ્રુવમત્સ્યે સાંજના છ વાગ્યાની મૂળ સ્થિતિ સાથે બનાવેલા ખૂણાની ૧૫° પરથી યોગ્ય ગણતરી કરી લેવી. એક દાખલો લઇએ. ૧૫મી ડિસેમ્બરે રાતના આકાશમાં જોયું તો ધ્રુવમત્સ્ય જમીન તરફ સીધું નીચે આવેલું હતું. આમ ધ્રુવમત્સ્યે ૧૫મી ડિસેમ્બરની સાંજના છ વાગ્યાની (આકૃતિમાં જણાવેલી) સ્થિતિ સાથે ૬૦°નો અપસવ્ય ખૂણો બનાવ્યો હોવાથી કલાકના ૧૫°ના હિસાબે સાંજના છ ઉપર ચાર કલાક ગયા એટલે કે રાતના દસ વાગ્યા ગણાય. ૧લી કે ૧૫મી પછીની તારીખો વખતે ધ્રુવમત્સ્યની છ વાગ્યાની સ્થિતિ તારીખના પ્રમાણમાં અપસવ્ય બાજુએ આગળ વધેલી હોય છે. જેમકે ૭મી જૂને સાંજના છ વાગ્યે તેની સ્થિતિ ૧લી અને ૧૫મી જૂનનાં છ વાગ્યાનાં સ્થાનોની બરાબર વચ્ચે હશે. ધ્રુવની માફક ધ્રુવમત્સ્ય પણ રાતના ક્યારેય આથમતું નથી; તેથી તેને જોઈને સમયની ગણતરી કરવી બહુ સુગમ પડે છે.

('આકાશગંગા'માં આવેલા શ્રી દિનકરરાય વૈદ્યના લેખ પરથી)

ખાંડ, જંતુ અને લોહી : એક આકસ્મિક શોધ

બંધારણ તથા ખાસિયતોની દૃષ્ટિએ માનવીનું લોહી 'એ', 'બી', 'એ-બી' કે 'ઓ' એમ ચારમાંથી ગમે તે એક જાતનું હોય છે. રોગીને બીજાનું લોહી અપાય ત્યારે બંનેના લોહીની ખૂબ સંભાળપૂર્વક તપાસ કરવી પડે છે, કેમકે વિરુદ્ધ પ્રકારનું લોહી અપાતાં જીવનું જોખમ રહે છે, અને છતાં એવું યે કુદરતી લોહી પૂરતા પ્રમાણમાં મળી શકતું નથી.

આથી કોઈ તાકીદની પરિસ્થિતિમાં, અનુકૂળ કુદરતી લોહી મળી શકે તેમ ન હોય ત્યારે કઈ વસ્તુનો ઉપયોગ કરી શકાય તે વિષે લાંબા સમયથી સંશોધન ચાલુ હતું. સદ્ભાગ્યે હવે ડેક્સ્ટ્રાન નામનો ઘણો જ ઉપયોગી પદાર્થ મળી આવ્યો છે, જે એ ખોટ પૂરી પાડે છે. વળી સંગ્રહણી-કૉલેરા જેવા રોગોમાં શરીરમાંથી પ્રવાહીનો જથ્થો જલદીથી બહાર ફેંકાઈ જતો હોવાથી તેમાં તો ડેક્સ્ટ્રાન આશીર્વાદરૂપ છે.

આમ તો ડેક્સ્ટ્રાન સર્વપ્રથમ પાસ્તરે ઈ. ૧૮૬૧માં પારખ્યું હતું. જોકે તેથી યે અગાઉ ખાંડનું ઉત્પાદન કરનારાઓને તો તે 'શાપરૂપ પદાર્થ' તરીકે જાણીતું હતું જ. ખાંડ સાફ કરવાની ક્રિયા દરમિયાન આથો આવીને ગુંદર જેવો એક પદાર્થ તૈયાર થાય છે. પાસ્તરે એવી શોધ કરી કે આ આથો એક સૂક્ષ્મ જંતુની પ્રવૃત્તિને લીધે ઉત્પન્ન થાય છે. ખાંડનું ઉત્પાદન કરનારાઓ આ ડેક્સ્ટ્રાનથી ખૂબ જ કંટાળી ગયા હોવા છતાં પણ રસાયનશાસ્ત્રીઓએ લોહીનું સ્થાન લઈ શકે તેવા પદાર્થની ઉતાવળથી શોધ નહોતી આરંભી ત્યાં સુધી કોઈ જ આ અમૂલ્ય પદાર્થનો ભડો કરવા તૈયાર નહોતું.



આથો ઉપજાવતાં જંતુઓ દ્વારા ડેક્સ્ટ્રાન બનાવવાનું કારખાનું

ડેક્સ્ટ્રાનનો સૌથી મોટો ગુણ એ છે કે તેના યોગ્ય માપના કણો તૈયાર કરી શકાય છે. કણો નાના હોય તો લોહીમાંથી તે જલદી છૂટા પડી જાય છે, અને વધારેપડતા મોટા કણોને લીધે લોહી ઘટ્ટ બની જતાં રક્તાભિસરણ ધીમું પડી જાય છે; એટલું જ નહિ પરંતુ કેટલાક કોમળ અવયવોને ઈજા પણ થવા સંભવ છે. પરંતુ ડેક્સ્ટ્રાનના યોગ્ય માપના કણો શરીરમાં ઘણા લાંબા સમય સુધી ટકી રહી શકે છે તથા નવું લોહી પૂરતા પ્રમાણમાં ઉત્પન્ન થતાં સુધી રોગી ટકી રહી શકે છે; અને છતાં શરીરમાં તે ૩-૪ દિવસ કરતાં વધારે ટકી રહેતું ન હોવાથી કશી અવક્રિયા થતી નથી. ડેક્સ્ટ્રાનના મુખ્ય ત્રણ લાભ છે: (૧) લોહીની તપાસ કરવાની જરૂર રહેતી નથી; (૨) કશી અવક્રિયા થતી નથી; અને (૩) ગમે તેવા હવામાનમાં તે સારું રહે છે. ખાંડના ઉદ્યોગને વર્ષો સુધી પુષ્કળ નુકસાન કરનાર પેલું સૂક્ષ્મ જંતુ હવે લોહીને બદલે વપરાઇને માનવીના મહામૂલા પ્રાણોને બચાવી લઈ શકાય તેવા પદાર્થના સર્જન દ્વારા માનવજાતિની મહાન સેવા કરી રહ્યું છે.

બૃહદ ગુજરાતની કૉલેજોમાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ માટે નિબંધ-હરીફાઈ

'હિંદી રાષ્ટ્રજીવનમાં ગુજરાતી સમાજનો ફાળો' એ વિષય ઉપર ૫૦ ફૂલસ્કૅપ કાગળના કદનો નિબંધ તા. ૩૦-૬-'૫૬ સુધીમાં નીચેને સરનામે, સીલબંધ પરબીડિયામાં, રજિસ્ટર્ડ પોસ્ટથી, અને જે કૉલેજમાં જે વર્ગમાં પોતે ભણતા હોય તેની વિગત, સર્ટિફિકેટ તથા પોતાના સરનામા સાથે મોકલવો. વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓમાંથી જેનો નિબંધ શ્રેષ્ઠ ઠરશે તે દરેકને રૂ. ૫૦) સુધીનું એકએક એવાં બે ઇનામો અપાશે.

વિશેષ વિગત માટે લખો: શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર, ૩૬૫ વિઠ્ઠલભાઈ પટેલ રસ્તો, મુંબાઈ-૪.

કુલપતિ કઝિન્સ (અનુસંધાન પૃષ્ઠ ૧૭૯થી) તળપદી આઇરિશ ભાષા બોલતા આઇરિશ નટો ઊભા કરી નાટક ભજવ્યું. લેખકે પોતે જ તેમાં નાયકનું પાત્ર લીધું અને તે ખૂબ સફળ થયું.

ઈ. ૧૯૦૨માં 'નૅશનલ થીએટર સોસાએટી'ને મેં બે નાટકો આપ્યાં : 'The Sleep of the King' અને 'The Racing Lug.' આ નાટકોનાં રીહર્સલ ચાલતાં હતાં તેવામાં એક મિત્ર સાથે હું એક દુકાનમાં ગયો. અમે એક ખૂણે નાટકની ચર્ચા કરતા હતા તેમાંથી આયર્લૅંડના ઉત્તરપ્રદેશના જીવનનું એક પ્રહસન મને સ્ફુર્યું ને લખી નાખ્યું.

આ જ વરસમાં એક નાના શા હૉલમાં મિસિસ ઍની બેસંટનું એક ભાષણ થયું. તેમના જન્મદિવસની તે પહેલી ઑક્ટોબરની તારીખ હતી. તે વખતે તો મેં એ તારીખની નોંધ લીધેલી નહિ, પણ જીવનમાં પાછળથી તે મારા તારીખિયા પર લાલ અક્ષરે કાયમી બની. એ અગાઉ મારાં માબાપ મને અવારનવાર લખતાં કે ઍની બેસંટ નામની બાઈ શેતાનની જાસૂસ છે, અને બ્રાડલો નામના નાસ્તિક સાથે જોડાએલી હોઈ બેવડી ભયંકર છે! મેં તો નર્કની માન્યતાનો ત્યાગ કર્યો હતો, એટલે તેના અધિનાયક શેતાનની કોણ પરવા કરે? હું પણ થોડોથોડો નાસ્તિક છું એમ મનમાં સમજતો હતો. 'બાઈબલના કથન' કરતાં 'સત્ય'ને જ આગળ ધરવું એટલું વાચનથી મેં નક્કી કર્યું હતું. શ્રીમતી બેસંટનું વ્યાખ્યાન હતું: 'થીઓસોફી અને આયર્લૅંડ.' એમાં એમણે સમાધિજ્ઞાન, દૈવી સૂચન વગેરેથી સમજાવ્યું કે એશિયામાં આધ્યાત્મિક જાગૃતિનું નેતા ભારત છે, તે રીતે યુરોપની જાતીય અને સાંસ્કારિક ઉત્ક્રાન્તિનું ગુરુપદ આયર્લૅંડને ભાગે આવવાનું છે.

મિસિસ બેસંટ એ વખતે પંચાવન વર્ષનાં, બાંધી દડીનાં, સફેદ કેશવાળાં પ્રસન્નગંભીર મેધાવી મુખમુદ્રાવાળાં દેખાયાં. નોંધના જરા પણ આધાર વગર, પૂરા ઘન સ્વરથી, સ્પષ્ટ ઉચ્ચાર અને ભાષા પરના પ્રભુત્વથી તે વ્યાખ્યાન કરતાં. મને પ્રતીતિ થઈ કે થીઓસોફી વિષે મેં જે પરચૂરણ પત્રિકાઓથી જ્ઞાન મેળવ્યું હતું તે કરતાં તે ઘણી મહાન છે, અને આયર્લૅંડ પણ મહાન છે. એ એક જ વ્યાખ્યાનથી આટલો પલટો મેળવીને હું તે વિષે વધારે વાંચવા લાગ્યો.

એ જ ખંડમાં, ઈ. ૧૯૦૨ની ૨૮મી ઑક્ટોબરથી ૨ નવેમ્બર સુધી આઇરિશ લિટરરી થીએટરનો નાટ્યોત્સવ થયો, જેમાં મારું 'ધ સ્લીપ ઑવ ધ કિંગ' પહેલી વાર રજૂ થયું. એક પણ ભૂલ વગર પાત્રોએ નાટક ભજવ્યું. પુરાણા આઇરિશ સ્વરાલાપે બાળકોએ પરીગાન કર્યું તેની જબ્બર અસર થઇ. તાળીઓના પ્રચંડ નાદો વચ્ચે રંગમંચ ઉપર રજૂ થવાનો મને પહેલી જ વાર અનુભવ થયો. એક મહાન કાર્યમાં મારી નાનીશી સેવા માટે આટલી બધી વધાઇ! એડવર્ડ માર્ટિને નેપથ્ય પાછળ આવી મારી પીઠ થાબડી. યીટ્સે હાથ ઊંચો કરી કહ્યું. 'સ્પ્લેન્ડિડ, માઇ બૉય, સ્પ્લેન્ડિડ! સ્વદેશી પાત્રોએ સુંદર પદો સુંદરરીતે ઉચ્ચાર્યાં–આપણી ઇચ્છા હતી એમ જ.' એ જેમણે સાંભળ્યું તેમને લાગ્યું કે અમે તો માત્ર યીટ્સના કામમાં પૂર્તિ કરનારા છીએ; નહિ કે એ અમારા કામમાં. આઇરિશ ઇતિહાસમાં છાયા લાવનારી તિરાડ, જે હજી પણ પછીનાં વર્ષોમાં વધવાની હતી, તેનો એ ભણકાર હતો!

'Lug' (હોડકું) પાછળથી બેલફાસ્ટમાં 'અલ્સ્ટર લિટરરી થીએટરે' ભજવ્યું. ૧૯૦૨ના વર્ષમાં તે મારી મોટી સફળતા હતી. મેં લખેલું પેલું આયર્લૅંડનું પ્રહસન 'Sold' (વેચી માર્યું) અને 'The Sword of Dermot' વગેરે તો ચાલુ હતાં જ. 'ધ યુનાઇટેડ આઇરિશમૅન'ના નાતાલના અંકમાં તંત્રીએ ખૂબ પાનાં રોકી 'સોલ્ડ' પ્રસિદ્ધ કર્યું અને તેને આયર્લૅંડનું પહેલું સાચું પ્રહસન લેખ્યું. (ચાલુ)

(આવતા અંકમાં ત્રીજો હપતો : જેમાં જીવનસાથી જડે છે).

સાહિત્યસંપર્ક

સાહિત્યકાર

સુખી લોકો નવરાશને વખતે, વખત વિતાડવા માટે કંઈક સરસ વાંચવા માગે તેવું સાહિત્ય પૂરું પાડનાર સાહિત્યકાર ભાષા-સૌન્દર્યના નવાનવા પ્રકારો ઉપજાવી કાઢે એટલે એની સાહિત્યની સેવા પૂરી થઈ એમ કોઈ ન માને. લોકોને ઉત્સાહ આપવો, લોકોની શુભ વૃત્તિ જાગ્રત કરવી, સરસ્વતીના પ્રસાદથી લોકોનું ધર્મ-તેજ પ્રજ્વલિત કરવું એ સાહિત્યકારનું કામ છે. એકલું લોકરંજન કરવું, લોકોમાં જે જે વૃત્તિઓ ઊઠે તે બધીને માટે ખોરાક પૂરો પાડવો એ સાહિત્યકારનો ધંધો નથી. સાહિત્યકારો સામે એક ફરિયાદ છે કે તેઓ પોતાને સમાજના વિભાગરૂપ ન ગણતાં, સમાજથી જુદા-માત્ર અગ્રણીમાન અને પૂજનના અધિકારી તરીકે જ લેખે છે, અને પોતાની અંગત મહત્તામાં રાચે છે. સાહિત્યકાર સમાજની ખુશામત કરવા બંધાએલો નથી. સાહિત્યવિધાનમાં સ્વાતંત્ર્ય અવશ્ય હોવું જ જોઇએ. પરંતુ એ સાહિત્યકાર પોતાની અંગત મહત્તાને સમાજ કરતાં વધારે કીમતી ગણે અને એ મહત્તા એને સમાજ-વિઘાતક બનાવે ત્યારે સાહિત્યકાર નવજીવન પ્રેરતો ક્રાંતિકારી મટી, સમાજની કોટે બાંધેલો પથ્થર બની જાય છે.

—મંજુલાલ મજમુદાર

શ્રી બાલમુકુંદ દવેનાં, તળપદી મીઠાશ અને પ્રાસાદિકતા ધરાવતાં હૃદયસ્પર્શી કાવ્યોથી કયો વાચક અપરિચિત છે? એમના નવા બહાર પડેલા સંગ્રહ **'પરિક્રમા'**નાં કાવ્યોનો ખયાલ આપતાં શ્રી નગીનદાસ પારેખે યોગ્ય જ કહ્યું છે કે 'બાલમુકુંદ દવેની કવિતા એટલે વાસ્તવની સમથલ ભૂમિ ઉપર વિહરતી, ક્યારેક ફૂલની ફોરમ જેવા હળવા અને મોહક ઢાળામાં તો ક્યારેક સંસ્કૃત વૃત્તોમાં અને સોનેટ જેવા દૃઢબંધ કાવ્યસ્વરૂપમાં વહેતી, ક્યારેક માનવભાવોને તો ક્યારેક પ્રકૃતિનાં વિવિધ સૌંદર્યોને ઉમળકાભેર અને સચ્ચાઈથી ગાતી કવિતા.' છંદનું ને લયનું લાલિત્ય, ભાવનું માધુર્ય અને અભિવ્યક્તિની કુમાશથી નીતરતાં 'પરિક્રમા'નાં કાવ્યો જેટલાં મોહક છે એટલાં જ કલામય પણ છે; કારણ કે કલાનો પ્રસાદ અને સંયમ, બંને તેમાં સપ્રમાણ રીતે સચવાએલા છે. ગુજરાતી કવિતામાં શ્રી બાલમુકુંદ દવેનાં કાવ્યોનું વિશિષ્ટ સ્થાન છે તે ઉપર કહેલા તેમનાં કાવ્યોના ઊડીને આંખે વળગતા ગુણોને કારણે નહિ, પરંતુ તે ગુણોના પ્રભવસ્થાન સમી, ધરતીની ફોરમનું માધુર્ય સર્વાંશે માણી શકેલી–અને એટલે જ તે મહેકને શબ્દેશબ્દે સાકાર કરી જાળવી રાખી શકતી સચ્ચાઈભરી એમની સર્ગશક્તિને કારણે. (પ્રકાશક: મનહરલાલ કે વોરા, વોરા ઍન્ડ કંપની પબ્લિશર્સ લિમિટેડ, ૩ રાઉન્ડ બિલ્ડિંગ, કાલબાદેવી રોડ, મુંબાઈ-૨; કિંમત રૂા. ૨-૦-૦)

'બાલમુકુંદ અને વેણીભાઇ' એ ચાળીસીનાં વર્ષોની કવિ-જોડી. મીઠાશ ને તમતમાટ બંને સાથે માણાવતાં શ્રી વેણીભાઈ પુરોહિતનાં કાવ્યોનો આસ્વાદ પણ 'કુમારે'જ પહેલો પીરસ્યો છે. તે પછી આજે તો મુંબાઈના એક ગણનાપાત્ર ગઝલકાર (અને નવલિકાલેખક) તરીકે જાણીતા થએલા શ્રી વેણીભાઇના કાવ્યસંગ્રહ **'સિંજારવ'**માં એ જ ઊછળતા ભાવથી ભરેલી ખુમારી અને પાસાદાર તથા પ્રભાપૂર્ણ અભિવ્યક્તિ જણાય છે. રાષ્ટ્રભાવનાત્મક, ચિંતનાત્મક અને લલિત ભાવાત્મક–ત્રણે પ્રકારોમાં વેરાએલાં પડેલાં, અનાયાસ બાનીમાં રચાએલાં એમનાં કાવ્યો–સૉનેટો ને ગઝલરચનાઓ, ભજનો અને લાલિત્ય લહેકતાં ગીતો, સર્વમાં પ્રસાદનો પરાગ એકસરખો વ્યાપેલો નજરે પડે છે. (પ્રકાશક: પ્રવીણચન્દ્ર રૂપારેલ, 'વડલો' વતી, ૮૩ માપલા મહાલ, ગિરગામ, મુંબાઈ-૪; ૨-૮-૦).

નૃસિંહાવતાર: કવિતા, નિબંધ, ચરિત્ર, વિવેચન, ભાષાન્તર, સંશોધન, સંપાદન, એમ અનેક સાહિત્યક્ષેત્રોમાં સફળતાપૂર્વક વિહાર કરી શકતી, પંડિતયુગના અગ્રણી સાક્ષર અને ચિંતક શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદીની ચેતનવંતી લેખિનીએ નાટ્યપ્રકારને પણ કેવો ખેડી બતાવ્યો હતો તેનું ઉદાહરણ આપણને ડૉ. ધીરુભાઈ ઠાકર સંપાદિત તેમના આ ત્રિઅંકી નાટક પરથી મળી રહે છે. 'શ્રીમદ્ ભાગવત'ના સાતમા સ્કંધમાં અપાએલા 'પ્રહ્લાદપુરાણ'ને આધારે, તેમાં કલ્પના ભેળવીને તથા રંગભૂમિ અને લોકરુચિને લક્ષ્યમાં રાખીને લેખકે આ નાટકનું કરેલું આયોજન ભારેખમ બની જતું અટક્યું છે, તેમ તે તદ્દન હળવું પણ નથી બની જતું. સળંગસૂત્ર પ્રવાહિતા તેમજ ઔચિત્ય તેમાં જોડાજોડ જળવાઈ રહ્યાં છે. તેમ છતાં લેખકના સંસ્કૃતના બહોળા વાચન-પરિશીલન તેમજ પૌરાણિક વિષયને કારણે તેની શૈલી તો શુદ્ધ સંસ્કૃત જ રહી છે, અને તે રીતે આ નાટક ગુજરાતી નાટ્ય–સાહિત્યમાં વિશિષ્ટ પણ છે. મુખ્યત્વે ભક્તિરસાત્મક આ નાટકમાં વીર, અદ્ભુત, હાસ્ય, વાત્સલ્ય અને કરુણ રસની રોચક નિષ્પત્તિ થઈ છે. પોતે જેનો બોધ કરતાં કદી થાકયા નહોતા તે કર્તવ્યભાવનાને મણિલાલે આ નાટકના કેન્દ્રમાં સ્થાપી તેને રસાળ અને કલાત્મક સ્વરૂપ આપ્યું છે તેમજ જુદાજુદા સ્વભાવનાં પાત્રોનું માનસ-ચિત્રણ કરી શકવામાં તેમનું નાટ્યકાર તરીકેનું સામર્થ્ય પ્રકટ થાય છે. પક્વ નાટ્યલેખન-કલા, અપરિક્ષત રસપ્રવાહ અને કલાત્મક નાટ્યસ્વરૂપવંતા આ નાટક પરથી, 'પ્રવેશક'માં ડૉ. ધીરુભાઈ ઠાકરે કહ્યું છે તેમ, આપણને સહેજે લાગે છે કે 'નિબંધની માફક નાટ્યસ્વરૂપને ખેડવાનું તેમણે (મણિલાલે) જિંદગીભર જારી રાખ્યું હોત તો ગુજરાતી નાટક-સાહિત્ય તેમજ રંગભૂમિનું દારિદ્ર્ય ફેડવામાં તેમનો અગ્ર હિસ્સો નોંધાત.' (પ્રકાશક: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રોડ અમદાવાદ, રૂા. ૩-૮-૦.)

ગુલામોનો મુક્તિદાતા: નિષ્ફળતા, નિરાશા અને અન્યાય સામેના અવિરામ યુદ્ધ સમું અમેરિકાના પ્રમુખ અબ્રાહમ લિંકનનું જીવન ઊગતાને આશા-ઉત્સાહ, નિરાશ થએલાને આશ્વાસન-સમાધાન, મૂંઝાએલાને માર્ગદર્શન, વિકાસોન્મુખને પ્રેરણા, મહત્ત્વાકાંક્ષીને વિકાસ માટેનો ઉઘાડ, સિદ્ધાન્તવાદીઓને દૃઢ નિશ્ચયબળ અને માનવતાવાદીઓને અપરિચિત દૃષ્ટિવિકાસ બક્ષનારું છે. જગતની એક વિભૂતિસમા એ મહાનુભાવના જીવન વિષે પ્રાપ્ય અને અપ્રાપ્ય સામગ્રીઓને જહેમતપૂર્વક એકઠી કરી, લેખક શ્રી રમણલાલ શાહે ઊગતી પ્રજા તથા શાળાવાચનને માટે યોજેલા આ પુસ્તકની એ મર્યાદા સાચવીને તેને શક્ય તેટલું માહિતીસમૃદ્ધ બનાવ્યું છે અને સાદી છતાં સચોટ શૈલી દ્વારા વિષયને હૂબહૂ ઉઠાવ આપ્યો છે. એ જ ગુણ એનાં ચિત્રોમાં હોવો આવશ્યક હતો. ગુજરાતી ભાષામાં લિંકન વિષે સ્વતંત્ર અને વિસ્તૃત પુસ્તક તરીકે પણ આ પહેલું પ્રકાશન આવકારપાત્ર છે. (પ્રાપ્તિ-સ્થાન: ભારત પ્રકાશન, ૪૪ કલ્યાણ ભવન, રીલીફ રોડ, અમદાવાદ; રૂા. ૩-૮-૦)

કવિતા ૧૯૫૫: ઈ. ૧૯૫૫માં પ્રકાશિત કાવ્યસાહિત્યમાંથી જુદાજુદા ૩૯ કવિઓની કુલ ૭૬ કૃતિઓ ચૂંટીને આપણા નવોદિત કવિ શ્રી સુરેશ દલાલે આ પુસ્તકમાં સંગૃહીત કરી છે. સંપાદનકારે આ પહેલાં ૧૯૫૩ અને ૧૯૫૪નાં પણ આવાં જ બે કાવ્યસંપાદનો

આપ્યાં હતાં જે ઘણાં જ સફળ નીવડ્યાં હતાં. ગુજરાત સાહિત્યમાં નવો ને ઉપયોગી ચીલો પાડતું આ પ્રકાશન વિશિષ્ટ અને આવકારપાત્ર છે, કેમકે એ દ્વારા રસિક વાચકને વર્ષદરમ્યાનનું ગુર્જરગિરાનું કાવ્યનવનીત મળી રહે છે.(પ્રાપ્તિસ્થાન :એન.એમ. ત્રિપાઠી લિ., પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨; કિંમત રૂ. ૧-૦-૦.)

The World Almanac 1955 and Book of Fact: યુ. એસ. એ. (યુનાઇટેડ સ્ટેટ્સ ઑવ અમેરિકા) અને જગતના પ્રવાહો વિષયક ખગોળ, પંચાગ, વિજ્ઞાન, કલા, સાહિત્ય, રાજકારણ, કાયદાશાસ્ત્ર, રમતગમત, ધર્મ આદિ અનેકમુખી સર્વલક્ષી માહિતીઓના, મિ. હૅરી હાન્સેને કરેલા આ વિગત સમૃદ્ધ સંકલનમાં દુનિયાના દરેક દેશના રાજકીય અને રાષ્ટ્રીય ઇતિહાસને પણ લંબાણ અને વિગતથી સમાવી લઈ તેમણે પુસ્તકની ઉપયોગિતામાં ગણનાપાત્ર ઉમેરો કર્યો છે. 'વર્લ્ડ-ફૅક્ટ્સ'ના અતિ વિસ્તૃત વિભાગ દ્વારા જગતની જાણવાજોગ મહત્ત્વની બધી જ માહિતીઓ અહીં એકત્રિત કરાઈ છે. અમેરિકાની માહિતીઓ (જે ત્યાંનાં વર્તમાનપત્રો ને કૉલેજો લગીની વિગત-ઝીણે સ્વરૂપે અહીં અપાઇ છે તે)ને માટે તો આ પુસ્તક એક ઉત્તમ સંદર્ભગ્રંથ બની રહે છે. (United States Information Service, 'The International', 16 Queen's Rd., Bombay-1.

નવાં પુસ્તકો

આધ્યાત્મિક સમાજ : મહર્ષિ અરવિંદના મહત્ત્વના આધ્યાત્મિક ગ્રંથ 'ધ હ્યૂમન સાઇકલ'નાં ૭, ૨૨, ૨૩ ને ૨૪માં પ્રકરણોનો શ્રી સુન્દરમે કરેલો અનુવાદ, પ્રકાશક : શ્રી મૂળજીભાઈ તલાટી, શ્રી અરવિંદ કાર્યાલય, પૉંડિચેરી, ૧-૮-૦; **સાંઘિક રમતોના નિયમો (ગુચ્છ ૩જો)** : વૉલીબૉલ, સૉફ્ટ બૉલ, થ્રો બૉલ અને ગિલ્લીદંડાની રમતોનો વિસ્તૃત અને શાસ્ત્રીય પરિચય, પ્રકાશક : ગુજરાત વ્યાયામપ્રચારક મંડળ, રાજપીપળા, ૦-૧૨-૦; **કાયર** : શ્રી રાજેન્દ્ર શર્માની મનોવિશ્લેષણાત્મક હિંદી નવલનો અનુવાદ–કરનાર : શ્રી નટવરલાલ જાની, નીલકમલ પ્રકાશન ૬૪/૧ ગાંધીમાર્ગ, અમદાવાદ-૧, ૪-૦-૦; **સંસ્કારજ્યોત (ખંડ૧લો)** : માનવ-ઇતિહાસનું સંસ્કારરૂપ આલેખનાર, સર્વ સ્થલ-કાલ-પ્રકારના કલાકારોનાં શ્રી ચંદ્રભાઇ ભટ્ટની પ્રેરક ને જોમવંતી કલમે આલેખાએલાં જીવન ચરિત્રો, પુષ્કળ ફોટો-ચિત્રો સાથે, પ્રકાશક: ચેતન પ્રકાશનગૃહ લિ., ગોરેગાંવ મુંબાઈ, ૫-૮-૦; **જીવનનો જય** : શ્રી જશવંત ઠાકર લિખિત ત્રિઅંકી નાટક, પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રોડ, અમદાવાદ, ૧-૮-૦; **વન-મહેફિલ** : શ્રી ઉમિયાશંકર ઠાકરનાં મનહરછંદમાં લખાએલાં ૫૧ કાવ્યો, પ્રકાશક: શ્રી જગદીશ ઉમિયાશંકર ઠાકર, ગીતમંજરી કાર્યાલય, વ્હોરી ફળિયું, આણંદ, ૦-૧૨-૦; **શિવાનંદ કહે છે** : સ્વામી શિવાનંદજીનાં પ્રેરક બોધરત્નોના અંગ્રેજી સંગ્રહ So Says Sivanada પરથી ડૉ. ભાનુશંકર અધ્વર્યુએ કરેલો અનુવાદ, પ્રકાશક : દિવ્ય જીવન સંઘ, પાટણ-શાખા, પાટણ (ઉ. ગુ.), ૦-૮-૦; **ચિરંજીવ પ્રેમ** : જાતીય જીવન વિષે માર્ગદર્શન આપતા, ડૉ. મૅરી સ્ટોપ્સના જાણીતા અંગ્રેજી પુસ્તક 'એન્ડ્યોરિંગ પૅશન'નો અનુવાદ,-કરનાર; યશવંત દોશી, મમતા પ્રકાશન ગૃહ, નવા ડીસા (બનાસકાંઠા), ૩-૦-૦, **ગુંજન** : શ્રી કાન્તિભાઈ લવજીભાઇ કાલાણીની ચિંતન ને મનનની કણિકાઓ, પ્રકા. : મહાજન બુક ડીપો, સેન્ટ્રલ બૅંકની બાજુમાં, અમદાવાદ. **સ્વપ્ન કે સત્ય?** કૃષ્ણપ્રસાદ ભટ્ટ લિખિત જાસૂસી નવલ, પ્રકાશક: નવનીતલાલ પ. મદ્રાસી, રાયખડ રોડ, અમદાવાદ, ૩-૪-૦;

અખિલ ભારતીય સર્વ સેવા સંઘ (રાજઘાટ, કાશી)નાં હિંદી પ્રકાશનો

कार्यकर्ता-वर्ग : ભૂદાન-યાત્રિ-દલના કાર્યકર્તાઓના રોજ સાંજે મળતા વર્ગમાં પૂ. વિનોબાજીએ આપેલા ઉપદેશો, ૦-૮-૦; **संत विनोबा की आनंदयात्रा**: આગેવાન ભૂદાન-કાર્યકર શ્રી સુરેશ રામભાઈ કૃત વિનોબા ભાવેની બિહારની ભૂદાન-યાત્રાનું વિસ્તૃત ને પ્રેરક વર્ણન, ૧-૮-૦; **शिक्षण-विचार** : પૂ. વિનોબાજીના શિક્ષણવિષયક વિચારોનો સંગ્રહ, ૧-૪-૦; **सर्वोदय के आधार** : વિનોબાજીએ બિઝવાડામાં કરેલાં 'સર્વોદય' પરનાં ચાર પ્રાર્થનાપ્રવચન, ૦-૪-૦; **खाद और पेड़-पौधों का पोषण** : ખેતીવાડીના અભ્યાસી લેખક મથુરાદાસ પુરુષોત્તમદાસનું ખાતર અને વૃક્ષ-છોડોના પોષણ વિષે ઉપયોગી પુસ્તક, ૧-૦-૦; **एक बनो और नेक बनो** : પૂ. વિનોબા ભાવેનો સરળ પ્રેરક ઉદ્બોધ, ૦-૨-૦; **गाँव के लिये आरोग्ययोजना** : ગ્રામ આરોગ્યની પૂ. વિનોબાજીએ આપેલી સહેલી ભાષામાં સમજણ, ૦-૨-૦; **सुन्दरपुर की पाठशाला का घंटा** : લેખક શ્રી જુગતરામ દવે, તેમના સાથીઓ ને વિદ્યાર્થીઓએ વેડછી આશ્રમમાં શિક્ષણની દૃષ્ટિએ કરેલ સફાઈ-કામના પ્રતિબિંબ રૂપ પુસ્તિકા, ગુજરાતી પરથી અનુવાદક: કાશીનાથ ત્રિવેદી, ૦-૧૨-૦.





The Vidusaka: Theory and Practice: સંસ્કૃત સાહિત્યમાં વિદૂષકનાં સ્થાન અને કામગીરી બાબત શ્રી જે. ટી. પરીખે લખેલું અંગ્રેજી પુસ્તક, ૧-૦-૦; Anyoktistabaka: વંશીધર મિશ્રના સંસ્કૃત 'અન્યોક્તિસ્તબક'નું મૂળ સાથે અંગ્રેજી ભાષાન્તર અને સ્ફોટક સમજણ, લેખકો: જે. ટી. પરીખ અને આર. જી. અસ્તિ, ૨-૦-૦; બંનેના પ્રકાશક: જે. ટી. પરીખ, મંત્રી, ચુનીલાલ ગાંધી વિદ્યાભવન, સાર્વજનિક એડ્યુકેશન સોસાએટી, સૂરત; **મસ્તીની પળોમાં:** યુવાન ગઝલકાર શ્રી રતિલાલ અનિલનાં ફારસી શૈલીનાં મુક્તકો, પ્રકાશક: રૂપાયતન મુદ્રણાલય, જૂનાગઢ, ૦-૧૨-૦, હાથકાગળની આવૃત્તિના ૧-૦-૦; **અચ્યુતપુરનો પંથ:** સાકાર ભક્તિભાવનું, સળંગ ખંડ અનુષ્ટુપમાં આલેખન કરતી કવિ 'મોહિનીચન્દ્ર'ની પુસ્તિકા, પ્રકાશક: એમ. એમ. ખંભાતવાળા, ઠે. આકાશેઠ કૂવાની પોળ, રાયપુર, અમદાવાદ, ૦-૮-૦; **બાળકોના રોગો: કારણો ને ઉપચાર** વિષે વૈદ્ય પ્રાગજી મોહનજી રાઠોડ 'ચિકિત્સક'નું ઉપયોગી પુસ્તક, પ્રકાશક: ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્ક્સ લિમિટેડ, ગોખલે રોડ (પશ્ચિમ), મુંબાઈ-૨૮, ૦-૪-૦.

આ માસ (મે) ઈતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

દિનવિશેષ

તા. ૪ 'મ્હૈસૂરનો વાઘ' ગણાતો ટિપુ સુલતાન શ્રીરંગપટ્ટણના યુદ્ધમાં લડતાં મરાયો, ૧૭૯૯.

તા. ૬ વિશ્વવિખ્યાત કેળવણીસંસ્થા 'વિશ્વભારતી'ની રવીન્દ્રનાથ ઠાકુરે સ્થાપના કરી, ૧૭૨૨.

તા. ૧૧ દિલ્હીનો કબજો લઈ બળવાખોરોએ બહાદુરશાહને શહેનશાહ જાહેર કર્યો, ૧૮૫૭.

તા. ૧૪ 'સાપેક્ષવાદ'ના શોધક માનવતાવાદી મહાન વિજ્ઞાની આઈન્સ્ટાઇનનો જન્મ, ૧૮૩૧.

તા. ૧૭ મહાદજીની સહાયથી અંગ્રેજોએ મરાઠા સાથે સાલબાઈ મુકામે સંધિ કરી, ૧૭૮૨.

તા. ૨૪ બંગાળના નવાબ સિરાજુદ્દૌલાએ અંગ્રેજોની કાસિમબજારની કોઠી જીતીલીધી, ૧૭૫૬.

તા. ૨૭ રશિયામાં યુરોપીય સભ્યતા દાખલ કરનાર પીટરે પીટર્સબર્ગ શહેર વસાવ્યું, ૧૭૦૩.

તા. ૨૯ ઑલિવર ક્રૉમવેલના મરણ બાદ ઇંગ્લંડમાં રાજાશાહીની પુનઃસ્થાપના થઇ, ૧૮૧૮.

વ્યક્તિવિશેષ :

સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસ



ભારતના નાણાંકીય અને આર્થિક તંત્રને સંગીન કરવામાં રચનાત્મક ફાળો આપનાર નીતિનિષ્ઠ વ્યાપારી, નીડર દેશહિતૈષી, પીઢ રાજપુરુષ અને અભિજાત મહાનુભાવ સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસનો જન્મ વિદ્યાસંસ્કારિત કુળમાં ઈ.૧૮૭૯ની ૩૦મી મે (સં.૧૯૩૫ના જેઠ સુદ ૯મી)એ સુરતમાં થયો હતો. શિશુકાળ દરમ્યાન પિતાનું અને બાદ માતા દિવાળીબેનનું અવસાન થતાં તેઓ કાકા વ્રજભૂખણદાસની હૂંફે ઊછર્યા.

ધંધાદારી જીવનની શરૂઆત તેમણે રૂનો ધંધો કરતી કાકાની નારણદાસ રાજારામની પેઢીમાં ઉમેદવાર તરીકે જોડાઇને કરી.છ વર્ષમાં તેઓ પેઢીના ભાગીદાર બન્યા. પેઢીનો વેપાર તેમણે આધુનિક ધોરણે કંપાલા-જિંજા સુધી વિકસાવ્યો.હાલ તેઓ આ પેઢીના ચૅરમૅન છે. બિનયુરોપિયનોને ત્યારે મુંબાઇના કૉટન-બોર્ડમાં પ્રવેશ ન હતો. પરંતુ પોતાનાં કુનેહ ને પ્રામાણિકતાએ કરીને તેઓ તેના સભ્ય, અને પછી તો પ્રમુખ પણ બન્યા.બાદ તેમના નેતૃત્વ નીચે તે બોર્ડનું વિસર્જન થયું અને ઈ. ૧૯૨૨માં હિંદી વેપારીઓના સહકારથી ઈસ્ટ ઇંડિયા કૉટન એસોસીએશનની સ્થાપના કરીને તેઓ તેના પ્રમુખ(જે પદ દાયકાઓ સુધી સંભાળી હમણાં તાજેતરમાં જ તેમણે મતભેદને કારણે રાજીનામું આપ્યું છે.) ચૂંટાયા. વળી ઇંડિયન કૉટન કમિટીના તેઓ ઉપપ્રમુખ પણ હતા. આમ હિંદના રૂબજારના તેઓ પિતા છે.

આ સદીના બીજા દાયકામાં ગુજરાતમાં ઊભી થએલી દુષ્કાળની પરિસ્થિતિના નિવારણ માટેની સર વિલિયમ આર્મસ્ટ્રૉંગના પ્રમુખપદે નિમાએલી સમિતિના તેઓ મંત્રી હતા.ઈ.૧૯૧૯-૨૦માં બધી વસ્તુઓના ભાવ ખૂબ જ વધી ગએલા ત્યારે એક ફંડ ઊભું કરી લત્તેલત્તે સસ્તા અનાજની દુકાનો ખોલી તેના મંત્રી તથા ખજાનચી તરીકે ઉમદા કામગીરી બજાવી,જેની કદર રૂપે સરકારે એમને ઈ.૧૯૧૯-૨૦માં મુંબાઈના 'શેરીફ' નીમ્યા.ઈ.૧૯૧૫-૧૮માં તેમણે મુંબાઈના ધારાસભ્ય તરીકે પ્રશસ્ય કામગીરી બજાવી. ઈ. ૧૯૨૦-૨૧માં ઇંડિયન રેલવેઝની વહીવટી સુધારણા કમિટીના અને ઈ. ૧૯૨૨-૨૩માં કાઉન્સિલ ઑવ સ્ટેટના તેઓ સભ્ય નિમાયા. આ જ અરસામાં સરકારી ખર્ચમાં કાપકૂપ કરવા માટે મધ્યસ્થ સરકાર તરફથી નિમાએલી સમિતિના તેઓ સભ્ય હતા,અને તેમનાં સચોટ તથા વ્યવહારુ આર્થિક સૂચનોએ સરકારના ખર્ચમાં ૨૦ કરોડ રૂપિયાનો બચાવ કરી આપ્યો. ઇ. ૧૯૨૪-૩૦ દરમ્યાન તેઓ હિંદી વેપારી મંડળના સભ્ય તરીકે ચૂંટાઇને મધ્યસ્થ ધારાસભામાં ગયા, અને તુરત જ રૂપિયાનો હૂંડિયામણનો દર ૧૮નો ૧૬ પેન્સ કરવાનું બિલ પેશ કરીને સરકારી શોષણનીતિ સામે પોકાર ઉઠાવ્યો. ઈ.૧૯૩૦માં મધ્યસ્થ સરકારે નીમેલી 'સેન્ટ્રલ બૅન્કિંગ ઇન્ક્વાયરી કમિટી'ના તેઓ ઉપ-પ્રમુખ નિમાયા, જેનો રિપોર્ટ બૅંકિંગના ક્ષેત્રમાં સીમાચિહ્ન રૂપ છે. ઇ.૧૯૩૧ની ગોળમેજી પરિષદમાં હિંદી વ્યાપારી પ્રતિનિધિ તરીકે તેઓ શ્રી ઘનશ્યામદાસ બિરલા સાથે ગયા હતા.

ઇ. ૧૯૩૫માં રીઝર્વ બૅન્ક સ્થપાઈ ત્યારથી તેઓ તેના માનનીય સભ્ય રહ્યા છે. ઇ.૧૯૩૬માં ઇંડો-બ્રિટિશ વ્યાપારી કરારની વાટાઘાટોમાં તેઓ બિન-અધિકારી સલાહકાર હતા. ઈ.૧૯૩૭માં મુંબાઈ સરકારે નીમેલી 'બૉમ્બે ઈકૉનૉમિકઈન્ક્વાયરીકમિટી'ના તેઓ પ્રમુખ હતા. યુદ્ધજનિત અનાજ વિષયક વિષમ પરિસ્થિતિ વેળાએ ઈ.૧૯૪૩-૪૪માં તેમણે 'બૉમ્બે ફુડ-કાઉન્સિલ'ના સભ્ય તરીકે અનેકવિધ સેવાઓ બજાવેલી. પરદેશી શાસન દરમ્યાન આપણા દેશના સોનાના રક્ષણ માટે, તેમજ સ્ટર્લિંગ અસ્કયામતો કશા પણ નુકસાન વિના હિંદને ભરપાઈ થાય એ માટે થએલા પ્રયાસોમાં એમનો ફાળો વિપુલ ને નિશ્ચયાત્મક હતો.

પોતાની પેઢીના સંચાલન સાથોસાથ તેઓ લગભગ ૭૦ કંપનીઓમાં ડિરેક્ટર તરીકે સેવાઓ આપે છે, કેટલીકના તેઓ ચૅરમૅન પણ છે. તેમણે સામાજિક ને ધાર્મિક ક્ષેત્રમાં ગણનાપાત્ર સેવાઓ આપી છે. ઈ. ૧૯૨૮-૨૯માં દુષ્કાળની પરિસ્થિતિ ઊભી થતાં 'ગુજરાત રાહત ફંડ'ના પ્રમુખ તરીકે એમણે અમૂલ્ય સેવાઓ આપી હતી.સુરતમાંનું તેમનું 'ઠાકોરબાગ' નામનું મકાન પ્રસૂતિગૃહ માટે હિંદુ ચૅરિટી ફંડને તેમણે આપ્યું છે. વનિતાવિશ્રામના પ્રમુખ તરીકે તેમણે હિંદુ સ્ત્રીસમાજની ઉન્નતિ માટે ઘણું કાર્ય કર્યું છે. આ ઉપરાંત તેમણે ઍક્મી ટ્રીટમેન્ટ ક્લીનિકમાં ક્ષય માટે રૂ.૮૦,૦૦૦ની સખાવત કરી છે.

સ્વાભાવિક ખાનદાની, કરુણા, ઉદારતા, ક્ષમાવીરતા, નમ્રતા, સત્યનિષ્ઠા, સહૃદય માનવતા અને ઊંડી ઈશ્વરભક્તિ પ્રેર્યા હિંદના પ્રથમ પંક્તિના આ મહારથી આજે ૭૭ વર્ષની જૈફ વયે પણ કહે છે : 'શરીર કામ આપે ત્યાં સુધી મારે યે સેવાઓ આપ્યા વિના ન ચાલે.'

પ્રસંગવિશેષ : નેપોલિયનનું સેન્ટ હેલીના મુકામે અવસાન, ૬મી મે ૧૮૨૧

નેપોલિયને યુરોપમાં જાગ્રત કરેલી રાષ્ટ્રીયતાની ભાવનાએ દરિયાઈ સત્તા સાથે મળીને નેપોલિયનનો પોતાનો અંત આણ્યો. વૉટરલૂના યુદ્ધમાં હાર પામીને તેણે અંગ્રેજોને પોતાની જાત સોંપી દીધી. આટલાન્ટિક મહાસાગરની દક્ષિણે આવેલા નિર્જન સેન્ટ હેલીના ટાપુમાં એક અત્યંત ગંદા ઘરમાં તેને રાખવામાં આવ્યો, જ્યાં અત્યંત માનહાનિપૂર્વકનો વ્યવહાર તે ટાપુનો અંગ્રેજ ગવર્નર તેની સાથે રાખતો. પોતાના નાનકડા પુત્ર સાથે પત્રવ્યવહાર કરવાની છૂટ પણ તેને ન હતી. અહીં ઈ. ૧૮૨૧ની ૬મી મેએ તે મરણ પામ્યો. યુદ્ધની નશ્વરતાની અને આત્મબળની મહત્તાની પ્રતીતિ તેને અહીંથી થઈ. વસિયતનામામાં તે તેના નાના પુત્ર માટે સંદેશો મૂકતો ગયો; 'હવે લોકોને બુદ્ધિથી સમજાવીને કામ લેવાનો સમય આવ્યો છે.' પછી સત્તા પર આવેલા બુર્બોવંશી અમલથી કંટાળીને ફ્રાન્સે નવ વરસમાં તેમને ઉથલાવી પાડયા.

તન ખોટાં, હૈયાં ખુટલ, ધરવ ન કશી યે વાત,
એ કળજુગની જાત, શાણા સમજે સાનમાં.
'શેષ'


શાહજી રાજાની પૂનાની જાગીરનું કારભારું સાચવનારને બાળપણમાં શિવાજી મહારાજનું ચારિત્ર્યગઠન કરનાર દાદાજી કોંડદેવ અત્યંત નીતિનિષ્ઠ બ્રાહ્મણ હતા. એક વખત રાજાના બાગમાં એક સરસ ફળ પર નજર ઠરતાં તે તોડયું, પણ તરત ભાન થયું કે આ તો મેં માલિકને ત્યાં ચોરી કરી; અને પોતાનો એ હાથ કાપવા તૈયાર થયા. અંતે જીજીબાઇને ખબર પડતાં તેમણે વચ્ચે પડીને વાર્યા ને હાથને બદલે અંગરખાની અરધી બાંય કાપવાનું ઠર્યું. સ્વામીનિષ્ઠ દાદાજીની એ બાંય તે પછી જીવનભર અરધી જ રહી. (૨૫)

અનેકાર્થી શબ્દ : **ખોળ**=ખોજ; ગાદલાંગોદડાંને ચડાવવાનું પડ, ખોળિયું; તેલીબિયાંને પીલતાં બાકી રહેતો કૂચો; ગુપ્તચર; પોલાણ કે કરચલી; ચામડી પરનું લાલ પડ; ભેંસનાં શીંગડાંનો અણીવાળો નાનો ભાગ; પગરખાં ખોલવાનું મોચીનું એક ઓજાર; ગરીબ લોકોના કૂબા પરનું ઢાંકણ; એક જાતનું મદ્રાસી હસ્તવાજિંત્ર.

કહેવતોના અર્થ: 'શીંગડે ખાંડો ને પૂંછડે બાંડો'–કોઈ પણ વાતથી ન બંધાતાં બહાના કાઢનાર તથા સાચોજૂઠો બચાવ કરી છટકી જનાર માણસની નફ્ફટાઈ દર્શાવવા વપરાતી આ કહેવતમાં એવા બળદનું રૂપક યોજ્યું છે કે જેને પકડવા માટે શીંગડું ઝાલવા જતાં ખાંડો ને પૂંછડેથી પકડવા જતાં બાંડો નીકળે.

ક્રમવાર આવતી ગમે તે ત્રણ સંખ્યા લો. તેમાંના પહેલા ને છેલ્લાના ગુણાકાર કરતાં વચલાનો વર્ગ હમેશાં મોટો હશે. દા. ત. ૫, ૬ ને ૭; તેમાં ૫×૭=૩૫ કરતાં $૬^{૨}$=૩૬ મોટો. ૧૧, ૧૨, ૧૩માં ૧૧×૧૩=૧૪૩ કરતાં $૧૨^{૨}$=૧૪૪ મોટો (૨૫)

◘ શહેનશાહ નેપોલિયન જન્મ્યો, પરણ્યો, જીત્યો ને મૃત્યુ પામ્યો–બધું શુક્રવારે જ. ◘ આખી દુનિયામાં સૌથી મોટું ચિત્ર પારીસમાં છે. તેનું નામ છે 'નંદનવન' ને કદ ૮૪×૩૫ ફૂટ છે. ◘ સૌથી ઊંચા ઑસ્ટ્રેલિયનો ને સૌથી નીચા આફ્રિકાના નેગ્રીલો છે. ◘ બિલાડીને ૨૦ દાંત હોય છે, કૂતરાને ૪૨. (ગજેન્દ્ર વ્યાસ)



નાનાં બાળકોના સળિયાના ઘોડિયાના ઉપલે સળિયે સહેજસાજ ભીનો ટુવાલ મૂકવાથી ઉનાળામાં પંખાની માફક ઠંડો પવન વાઈને બાળકને આરામથી ઊંઘાડશે, ઉપરાંત માખી વગેરે જંતુઓ દૂર રહેશે. (નવીનમ્)



ઇ. ૧૭૬૧ના પાણીપતના યુદ્ધમાં અહમદશાહ દુરાનીની સામેના સંયુક્ત મોરચામાં મરાઠાઓ સાથે જોડાએલા રાજાઓમાં ભરતપુરનો રાજા સૂરજમલ પણ મુખ્ય હતો પોતાના ૨૦,૦૦૦ કસાએલા જાટ સૈનિકો એ લાવેલો. યુદ્ધની પરિસ્થિતિનો રંગ જોઇ એણે સરસેનાધિપતિ સદાશિવરાવ ભાઉને મરાઠાઓની અસલ 'ગેરિલા' પદ્ધતિ મુજબ છૂટક હુમલા કરવાની સલાહ આપી, પણ પોતાના લશ્કરની તાલિમ અને પોતાના સાધનો પર મુસ્તાક ભાઉએ મદમાં તેને અવગણી. વળી અવધના નવાબ સુજા ઉ દૌલાની તટસ્થતા રાખવાની ચિકાશ વગેરે જોઇ યુદ્ધમાં વિજય મેળવવાની સૂરજમલને કોઇ આશા દેખાઇ નહિ એટલે પોતાના સૈન્ય સાથે એ પાછો ચાલ્યો ગયો. જાન્યુઆરીની ૧૩મીએ યુદ્ધ શરૂ થયું અને સાંજ થતાંમાં તો અફઘાન સૈન્યે હિંદુઓનો ઘાણ બોલાવી તેમની હાર નિશ્ચિત કરી દીધી. હિંદુઓ આખરે નાસી છૂટ્યા ને હાર્યા.




આ પ્રમાણે ચાર સરખા ભાગ થાય.

આ જમીનને ચાર એક-સરખા હિસ્સામાં વહેંચી શકશો? જવાબ નીચે.



ભૂચર પ્રાણીઓમાં 'કાચબો' કદાચ સૌથી વધારે જીવે છે. લગભગ ૩૦૦ થી ૪૦૦ વર્ષ.




પૃથ્વી પર વધુમાં વધુ ગરમ હવામાન વાયવ્ય લિબિયામાં નોંધાયું છે. ૧૩૬·૪° ફેરનહાઇટ (૫૮ સેન્ટીગ્રેડ).

સિફંક્સ મોથ



બ્રાઝિલના આ ફુદાને પોતાના શરીર કરતાં ચારગણું લાંબું નાક હોય છે.

ઇ. ૭૯માં પોમ્પીઆઇનો નાશ કર્યા પછી વિસુવીઅસ ૫૦ વાર ફાટ્યો છે.




◘ દુશ્મનો આપણને છેતરે અથવા મિત્રો આપણને દગો દે ત્યારે આપણે લોરિંગ નાગની જેમ છંછેડાઈ પડીએ છીએ. પરંતુ આપણી પોતાની જાત વારંવાર આપણી સાથે તે જ રીતે વર્તે છે ત્યારે આપણા પેટનું પાણી યે હાલતું નથી!

સખત લાકડામાં સ્ક્રૂ પેસતો ન હોય તો તેલમાં બોળીને બેસાડજો. પોચા લાકડામાં સ્ક્રૂને સજ્જડ રાખવા માટે તેને સરેસમાં બોળીને પછી બેસાડવો.



પેલેસ્ટાઇનના મૃત સરોવરમાં ક્ષારનું પ્રમાણ અતિ વધુ શાથી છે, જાણો છો? રોજ ૬,૦૦,૦૦૦ -છ લાખ ટનને હિસાબે તેમાં જે ખારું પાણી સતત ઠલવાયા કરે છે તેને માટે બાષ્પીભવન સિવાય નિકાસનો બીજો કોઇ માર્ગ ન હોઇ તેનો ખાર બધો અહીં સંઘરાતો રહે છે તેથી.



તમે કહી શકશો? એ બંને સરખી જ પહોળી છે.



૧ થી ૬૫ સુધીની માત્ર એકી સંખ્યાઓ વડે જ કરાએલી આ ગણિતગમ્મતમાં એક હારમાં આવેલી દરેક સંખ્યાનો સરવાળો ૧૬૫ થાય છે એટલું જ નહિ, પણ વચલા ૩૩ને પાંચ વખત લેતાં પણ એ જ સરવાળો આવશે.

એક રતલ મધ મેળવવા મધમાખીને પૃથ્વીની બે વખત પ્રદક્ષિણા થઈ રહે તેટલું અંતર ઊડવું પડે છે.





ઉપર: એક અભિનવ ધાતુશિલ્પ (શ્રી બાપુભાઇ મોદીના સંગ્રહમાંથી) ફોટો: મહેન્દ્ર જી. મહેતા; નીચે: પ્રભાતસ્નાન: ફોટો: ઈબ્રાહીમ ડી. પટેલ. આ બંને ચિત્રોના વર્ણન વિષે આ અંકમાં અન્યત્ર જુઓ.









ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

પહેલું ઇનામ : 'હૂંફ'–ગિરીન્ મોદી, અમદાવાદ;બીજું ઇનામ: 'ચલો સંગ ચલેં હમ'–હસનઅલી મર્ચન્ટ, મહુવા; ત્રીજું ઇનામ : 'સ્મિત'–એસ. ઝવેરી, બેંગલોર;નોંધપાત્ર : (૧)'અસ્થિ'–જયન્ત કણઝારિયા, જામનગર; (૨)'ગર-માવો'–ગિરીન્ મોદી અમદાવાદ; (૩) 'પ્રતિબિંબ'–ભાનુ પટેલ, અમદાવાદ; (૪) 'સીરીન'–ગિરીશ ત્રિવેદી, અમદાવાદ.

દુનિયામાં જેમ ગતિનું ધોરણ વધતું જાય છે અને ઝડપી ગતિને મહત્ત્વ વધતું જાય છે તેમ ફોટોકલાકારે પણ ચિત્ર ઝડપી લેવામાં કુદરતના ક્ષણે-ક્ષણ બદલાતા રંગો,વ્યક્તિના ચહેરા ઉપરક્ષણભર માટે આવી જતા નાનાવિધભાવો કે વિરલ લાગતું અમુક એક દૃશ્ય કૅમેરામાં ઉતારી લેવામાં તાત્કાલિક નિર્ણય લેવો પડે છે. એવી ક્ષણો વારંવાર આવતી નથી અને મળી આવે ત્યારે લાંબો વખત ટકતી પણ નથી. એટલે કલાકાર માટે એ એક અમૂલ્ય વસ્તુ છે.

શ્રી ગિરીન્ મોદીએ આવી એક પળને પકડી લીધી છે. એમનો દૃષ્ટિકોણ પણ સાચો છે, ને જો ચિત્રની રચના વિચારપૂર્વક થઇ હોય તો અભિનંદનીય છે. એકબીજાની હૂંફમાં રાચતી બે બહેનો કોઇ ગોષ્ઠિનો આનંદ માણી રહી છે. ચિત્રરચનાના પાંચ મુખ્ય મુદ્દાઓ(જેવા કે વસ્તુ-ગૂંથણી, દૃષ્ટિકોણ, પ્રકાશ, વેતરણ ને છાપ)નો આ 'હૂંફ'માં સમન્વય થયો છે. વસ્તુગૂંથણી ઊભા ત્રિકોણ આકારની બની છે, જેને અંગ્રેજીમાં 'પિરામિડલ ફૉર્મ' કહે છે. આ પ્રકારની રચના ચિત્રમાં સ્થિરતા અને ઘનતા લાવે છે. દૃષ્ટિકોણ પણ ચિત્ર-વસ્તુને અનુ-રૂપ છે. કૅમેરાને જરા ઊંચો કે નીચો, અગર જમણી કે ડાબી બાજુ કરવા જતાં ચિત્ર નબળું બનત. છાયા-પ્રકાશની વહેંચણી સુયોગ્ય છે, જોકે ચિત્ર-વેતરણ થોડી ખામીવાળી છે.ચિત્રને ડાબી બાજુએ થાંભલી આગળથી ને જમ-ણી બાજુએ પાત્રોની છાયાની કિનાર આગળથી કાપવાથી (અનુ. પૃ. ૧૯૬મે)